

ભેદી ભોંયરૂં.

(ચક્રયંત્ર વાળું)

અદ્‌ભૂતરસીલી વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.
ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૩ જી] સને ૧૯૨૯ [પ્રત ૪૦૦૦

ધી "સૂર્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ મુળચંદભાઈ ત્રીકમલાલે છાપી. ઠે. પીરમશા રોડ—અમદાવાદ.

કિં. ૮ આના.

ભેદી ભોંયરૂં.

પ્રકરણ ૧ લું,

ચક્રયંત્રવાળું ભોંયરૂં.

રાજકન્યા ચંદ્રપ્રભામાં જણાવ્યા પ્રમાણે તે શ્વેતા સ્ત્રીએ દીવો હાથમાં લીધો અને અલકકુમારી તેની પાછળ પાછળ ચાલવા લાગી. તેણે તે ઓરડીના ખુણામાંનું એક દ્વાર ઉઘાડ્યું અને ત્યાંથી તે બહાર નીકળી. પછી ત્યાં એક દાદર આવ્યો, તે વડે તે બન્ને જણીએ નીચે ઉતરવા લાગી.

દાદર પૂરેપૂરો ઉતરી જતા એક નાનો રસ્તો આવ્યો તે તદ્દન અંધારાવાળો હતો. જે કિલ્લા સંબંધે લોકોમાં વારંવાર વિલક્ષણ અફ-વાએ ચાલતી હતી, તે જ કિલ્લામાં પોતે ફરી રહી છે અને જે સ્ત્રી સંબંધે પોતાને કશી ખબર નથી, જે જીવતી છે કે પિશાચ છે તે સંબંધી પણ સ્પષ્ટ રીતે કશી માહિતી નથી, તેના ઉપર વિશ્વાસ રાખીને પોતે આ ભયંકર માર્ગે જઇ રહી છે, એવા વિચારો આવ-વાથી અલકના મનની સ્થિતિ કેવી થઈ હશે, તે વિષેની કલ્પના વાચકે જ કરી લેવી.

આ પ્રકારના અનેક વિચારોમાં તેનું મન ગુંચવાઇ ગયું હતું, એટલામાં તે બન્ને જણ એક દ્વાર પાસે આવી પહોચ્યાં. ત્યાં વહેતા

પાણીનો ખળખળ ધ્વનિ તેને કાને પડ્યો. તે બાઇએ ગુપ્ત કળ દાબીને એક બારણું ઉઘાડ્યું, તેમાં થઇને બન્ને જણીઓ એક ઓરડામાં પેઠી. દીવાના મંદ પ્રકાશમાં કાંઇક વિલક્ષણ પદાર્થ નજરે પડવાથી અલક-કુમારી અચકાઇને ઊભી રહી. ત્યાં આવવાથી અલકને ભય લાગશે એમ તે સ્ત્રી જાણતી હતી, તોંપણ તે સિવાય બીજો કોઇ રસ્તો નહિ હોવાથી ત્યાં જ તેને લાવવાની જરૂર પડી હતી. જો બહાર નીકળવાને બીજો કોઇ રસ્તો હોત, તો તે તેને અહીં લાવત નહિ.

આ સ્થળે એક નાના ઓરડામાં ચાર થાંભલા ઊભા કરીને તેની વચમાં પ્રત્યેક હારમાં ત્રણ ત્રણ એવી રીતે છ ચક્રો ગોઠવેલાં હતાં. તે ચક્રોને તીક્ષ્ણ ભાલાનાં ફળાં એવી રીતે ગોઠવેલાં હતાં કે ચક્રો ફરવા લાગતાં જ એ ફળાં પાસે પાસે આવીને તેની કાતર બની તેની વચ્ચે આવેલા પદાર્થના ટુકડે ટુકડા ઉડાવી દે! એ ચક્રોને ગતિ આપવા માટે તેના વચ્ચેના દાંડા-ધરાને મોટી દોરીઓ વીંટાળેલી હતી અને તે દોરીઓને છેડે મોટાં વજનો લગાડવાની વ્યવસ્થા કરવામાં આવેલી હતી.

આ યત્રની ઉપરની બાજુએ એક મોટો ગભારો-ઘુમ્મટ આવી રહેલો હતો તેમાં પણ એવાજ પ્રકારની યત્ર રચના કરેલી હતી; અને યંત્રની નીચેની બાજુએ પાણીનો પ્રવાહ ખળખળ વહી રહ્યો હતો. આ ભયંકર યંત્ર જોઇને અલકકુમારી તદ્દન ગભરાઇ ગઇ. કાંઇ પણ ભયંકર કૃત્ય કરવાને માટે આ યંત્રરચના કરવામાં આવી હોવી જોઇએ એવું તેને લાગ્યું, પરન્તુ તે કૃત્ય કયું હશે, કેટલું ભીષણ હશે, તેની બરાબર કલ્પના તેના મનમાં આવવી શકય નહોતી

તે સ્ત્રી બોલી: "અલક ! આ સ્થળે તને લાવવાની મને જરૂર પડી તે માટે મને ક્ષમા કરજે. મનુષ્ય પ્રાણી કોઈ કોઈ વાર રાક્ષસ

કરતા પણ વધારે ભયંકર કૃત્યો કરવામાં પ્રવૃત્ત થાય છે અને પોતાના તે કૃત્યો સાધવાને માટે આવા પ્રકારની ગોઠવણો કરે છે! રાક્ષસી સ્વભાવનાં મનુષ્યોની આ કૃતિનાં તને દર્શન થયાં, એટલું અત્યારે તો બસ છે. એ કરતાં વધારે કશું તારા જાણવામાં ન આવે તો વધારે સારૂં!'

અલક બોલી: "બાઇ! આ યંત્ર ઉપર આ લોહીના ડાઘ પડેલા છે, તે ઉપરથી તેનો ઉપયોગ કેવો થતો હશે, તે વિષે કલ્પના કરવાનું કાંઇ બહુ મુશ્કેલ નથી. જાણે કે આ યંત્રમાં એકાદ પ્રાણી સપડાયું હોય અને તેને થતી વેદનાથી તે બૂમો પાડી રહ્યું હોય અને આ યંત્રનો ધડધડાટ ચાલુ થઇને તે જોરથી ફરી રહ્યું હોય, એવું જ ભયાનક દૃશ્ય અત્યારે હું મારી આંખે જોઇ રહી હોઉં એવું મને લાગે છે!'

"અલક! મારી વ્હાલી અલક! તું શાન્ત થા!" તે સ્ત્રી આગળ બોલી: "આ સંબંધે તું એક શબ્દ પણ કોઇને મ્હોંએ બોલતી નહિ. વળી હું તને વિશેષ એવું કહું છું કે તેં અહીં જે સઘળો પ્રકાર જોયો છે—એટલે કે કાલિકાની મૂર્તિ, આ યંત્ર, આ ભોંયરૂં-ને વિષે કોઇ ને પણ તારે કશું કહેવું નહિ. તેં હમણાં જે સોગંદ લીધા છે તે આ પ્રકાર ગુપ્ત રાખવા માટે પણ લીધા છે, એવું સમજજે!"

"બાઇ! એ માટે તમે નિશ્ચિંત રહેજો." અલક બોલી: "તમે મારા પર જે અનંત ઉપકારો કર્યા છે. બલ્કે મારા મનમાં તમારે માટે જે પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ છે, તે જ એટલી ઉત્કટ છે કે હું તમારી મરજીની વિરૂદ્ધ ચાલું એ હવે બિલકુલ અશક્ય છે."

"તારા શબ્દો સાંભળીને મારા મનનું સમાધાન થયુ છે. તારા પર મને એટલું હેત આવે છે કે જાણે તું મારી પુત્રી હોય." તે સ્ત્રી એટલું બોલીને જરા અચકાઈ તેણે એક છૂપો નિશ્વાસ નાખ્યો. તેનું વદન વધારે ગંભીર બન્યું. તે અલકની વધારે નજીક જઇને બોલી: ' આ ભોંયરામાંનો ભયંકર પ્રકાર જોઇને કદાચ તારા મનમાં શંકા આવે અને તારૂં મન બદલાઇ જાય, એવુ મને લાગ્યુ અને તેથી મેં તને ફરીથી આટલું કહ્યુ, તે માટે મને ક્ષમા કરજે, બ્હેન !"

એમ કહીને વળતો જવાબ મેળવવાની ઇચ્છા રાખ્યા વિના તે સ્ત્રી આગળ ચાલવા લાગી. તે બન્ને જણીઓ ત્યાંથી બહાર નીકળી જતા જ તે ઓરડો તેમણે બંધ કર્યો. પછી બન્ને જણીઓ એક ખુલ્લી જગ્યામા દાખલ થઇ. એ સ્થળે કેટલીક સમાધિઓની દહેરીઓ બાંધેલી જોવામાં આવતી હતી, તે ઉપરથી તે સ્મશાનભૂમિ જેવુ સ્થળ જણાતું હતું અને તેથી ભય ઉત્પન્ન થવાનો પણ સંભવ રહેતો હતો.

"અહીં આવેલી સઘળી સમાધિઓ શ્યામગઢના રાજવંશમાં મરણ પામેલાં મનુષ્યોનાં અસ્થી માટે બાંધવામાં આવેલો છે.' એમ કહીને તે શ્વેતવસ્ત્રધારિણી સ્ત્રી એક સમાધિ તરફ જરા દૃષ્ટિ ટકાવીને પછી આગળ ચાલી. તે જ સમાધિ તરફ અલકકુમારીનું લક્ષ પણ ખેંચાયું. તે ઉપર નીચે પ્રમાણે લેખ પત્થરમાં કોતરેલો હતો:—

આ સ્થળે.

સૌ૦ સુલક્ષબાઇ

તે શ્યામગઢના અધિપતિ ભભૂતમલનાં

ધર્મપત્નીનાં.

અસ્થી રાખ્યા છે.

આ બાઇ ભરજુવાનીમાં જ સ્વર્ગવાસી થયાં !
એ પ્રભુ ! મૃત્યુને તેમની દયા આવી નહિ !
મરણતિથિ આસો વદી ૧૪. વિ. સ. ૧૨૭૩

ઉમર વર્ષ ૨૦

આ લેખ ઉપરથી આ સમાધિ તે સમયના કિલ્લેદારની સ્ત્રીની એટલે કે વિજયમલની માતાની છે, એ અલકના ધ્યાનમાં તુરત જ આવી ગયું. તેણે તે શ્વેત સ્ત્રીને કહ્યુંઃ "આ બાઇ તો કેવળ નાની વયમાં જ મરણ પામ્યાં હતાં. પણ તે કેવળ અકસ્માત્ મરણ પામ્યાં હતાં અને તેમના મરણનું કારણ કોઇએ જાણ્યું નહોતું એવું લોકો કહે છે."

"હશે ! એવી તો ઘણીએ લોકવાયકાઓ ઉડે છે, પણ આપ ને તેનું શુ કામ છે ? તે બનાવને આજે અઢારેક વર્ષ થઇ ગયાં છે. આટલા વખતમાં તો લોકો હવે તેને સંભારતા પણ નહિ હોય !" એમ કહીને તેસ્ત્રીએ અલકનો હાથ પકડયો અને દીવો હોલવી નાંખ્યો. દશ-વીસ ડગલાં આગળ જતાં તે બાઇએ એક મોટો પથરો કાંઇક

યાંત્રિક શક્તિથી એક બાજુએ હઠાવી દીધો અને પછી તે બન્ને જણીઓ એક ગુહા માર્ગમાં દાખલ થઇ. તેઓ એ માર્ગમાં જતાં જ તે પત્થર પાછો પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયો. એ માર્ગે લગભગ ચારસો–પાંચસો ડગલાં આગળ જતાં પુનઃ તે બાઈએ એક દ્વાર ઉઘાડયું અને તે બન્ને જણીઓ એક દેવાલયના ગભારાની અંદર આવી પહોંચી.

પ્રકરણ ૨ જું.

હનુમંતસીંગ.

એ સ્થળે આવી પહોંચતાં જ ખુલ્લી હવા લાગવાથી અલક-કુમારીને બહુ આહલાદ ઉત્પન્ન થયો. તેનામાં હવે સારી પેઠે હુશિ-યારી આવી. તેણે સહજ ચારે તરફ નજર ફેરવીને જોયું, તો પોતે અત્યારે કિલ્લાની ડાબી બાજુએ આવેલી ઝાડીમાંના એક દેવાલયમાં આવી પહોંચી છે એવું તેને જણાયું. એટલે જે ભોંયરામાં થઇને પોતે ત્યાં આવી હતી તે ભોંયરૂં કિલ્લાની નીચે કોતરવામાં આવ્યું હોવું જોઇએ એ વાત સહજ તેના ધ્યાનમાં આવી ગઇ.

દેવાલયના ગભારામાં આવતાં જ તે બાઇએ દ્વારા બંધ કરી વાળ્યું. ગભારામાંની ફરસબંધીમાં દ્વાર કિંવા ભોંયરૂં હશે એવી જરા પણ શંકા ન આવે, એટલી કુશળતાથી તેની રચના કરવામાં આવેલી હતી. દ્વાર બંધ કરી વાળ્યા પછી તે બન્ને જણીઓ તે દેવાલયમાંથી બહાર નીકળી અને પાસેની ઝાડીમાંના મોટા વૃક્ષ નીચે જઇને બેઠી. એટલામાં તો એક સામાન ચડાવીને તૈયાર કરવામાં આવેલો ઘોડો લઇને હનુમંતસીંગ ત્યાં આવી પહોંચ્યો. તેણે પોતાની પાસેની એક નાની પોટલી તે બાઇને આપી. તે બાઇ તરફ અને અલકકુમારી તરફ

જોઇને તેના મનમાં કાંઇક વિચારો ઘોળાઇ રહ્યા હતા એવું તેની મુખ-મુદ્રા ઉપરથી સ્પષ્ટ જણાતું હતું. પરન્તુ પોતાના મનમાંનો ભાવ ખુલ્લો કરી બતાવવાની તેની ઇચ્છા નહોતી.'

તે બાઇના આંખોમાં અશ્રુ આવીને તેનાં મોટાં બિંદુઓ તેના ગાલપર પડયાં. એ જોતાંજ અલકનું હૃદય ભરાઇ આવ્યું અને તે બોલી: "બાપ! આપની ઓળખાણ થયાને જોકે બહુ વખત થયો નથી તોપણ મ રૂં મન તમારા ઉપર એટલું જડાઇ ગયું છે કે જાણે આપ જન્મથીજ એક માતાની પેઠે મારૂં પાલણપોષણ કર્યું હોયની, એવું મને લાગે છે!"

"બ્હેન અલક!" એટલું બોલતાંમા તો તે સ્ત્રીથી રડી જવાયું.

તે જોઇને વૃદ્ધ હનુમંતસીંગ બોલ્યો: "બાઇસાહેબ! આ તે શું ' દુ:ખ લગાડવાનો આ કાઇ સમય છે ? એકએક ક્ષણ આપણુને કેટલી કીંમતી છે તે કાંઇ આપને કહી બતાવવાની જરૂર નથી. આપ મનને જરા દૃઢ બનાવો. આ વખત એવો ચમત્કારિક છે. અત્યારે જ આપને એક વિશેષ દુ:ખજનક ખબર આપવાની મને જરૂર પડે છે."

"શું ? શું હજી પણ મારા પર બીજાં કશાં દુ:ખો પડવાનાં બાકી રહ્યાં છે ? ગમે તે હોય, પણ તે હવે જલ્દી કહી નાંખો. હું સાંભળવાને તૈયાર છું," તે સ્ત્રી ગંભીર મુખમુદ્રાથી બોલી.

"કાલે સાંજે નિયમ પ્રમાણે આપની મુલાકાત લીધી; ત્યાર-પછી સુમારે પાંચેક ઘડી પછી સંગમપુરથી એક ઉટસ્વાર આવ્યો. તેણે બીજને દહાડે રાત્રે સંગમપુર છોડયું હતું. ભભૂતમલ અને બીજા બે જણ–કોણ ? હું તેમનાં નામો વિસરી ગયો!" હનુમંતસીંગ અચકાતો અચકાતો બોલ્યો.

"તે નામોનું કશું કામ નથીન! પણ તેમનું શું થયું તે જલ્દી કહી નાંખો," સ્ત્રીએ આતુરતાથી પૂછ્યું.

"તે સૌને વીરોત્તમે કેદ કર્યા છે." હનુમંતસીંગ બોલ્યો.

"કેદ કર્યા!" બાઇએ ઉત્સુકતાથી પૂછ્યું: "શું વારૂ? ત્યારે અલક! આપણી સઘળી ગોઠવણ બરાબર વખતે જ નકામી જાય તેવું લાગે છે!,"

"ના, ના, તેવું કશું નથી." હનુમંતસીંગ બોલ્યો: "પણ હવે તો અલકે બહુજ ઉતાવળુ સંગમપુર જવાની જરૂર છે."

"આપ શું કહો છો તે મારા સમજવામાં આવતું નથી." તે બાઇ બોલી.

"તે વિસ્તારથી કહેવામાં કાંઇ સાર નથી." હનુમંતસીંગ બોલ્યો: વીરોત્તમે કેટલીક શરતો સાથે ત્રણે સરદારોને કેદ કર્યા છે. તે શરતો પ્રમાણે જો તેઓ નહિ વર્તે તો તે એક પછી એક ત્રણેનો જીવ લેનાર છે. તેથી મને એમ લાગે છે કે જો એ છોકરી ત્યાં જાય અને તે ત્રણેને કેદમાંથી છોડાવવાના કામમાં પોતાની અક્લકનો ઉપયોગ કરે અને એ રીતે પોતાના ભાગ્યનો ઉદય કરે, તો વધારે સારૂં."

"કાકાસાહેબ આપ આ શું કહો છો?" તે બાઇ બોલી: "આ નાની છોકરી—અજાણી અને એકલી—સંગમપુર જાય, વીરોત્તમ જેવા ચતુર પુરૂષે કેદ કરેલા સરદારોને છોડવવાને શમર્થ થાય, એ સઘળું શું આપને સંભવિત લાગે છે?"

હનુમંતસીંગ બોલ્યો: "શું? અલક એક નાની છોકરી છે? બાઇસાહેબ! તે હવે કાંઇ નાની નથી. તે બહુ જ હુશિયાર છે અને હિંમતવાળી છે. મારૂં મન મને એવું કહે છે કે આ છોકરી એ કામ ખાત્રીથી પૂરૂં કરશે; અને જો આ કામ તેના હાથે પાર પડશે

નહિ, તો ભભૂતમલ, વિજયસિંહ અને શૂરસેન–હા, તેમનાં નામો હવે મને સાંભર્યાં–તેમનો જરૂર શિરચ્છેદ થશે, અથવા તો તેમને ફાંસીએ જવું પડશે ! માટે તેમને છોડવવાનો પ્રયત્ન તો થવો જ જોઇએ; જો આ છોકરીનો પ્રયત્ન નિષ્ફળ જાય અને તેના જ જીવ ઉપર જોખમ આવી પડે, તો તેમાંથી તેની મુક્તિ થાય તે માટે તમે તેને કાંઇ પણ એવી નિશાની અથવાતો ચિઠ્ઠી આપો કે જેથી તેનો જીવ બચે. એ નિશાનીનો ઉપયોગ ફક્ત મોટામાં મોટી મુશ્કેલીને વખતે જ થાય."

તે સ્ત્રી બોલી: "હવે તમારા કથનનો ભાવાર્થ મારા લક્ષમાં આવ્યો. પણ તમારા જેવા ભીરૂ પુરૂષ આ નાની છોકરીને આવો ઉપદેશ આપે છે, એ જોઇને મને બહુજ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે."

"મનુષ્યોના જીવ બચાવવાને માટે બની શકે એટલો પ્રયત્ન કરવો એ આપણું કર્તવ્ય છે." હનુમંતસીંગ બોલ્યો: "આપણી ગુપ્તતા ખુલ્લી પડતાં છતાં પણ જો તેમના પ્રાણ બચતા હોય તો તેમ પણ કરવાને કશી હરકત નથી. જ્યારે આપણી બીજી યુક્તિઓ નિષ્ફળ નિવડે અને કેવળ નાઇલાજ થઈ જઇએ, ત્યારે એ ગુપ્તતા ખુલ્લી કરવી પડશે એવુ મેં ઘણી વાર કહેલું તે આપના ધ્યાનમાંજ હશે. આ હવે છેવટનું તીર છે.'

તે સ્ત્રી કેટલોક વખત વિચાર કરીને બોલી: "ઠીક છે; કાકાસાહેબ ! આપના કહેવા પ્રમાણે જ કરવું જોઇએ ખરૂં. તો પછી હવે આ છોકરીને પઢાવીને તૈયાર કરવી એ તો મારૂં કામ.'!

અલક બોલી: 'બાઇ સાહેબ ! આપના બન્નેના સંભાષણ ઉપરથી હુ ઘણું ખરૂં સમજી ગઈ છું. એક મોટા ભયનું અને કઠણ કામ મારે માથે લવાનુ છે અને તે પાર પાડવામાં હું પાછી હઠવાની નથી. આજની રાત્રે એવા જ કાંઇ વિલક્ષણ બનાવો બનતા આવ્યા છે કે તેના યોગથી મારા આયુષ્યક્રમમાં કાંઇ પણ મહત્ત્વનો ફેરફાર

થશે એવું મને લાગે છે. ઇશ્વરે જ આ પ્રસંગે આણ્યો છે અને તેજ તેમાંથી પાર પાડવાનું મને સામર્થ્ય આપશે!"

"સાબાશ છોકરી! આ તારૂં ધૈર્ય જોઇને મને બહુજ આનંદ થાય છે." હનુમંતસીંગ બોલ્યો.

તે સ્ત્રી બોલી: "એ એકલી ધૈર્યવાનજ નથી, પરન્તુ અત્યંત ઉદાર મનવાળી પણ છે. દિકરી! હવે તું તારાં માતાપિતાને મળવામાં બહુ વખત ગળીશ નહિ. આ ઘોડો અને આ પોટલી હું તને આપું છુ. તું સજ્જનસીંગને મળે ત્યારે તેને એવું કહેજે કે તુ વિષયમલના હાથમાંથી કાકાસાહેબની મદદથી મુક્ત થઇ છું. મારી વાત કોઇ પણ વાર કોઇને મ્હોંએ કરવી નહિ, એ માટે તો તેં સોગંદ લીધા છે અને તે સોગંદ ભાંગવાનું કારણ તને કોઇ પણ વખત આવશે નાહ એવી મને ખાત્રી છે. તુ અહીથી સગમપુર જઈશ, એટલે તારે જે કાંઇ કામ કરવાનુ છે તે કાંઇ નાનુંસનું નથી. તારે ત્રણ મોટા સરદારોના પ્રાણ બચાવવાના છે. એ કામમાં પરમેશ્વર તને યશ આપશે. જો તને એ કામમાં જશ મળે નહિ કિંવા તારા ઉપર જીવના જોખમનો પ્રસંગ આવી લાગે તો-કેવળ અણીનો વખત આવે તો જતું વીરોત્તમની મુલાકાત લેજે અને બીજા સઘળા ઉપાયો ખુટી ગયા પછી તું આ વીંટી વીરોત્તમને બતાવજે, પછી જે કાંઇ તેને કરવાનું હશે તે તે કરશે."

એમ કહીને તે સ્ત્રીએ પોતાની આંગળીમાંથી એક વીંટી કાઢીને તે અલકની આંગળીમાં પહેરાવી અને કહ્યું: "છેવટ અણીને વખતે જ આ વીંટી તું વીરોત્તમને બતાવશે એટલે પછી તું મારી પાસે લીધેલા શેગંદથી મુક્ત થઇશ. પછી તું તેને મારી હકીકત કહેશે તો કશો વાંધો નથી. પણ ત્યાં સુધી તો મારે વિષે કોઇને મ્હોંએ તારે એક શબ્દ બોલવાનો નથી! આ મારી સૂચના તું જરા પણ વિસરીશ વહિ."

અલક બોલી:"બાઈ ! તમે તદ્દન બેફીકર રહો. આંપની આજ્ઞાનું હું અક્ષરશઃ પાલન કરીશ તેમાં શંકા રાખવાનું કશું કારણ નથી."

"વારૂ, ત્યારે હું હવે જાઉં છું." એમ કહીને તે સ્ત્રીએ એક વાર અલકકુમારીને સપ્રેમ આલિંગન આપ્યું અને કાંઇક આશીર્વાદાત્મક શબ્દો મનમાં ને મનમાં ગણગણીને તે ત્યાંથી એકદમ પાસેની ઝાડીમાં પેઠી. તે ઘણે જ દૂર ગઇ ત્યાંસુધી તેના દીર્ઘ નિઃશ્વાસો સ્પષ્ટ સંભળાતા હતા. એ ઉપરથી અલકકુમારીને છોડી જતાં તેને બહુ જ દુઃખ થતું હતું, એ ખુલ્લું માલૂમ પડતું હતું.

હનુમંતસીંગે અલકકુમારીને ઘોડાપર બેસાડી. ઘોડો ઘણો ઉંચી ઓલાદનો હતો અને ક્યાનો ઉતાવળો થતો પોતાના પગવડે ભોંય ખણી રહ્યો હતો. અલકે ઘોડાપર સ્વારી કરી એટલે હનુમંતસીંગ બોલ્યો: "જો બ્હેન ! તારે હાથે હવે પછી મોટાં મોટાં કામો થશે અને તું વૈભવને શિખરે પહોંચીશ એવી મને મારૂં મન સાક્ષી આપે છે. કાલરાત્રે મને એક એવું સ્વપ્નું આવ્યુ હતું કે જાણે તું એક મોટા રાજાની રાણી થઇને તેની પાસે આનંદથી બેસી રહી છે. મને લાગે છે કે એ તારા ભાવી ઉત્કર્ષનું પૂર્વ ચિહ્ન જ હોવું જોઇએ. તું ખરેખર મોટા પદને પામીશ તે માટે મને પૂરતી ખાત્રી છે. મારા જેવા વૃદ્ધના એ શબ્દો કદિ ખોટા પડે નહિ. જા બ્હેન ! તારો પ્રવાસ તને સુખરૂપ નીવડો ! તારા વડીલોને મારા રામરામ કહેજે; હવે હું જાઉં છું."

અલકકુમારીએ તે વૃદ્ધને નમ્રતાપૂર્વક માથું નમાવીને વંદન કર્યું અને ઘોડાને પગની એડી મારીને ચાલવાનો ઈશારો કર્યો. તે અરણ્યમાં જ મોટી થઇ હોવાથી મર્દાનગીનાં કામોમાં હુશિયાર હતી, એ તો વાચક જાણે છે. તે પોતાનાં માતપિતાનાં દર્શન કરીને તેમની રજા લેવાને ઝુંપડી તરફ જતી હતી—પણ તેની આ રજા છેવટની તો નહિ હોય ?

પ્રકરણ ૩ જું.

ઉત્સુકતા.

સંગમપુર ખાતેની સરદારોની સભામાં વીરોત્તમના આકસ્મિક આગમનથી ગરબડ થઇ રહી અને તેમાંના ત્રણ મુખ્ય સરદારો કેદમાં પડયા તે બનાવને આઠ દિવસ થઈ ગયા હતા. સરદાર બળવંતસિંહ પહેલાંની માફક આજ પણ રાજમહાલય નજીકના બગીચામાં સૂર્યાસ્ત થયા પછી સંધ્યાનો થોડો પ્રકાશ રહ્યો હતો તે વખતે જમનીની મુલાકાત લેવાને આવી પહોંચ્યો હતો. તે તેની રાહ જોતો બગીચામાંના લીલા ઘાસ ઉપર આમતેમ ફેરા મારતો હતો, એટલામાં કોઇનાં પગલાં ધીમે ધીમે તે તરફ આવતાં હોય એવો તેને ભાસ થયો અને તે જ ક્ષણે જમની તેની પાસે આવીને ઊભી રહી.

તેની ભેદક દૃષ્ટિની સાથે બળવંતસિંહની દૃષ્ટિ એક થતાં જ તે કેવળ મોહિત થઇ ગયો. જ્યારે તેણે સ્મિત કર્યું ત્યારે ત્યાંના મંદ પ્રકાશમાં તેની શ્વેત દંતપંક્તિ હીરાની પેઠે ચળકી ઉઠી. શરીરના કાળા રંગને લીધે તેના દાંત વધારે શ્વેત દેખાતા હતા અને તેના સૌંદર્યમાં વૃદ્ધિ કરતા હતા. તેણે બળવંતસિંહનું સ્વાગત કરતાં જે થોડા શબ્દો ઉચ્ચાર્યા, તેથી તો જાણે પોતાપર અમૃતવૃષ્ટિ જ થઇ રહી હોયની એવું જણાવા લાગ્યું. તેનો સાદો પણ સ્વચ્છ પોશાક, તેની નાજુક અંગયષ્ટિ, તેના શરીરપરના આછા પણ શોભીતા અલંકાર, તેનું સૌંદર્ય, સ્ત્રીજાતિના સ્વાભાવિક લહેકા, એ બધાં લક્ષણો ઉપરથી તે કોઇ મનુષ્ય સ્ત્રી નહિ પણ સ્વર્ગમાંની અપ્સરા જ હશે એવી કલ્પના તેના મનમાં આવ્યા વિના રહી નહિ.

બળવંતસિંહ પ્રેમપૂર્ણ સ્વરે બોલ્યોઃ "જમની! તું તારા

વચન પ્રમાણે અહીં આવીને મળી તે માટે મને જે આનંદ થાય છે તેનું વર્ણન હું કયા શબ્દોમાં કરૂં ? સરદારોની સભાની આગલી રાત્રે તારો અને મારો મેળાપ થયો હતો, ત્યારે તો તુ એકાએક ચાલી ગઇ. સરદારોની સભામાંથી ઉતારે જતી વખતે તારી સખીએ મને ચિઠ્ઠી આપી. પણ તેમાંથી નીકળી આઠ દિવસની મુદત ! હવે કહે કે એ આઠ દિવસ મેં કેવી રીતે વીતાવ્યા હશે ? ખરેખર, તારે માટે હું એટલો ગાંડો બની ગયો હતો કે હું દિવસે દિવસ અને ઘડીએ ઘડી ગણતો રહેતો હતો અને મારી એ બાલીશતાને માટે મને પોતાને જ શરમ આવતી હતી. તેં પુનઃ મેળાપની આઠ દિવસની મુદત ઠરાવી ત્યારે એ લાંબી મુદતમાં મારા મનની કેવી અવસ્થા થઇ જશે તેનો વિચાર તેં નહિ જ કર્યો હોય એમ મને લાગે છે. ”

જમની પોતાની કટાક્ષયુક્ત દૃષ્ટિથી બળવંતસિંહને મોહિત કરતી બોલીઃ “મહારાજ ! મારી ચિઠ્ઠીનું અને મારા મેળાપનું આપ આટલું બધું મહત્ત્વ માનો છો, એટલી હું મને ભાગ્યવતી સમજુ છું; પણ ખરેખર, તે વખતે તો મને એવી કલ્પના આવી શકી નહોતી.”

“તો પછી તું ખરેખર નિષ્ઠુર છે એમ કહેવું જોઇએ.” બળવંતસિંહ કિંચિત્ વિશેષ પ્રેમાળતાથી બોલ્યોઃ “ જમની ! આપણી છેલ્લી મુલાકાત વેળાએ શી શી વાત થઇ હતી તેનું તને સ્મરણ છે કે ? આ જ સ્થળે અને લગભગ આ જ વખતે આપણે હાથમાં હાથ રાખીને ફરતાં હતાં અને મેં તારા રક્ષણને માટે પ્રત્યક્ષ જમ સંગાથે પણ લડવાને તૈયારી બતાવી હતી, એ સઘળું તારા ધ્યાનમાં છે કે ?

“ તે આપના શબ્દો તો મેં મારા હૃદયમાં બરાબર જાળવીને રાખ્યા છે.” જમની મંજુલ સ્વરે બોલીઃ “ અને હું તે શબ્દો

કદાપિ વિસરીશ પણ નહિ! ગમે તેટલાં વર્ષો વીતી જાય, મારાપર ગમે તેટલાં સંકટો આવે અને હું ગમે ત્યાં હોઉં, તોપણ હું આપની મિત્રતા અને આપનું શૌર્ય કદી ભૂલી જઇશ નહિ."

"જમની! મને હજી તારી કાંઈ વિશેષ માહિતી નથી, તોપણ તારૂં ભાષણ મને એટલું મીઠું લાગે છે કે તે હું એકસરખી રીતે–આખો દિવસ સાંભળતો જ રહું એવું મને થાય છે." બળવંતસિંહ તેની તરફ પ્રેમપૂર્વક જોઇ રહેતો બોલ્યો.

'ખરેખર, મને પણ આપનું આ મીઠું મીઠું ભાષણ સાંભળીને—" પછીના શબ્દો જમની મનમાં ને મનમાં બોલી, તેથી તે બળવંતસિંહના સમજવામાં આવ્યા નહિ.

"ખરેખર, હું મારા સાચા અંતઃકરણપૂર્વક જ બોલું છું. મ્હોંએ મીઠું બોલવું અને પાછળ ગમે તેમ બોલવું એવી મને ટેવ નથી. જૂઠું બોલવા ઉપર તો મને બહુ જ તિરસ્કાર છે. હું જે તારી સ્તુતિ કરૂં છું, તે તું મને મારા મનપૂર્વક એવી દેખાય છે માટે જ હું તને તેવી કહું છું અને તેમાં હું કશી પણ અતિશયોક્તિ કરતો નથી. વારૂ, પણ હવે એ વાત જવા દે. હજી મારે તારા સંબંધે પુષ્કળ વાતો જાણવાની છે અને તેં પણ તે કહેવાનું કબૂલ કર્યું છે."

"હા, આપણી છેલ્લા મુલાકાત વેળાએ મેં આપને વચન આપ્યું હતું કે હું આપને મારો જન્મવૃત્તાંત કહીશ." જમની બોલી: "ખરેખર, મારા કર્મની કહાણી બહુ જ ભયંકર છે. તે એટલી દુઃખદાયક છે કે જો આપના ઉપર મારો વિશ્વાસ બેઠો ન હોત, તો મેં મારા મુખમાંથી તે વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હોત. હવે જોકે હું તે સર્વ હકીકત આપને કહેવાની છું, તોપણ તે બરાબર રીતે કહી શકાશે કે નહિ, તેની પણ મને શંકા રહે છે!"

બળવંતસિંહ બોલ્યો: "તને એટલો બધો ત્રાસ થશે, એ જાણતાં છતાં પણ હું તને તારો જન્મવૃત્તાંત કહેવાને આગ્રહ કરૂં છું, તેનું કારણ મારી જિજ્ઞાસા તૃપ્ત કરી લેવી એવું બિલકુલ નથી, પણ તને કાંઇ પણ મદદ કરવી એવો મારો હેતુ છે. છેલ્લા મેળાપ વખતે તું તારી હકીકત કહેવાની હતી, તે વખતે તું કાંઇક એવુ બોલી હતી કે કોઇ પણ બાબતમાં તને મારી સલાહ અને સહાય્યની જરૂર હતી તો હું તને કેવી રીતે ઉપયોગી થઇ પડું તેમ છું, એ જાણવા માટે જ હું તારા મુખથી આ વાત સાંભળવા ઇચ્છું છું." બળવંતસિંહ જરા જોરથી આગળ બોલ્યો: "તારા માટે પ્રત્યક્ષ જમદૂતની સાથે લડવાને પણ મારી તલવાર મ્યાનમાંથી બહાર નીકળશે, એવું મેં તને તે વખતે કહ્યું હતું, એટલા ઉપરથી પણ તું મારા પર સંપૂર્ણ વિશ્વાસ રાખજે."

કાંઇક ગુંચાતી–અકળાતી જમની બોલી: "સરદાર સાહેબ! આપ શું બોલો છો, તેનો સંપૂર્ણ વિચાર હજી આપે કર્યો હોય એમ લાગતું નથી."

"હું જે કાંઇ બોલું છું, તેનો મેં સંપૂર્ણ વિચાર કર્યો છે." તે વખતે જમની ભયથી થરથર કંપતી હતી, તેથી તેનો હાથ પકડીને બળવંતસિંહ બોલ્યો: "તારા નામમાં આટલો ગૂઢ અર્થ સમાએલો હશે એવી મને હજીસુધી કલ્પના પણ નહોતી!"

જમની બોલી: "મારા નામમાં એવો જ વિલક્ષણ અર્થ સમાએલો છે ખરો, પણ–પણ–તેથી આપને મારી દયા જ આવશે; કારણ કે એ હૃદયદ્રાવક સ્થિતિ મને પ્રાપ્ત થઇ તેમાં મારો કિંવા મારા પિતાનો કાંઇ જ અપરાધ નથી, એવી આપની ખાત્રી થશે."

બળવંતસિંહ બહુ ઉતાવળો થતો બોલ્યો: "જમની ! એ પ્રસ્તાવના હવે પૂરી કર. જે કાંઇ તારો જન્મવૃત્તાંત હોય તે હવે સ્પષ્ટ રીતે કહેવા માંડ. હું આ ભૂમિમાતાના સોગંદ લઇને કહું છું કે હું તારે માટે પ્રત્યક્ષ જમ સંગાથે પણ લડયા વિના નહિ રહું."

"હું પુનઃ એક વાર કહું છું કે આપ જે કાંઈ બોલો છો, તેનો આપ સ્પષ્ટાર્થ સમજતા જણાતા નથી!" એમ કહીને તે કાંઇ પણ અદૃશ્ય શક્તિ પોતાપર અસર કરી રહી છે, એવું બતાવીને ભીતિથી બળવંતસિંહના શરીરને વળગી પડી.

તે જોઇને બળવંતસિંહ બોલ્યો: "તું જરા પણ ગભરાઇશ નહિ. તારે માટે ત્યાગ ન કરી શકું એવો બીજો કશો સ્વાર્થ મારે સાધવાનો નથી, કિવા મને પોતાને ભય લાગે એવું કશું આ પૃથ્વી પર હોવું શકય નથી ! તુ તારે નિઃસંકોચે તારી વાત શરૂ કર."

"ઠીક છે. તો પછી હું હવે મારી ભયંકર કર્મકથાની શરૂઆત કરૂં છું. પણ તે સાંભળવાથી તમારાં અંગો કમ્પી ઉઠશે અને તમારૂં લોહી બળું બળું થઇ જશે, તેટલા માટે બની શકે તેટલું મન શાન્ત રાખવાની હું આપને પ્રાર્થના કરૂં છું." એમ કહીને તે એક વાર ઊભી થઇ અને આસપાસ કોઇ પોતાની વાત સાંભળવા ઉભું નથી એવી ખાત્રી કરવાને બારીક દૃષ્ટિથી જોઇનિ તે પુનઃ નીચે બેઠી અને ધીમે સ્વરે પોતાના જન્મવૃત્તાંતનો પ્રારંભ કર્યો.

પ્રકરણ ૪ થું.

જમનીનો જન્મવૃત્તાંત.

સરદાર સાહેબ ! અહિંથી ઘણે જ દૂર આવેલા દેશમાં એક મોટું રાજ્ય હતું. ત્યાંના પુરૂષો બહુ જ બલાઢય અને સ્ત્રીઓ દેખાવડી હતી. રાજ્યમાં સર્વત્ર શાંતિ હોવાથી ધંધો રોજગાર બહુ સારા ચાલતા લોકો ધનવાન હોવાથી નાનાથી મોટાસુધીના સર્વ સ્થિતિના લોકોને પોતપોતાનો ધંધો કરીને નીતિ તથા સદાચરણથી વર્તવામાં બહુ જ આનંદ થતો. દેવ ધર્મ તરફ તેઓ સદા એકનિષ્ઠ રહેતા. રાજધાનીના નગરમાં ધન તો એટલું બધું હતું કે ત્યાંનાં સઘળાં નાનાં મોટાં દેવાલયો ઉપર સોનાના રત્નજડિત કળશ ચળકી રહ્યા હતા. શહેરમાં રસ્તે ચાલતાં ભિખારી તો કયાયે પણ નજરે પડતા નહિ. જાણે કે સાક્ષાત્ લક્ષ્મીદેવી જ પ્રસન્નતાથી તે શહેરમાં વાસ કરી રહ્યાં હોયની, એટલી સંપત્તિ તે નગરમાં હતી.

એ રાજ્યમાં એવો રિવાજ હતો કે પૂર્વનો રાજા મરણ પામે તેની જગ્યાએ જે યુવરાજ ગાદીએ બેસવાનો હોય, તેને બહુ જ સખ્ત બંદોબસ્તમાં રાખવામાં આવતો. બહારની દુનિયામાં શું ચાલી રહ્યું છે તેની તેને બિલકુલ ખબર રહેતી નહિ, ફક્ત માતા-પિતા, કેટલાક વૃદ્ધ અને વિશ્વાસુ નોકર ચાકર અને વિદ્વાન્ ગુરૂ, એટલા જણ સિવાય વધારે માણસો તેની દૃષ્ટિએ પડતાં નહિ ! તોપણ તેને બીજી કોઇ બાબતનો ત્રાસ વેઠવો પડતો નહિ. બહારની બીજી કોઇ બાબતો ઉપર તેનું ધ્યાન નહિ પડવાથી તેને કેળવણી ઉત્તમ પ્રકારની મળતી. એજ પ્રમાણે તે નગરનો યુવરાજ વિદ્યુત્કુમાર પોતાના મહાલયમાં બેઠો

બેઠો એક દિવસ પોતાના ગુરૂની સાથ નીતિશાસ્ત્ર વિષે કાંઇ સંવાદ કરતો હતો, એટલામાં રાજ્યનો મુખ્ય પ્રધાન, સેનાપતિ, સરદાર મંડળ, શેઠ શાહુકાર વગેરે માણસો ત્યાં આવ્યા અને તેઓએ કહ્યું કે " રાજાજી ઘણા વખતથી મરણ પામ્યા છે અને ગાદી સૂની છે વળી આપ હવે ઉમરલાયક થયા છો. માટે હવે રાજ્યપદનો સ્વીકાર કરો." પછી સઘળાએ નવા રાજાને નમન કરીને વિદ્યુત્કુમારને ગુરૂ પાસેથી લઇ જઇને ગાદીપર બેસાડયો. એ રાજા ભવ્ય આકૃતિનો હતો અને શૂરો પણ દેખાતો હતો. રાજ્ય ગાદી ઉપર તેને જોઇને પ્રજાનું અતરૂ પણ ઠર્યું અને મરણ પામેલા રાજાનું દુઃખ સૌને વિસારે પડયુ.

વિદ્યુત્કુમાર રોજ સિહાસન ઉપર બેસીને પોતાની જાતે રાજ્ય-કાર્યભાર તપાસતો. એ પ્રમાણે કેટલાક દિવસસુધી તેણે ઉત્સાહભેર કામ કર્યું, પરન્તુ ધીમે ધીમે તેની પાસે ખુશામતીયા લોકોનું ભરણું વધારે થવા લાગ્યું અને તેમની સોબતમાં પડીને તે મોજશોખમાં વખત ગાળવા લાગ્યો ધીમે ધીમે તેણે પોતાનો સઘળો કારભાર પ્રધા-નને સોંપી દીધો અને જન્મથી તે આજસુધી જે ઐશઆરામ ભોગ-વવાનો રહી ગયો હતો તે પૂરો કરવાનો હવે તેણે નિશ્ચય કર્યો. રાજા પોતે કારભારમાં ચિત આપતા નથી, એવું જોઇને સ્વાર્થી લોકોએ હવે પોતાનું પેટ ભરવા માંડયું.

વિદ્યુત્કુમાર સ્વરૂપે સુંદર હતો. તે વખતે તેની વય વીશ વર્ષની થઇ હતી. શરીરે મજબૂત હોવા ઉપરાંત તે ઉંચો અને કદાવર બાંધાનો હતો. ધીમે ધીમે એક પછી એક નવી નવી જાતના ઐશઆરામની તેને ટેવ પડવા લાગી અને બે વર્ષની અંદર તો તેના રાજમહાલયમાં નાચમાન કરનારી વારાંગનાઓનું મોટું ટોળું એકઠું થઇ ગયું!

પોતાનો નવો રાજા પ્રધાન ઉપર રાજ્યનો સઘળો કારભાર નાંખીને

પોતે એશઆરામમા પડી ગયો, એ વાત પ્રજાને બિલકુલ પસંદ પડી નહિ. રાજા પોતાનો મોજશોખ છોડીને દરબારમાં આવી બેસે તેટલા માટે પ્રજાએ પુસ્કળ પ્રયત્નો કર્યા પણુ તે સઘળા વ્યર્થ ગયા. આખી પ્રજાનું મન તેથી ઉચું થઇ ગયું અને હવે ભવિષ્યમાં શું થશે તેની સૌ કોઇને ચિંતા થવા લાગી.

એ જ રાજ્યની પડોશમાં એક બીજું મોટું રાજ્ય હતુ. ત્યાંના રાજા ઇંદુવર્માની દૃષ્ટિ એ રાજ્ય ઉપર કયારનીએ ચોંટી હતી. વિદ્યુત્કુમારના રાજ્યમા તેના ગુપ્ત દૂતો ફરતા જ રહેતા. તેમણે આ સઘળી હકીકત જાણી અને પોતાના રાજા ઇંદુવર્માને કહી. એ વાત જાણીને ઇંદુવર્માની દાઢ સળકી અને તેને લાગ્યું કે લાંબા વખતથી અતૃપ્ત રહેલી પોતાની આશાને તૃપ્ત કરવાનો આ વખત બરાબર આવી પહોંચ્યો છે, તેણે તુરત જ લડાઇની મોટી તૈયારીઓ કરવા માંડી અને થોડા વખતમા વિદ્યુત્કુમારના રાજ્યપર હલ્લો કર્યો.

વિદ્યુત્કુમારની પ્રજા જોકે તેના પર ગુસ્સે થઇ હતી, તોપણુ તે પારકા અમલ હેઠળ રહેવાને ખુશી ધરાવતી નહોતી. પરરાજ્યનો હુમલો આવેલો જોતાં જ પ્રજામાંના શૂરવીર પુરૂષો હાથમાં તલવારો લઇને યુદ્ધ કરવાને બહાર નીકળ્યા. ગમે તેમ પણુ વિદ્યુત્કુમારની પ્રજાની તૈયારી ટુંક વખતની હતી; ઇંદુવર્માએ ઘણા વખતથી સૈન્યની તૈયારી કરી હતી અને તે પોતે પણુ એક શૂરવીર યોદ્ધો હતો. આથી વિદ્યુત્કુમારના સૈન્યનું તેની પાસે કશું ચાલ્યું નહિ. ઇંદુવર્મા એક પછી એક શહેર કબજે કરતો કરતો છેવટે રાજધાનીની નજીક આવી પહોંચ્યો અને તેણે તેને ઘેરો ઘાલ્યો.

હવે વિદ્યુત્કુમારની આંખો ઉઘડી ! પોતે કેવા સંકટમાં આવી પડયો છે એ તેના ધ્યાનમાં આવ્યું. તેનું સ્વાભિમાન જાગૃત થયું

અને હાથમાં તલવાર લઈને તે પોતે શહેરના લોકોની સાથે લડવાને બહાર નીકળ્યો. પહેલાં તો તેણે પોતાના મુખ્ય પ્રધાન અને સેનાપતિને પકડીને કેદમાં પૂર્યા, કારણકે તેઓ ફીતુરી–રાજદ્રોહી હોવા વિષે તેને મજબૂત સંશય ઉત્પન્ન થયો હતો. આ જોઈને શહેરના લોકોમાં ધીરજ આવી અને તેઓ હિંમતથી લડવા લાગ્યા. ચાર પાંચ વાર તેમણે શત્રુના હલ્લાને પાછો વાળ્યો. ઇંદુવર્મા છૂટો હોવાથી તેને બહારના પ્રદેશમાંથી સૈન્ય વગેરેની મદદ મળ્યે જતી હતી, પરંતુ વિદ્યુત્કુમાર પોતાના શહેરમાં ઘેરાઈ ગયો હોવાથી તેનું સૈન્ય ઉત્તરોત્તર નિર્બળ બનતું જતું હતું.

છેવટે એક વાર જબરો હલ્લો કરીને શત્રુને નસાડી મેલવો એવો બન્ને પક્ષોએ નિશ્ચય કર્યો. બીજે દિવસે સૂર્યોદય થતાં જ યુદ્ધની શરૂઆત થઈ. બન્ને પક્ષોમાં મારામારી અને કાપાકાપી ચાલી. લોહીનાં તો તળાવો ભરાયાં અને નદીઓ વહેવા લાગી. જ્યાં જુઓ ત્યાં મુડદાંના ઢગલે ઢગલા પડેલા જોવામાં આવતા હતા. બપોરને વખતે સૂર્યનો પ્રખર તાપ પડવા લાગ્યો, તોપણ બન્ને પક્ષોના શૂરવીર યોદ્ધાઓએ તેની જરા પણ દરકાર નહિ કરતાં યુદ્ધ ચાલુજ રાખ્યું. જ્યાં જુઓ ત્યાં એક સરખું ઘમસાણ મચી રહ્યું હતું અને જીવતા સૈનિકોની વીરહાકોથી તથા મરણ પામતા સૈનિકોની ચીસોથી આખું રણક્ષેત્ર ગાજી રહ્યું હતું. બન્ને સૈન્યો એક બીજામાં ભળી ગયાં હોવાથી જય કોને મળશે એ નક્કી કહી શકાય તેમ નહોતું. બન્ને સૈન્યોમાં એકસરખો ઈર્ષ્યાગ્નિ બળી રહ્યો હતો. ત્રીજો પ્રહર થતાં તો યુદ્ધક્ષેત્રમાં વિલક્ષણ રંગ દેખાવા લાગ્યો. બન્ને પક્ષોનાં સૈન્યોમાં વીરશ્રીનો સંચાર થએલો હોવાથી જે તુમુલ યુદ્ધ મચી રહ્યું હતું તેમાં મરણ પામેલાઓની સંખ્યા કોણ કહી શકે? એ પ્રમાણે

સાંજસુધી ઘોર યુદ્ધ ચાલુ રહ્યું અને જ્યારે સૂર્ય અસ્ત થવાની વેળાએ શત્રુના સૈન્યમાંથી એક તીર આવીને વિદ્યુત્કુમારના ઘોડાના શરીરમાં પેસી ગયું. આથી ઘોડો જખમી થયો અને વિત્કુદ્યુમારને ઘોડાપરથી નીચે ઉતરવું પડયું. આટલો વખત તે ઘોડા ઉપર બેઠો હોવાથી તેનું આખું સૈન્ય તેને સ્પષ્ટ રીતે જોઇ શક્તું હતું, પણ હવે તે નીચે ઉતરી પડતા સૈનિકો તેને રણક્ષેત્રમાં જોઈ શકયા નહિ. રાજા જખમી થયો કિંવા મરણ પામ્યો એવી શંકા સૈન્યમાંના વીર નરોને આવવા લાગી અને તેઓનું શૌર્ય શમી જવા લાગ્યું, તોપણ તેઓએ લડવાનું તો ચાલુ જ રાખ્યુ.

આ તરફ પોતાના ઘોડાને નકામો થએલો જોતાં જ વિદ્યુત્કુમાર તે પરથી નીચે ઉતર્યો અને ત્યાં શત્રુનાં તીરોનો મારો બહુ ચાલતો હોવાથી એક મોટા વૃક્ષને આશ્રયે જઇને બેઠો. આખા દિવસના પરિશ્રમથી તેને આખે શરીરે ઘામ છૂટયો હતો. ક્ષણભર વિસામો લેવાથી તેનું મન જરા શાન્ત થયું અને પોતાની સ્થિતિ વિષેના અનેક વિચારો તેના મનમાં આવવા લાગ્યા. તે પોતાના મનને પણ જરા ઉચ્ચ સ્વરે કહેવા લાગોઃ "અરેરે ! હું કેવડો મોટો મૂર્ખ ! મારી એકલાની જ મૂર્ખતાથી મારી પ્રજાનો કેવો સંહાર ચાલી રહ્યો છે? જાણે કે સાક્ષાત્ જમદેવે જ પોતાનું સામ્રાજ્ય પ્રસાર્યું હોયની, એવો જ દેખાવ ચોતરફ નજરે પડે છે ! જો હું જ આમ એક મૂર્ખાની પેઠે વર્ત્યો ન હોત. તો મારી ઉપર આ પ્રમાણે હલ્લો કરવાની ખુદ જમદેવની પણ શી તાકાત હતી ? અરેરે ! પણ આ બધું શું થઇ ગયુ ? હું જરા સૈન્યમાંથી દૂર જતાં જ મારા સૈનિકોએ પીઠ બતાવી ! શું હું એક ભીરૂ ઠર્યો ? હું ત્યાં જ રહ્યો હોત તો કેવું સારૂં હતું ! ! હાય, હાય ! હવે તો મારી પ્રજાનો આ સંહાર

મારાથી જોયો જતો નથી! હે જમદેવ! આ વખતે તો તું પોતેજ મને સાહાય્ય કર. તારા વિના હવે મારો કોઈ પણ ત્રાતા નથી. આ હું યુદ્ધમાં જ પેસું છું; સૌથી પહેલાં તું મારો જ ગ્રાસ કરી લે!"

જમદેવને ઉદ્દેશીને તે શૂરો રાજા એ શબ્દો બોલી રહ્યો છે, એટલામાં કોઇએ તેની ખાંધપર પાછળથી પોતાનો ભારે-મજબુત હાથ મૂક્યો હોવાનો તેને ભાસ થયો. તેણે પાછું વાળીને જોયું તો એક વિકરાળ અને કાજળ જેવી ઘોર કૃષ્ણવર્ણીય મૂર્તિ તેની નજરે પડી! તેનાં નેત્રો અગ્નિના જેવા તેજસ્વી દેખાતાં હતાં, અંગવર્ણ તદ્દન કાળો હતો અને એકંદરે શરીર પુષ્ટ અને મજબુત જણાતું હતું. તેણે વિદ્યુત્કુમારને પૂછ્યું: "તું કોણ છે?"

"જેનું તેં હમણાં સ્મરણ કર્યું હતું તે જ હું જમદેવ પોતે તેં બોલાવતાંની સાથે દોડતો આવી પહોંચ્યો છું." જમદેવે કહ્યું: "તારી મૂર્ખતાથી મને બહુ સારો ભક્ષ મળી ગયો, તેથી હું તારા પર પ્રસન્ન થઇને તને મદદ કરવાને આવ્યો છું. આમ જો, ઇંદુવર્માના માણસો એકસરખી રીતે તારા માણસોની કતલ ચલાવી રહ્યા છે. કેમ, હવે તારી શી ઇચ્છા છે! બોલ, હું તારા પર પ્રસન્ન થયો છું."

"આ વખતે તુ મને સહાય થઇને મારા શત્રુનો સંહાર કર." વિદ્યુત્કુમાર કરગળીને બોલ્યો: "મારા માણસોનો સંહાર કરવાનું હવે તું છોડી દે. આ વખતે તું મારી આબરૂ રાખ! મારી પ્રજાને શત્રુના તાબામાં સોંપ નહિ. મારા આખા રાજ્યમાં હું તારાં દેવાલયો બાંધીશ અને તારી પૂજા કરીશ."

આ ભાષણ સાંભળીને જમદેવ વિકટ હાસ્ય કરીને અને મેઘગર્જના પ્રમાણે ગડગડાટ કરીને બોલ્યો: "ક્ષુદ્ર મનુષ્ય! તમે લોકોની પૂજાને મારે શું કરવી છે! ફક્ત જો મારી એક શરત કબૂલ કરીશ

તો પવનથી જેવી રીતે સૂકું ઘાસ ઉડી જાય. તેવી રીતે તારા શત્રુના સૈન્યને ઉડાડી મેલીશ !"

"બોલ, બોલ, તું કેવી શરત કરવા માગે છે? જલ્દી બોલ!" વિદ્યુત્કુમાર ઉતાવળો થઇને બોલ્યો: જલ્દી બોલ, જો, પણે શત્રુને નવી મદદ મળતી જોવામાં આવે છે."

"મારી આજ્ઞા વિના એક પણ માણસનો પ્રાણ જતો નથી માટે ગભરાઇશ નહિ." જમદેવે કહ્યું: "ફક્ત તારૂં પહેલું બાળક મને અર્પણ કરવાના સોગંદ લે, એટલે થયું,"

"કબૂલ? તારી શરત મને કબૂલ છે!" વિદ્યુત્કુમાર બોલ્યો.

"પણ આ વિઘ્નનું તું સત્વર નિવારણ કર!"

"સોગંદ લે અને આ મારા ઘોડાપર સ્વર થા!" આ શબ્દો સાભળતાં જ વિદ્યુત્કુમારે જમદેવના કહ્યા પ્રમાણે સોગંદ લીધા અને સત્વર તેના ઘોડાપર તે સ્વર થયો જમદેવ પણ તેજ ઘોડાપર બેઠો પણ તેને વિદ્યુત્કુમાર વિના બીજું કોઇ જોઇ શકતુ નહોતું. બન્ને જણ એક જ ઘોડાપર બેસીને યુદ્ધમાં પેઠા. આ વખતે તદ્દન અંધારૂં થઇ ગયું નહોતું. પોતાનો રાજા હજી જીવે છે અને તે નવા ઘોડાપર બેસીને આવે છે, એ જોતાં જ તેના સૈન્યને શૌર્ય ચડયું. રાજામાં પણ હવે હિંમત આવી હોવાથી બે હાથમાં બે તલવારો લઇને તે બેધડક શત્રુના સન્યમાં પેઠો. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં શત્રુના સન્યમાં વીરોનાં મુડદાં તેના કાળા ઘોડાના પગ પાસે પડતાં હતાં આ પ્રમાણે માત્ર પા ઘડીની અંદર રાજાએ શત્રુના સૈન્યના હજારો લડવૈયાને કાપી નાંખ્યા. આ રાજા મનુષ્ય નથી પણ સાક્ષાત્ જમદેવ જ પોતાનાં આયુધો સજીને આવ્યો છે એવો શત્રુના સૈન્યને ભાસ થયો અને તે ધીમે ધીમે પાછળ હડવા લાગ્યું, આ બાજુએ વિદ્ય-

દ્દુમારના સૈન્યને પણ શૌર્ય ચઢેલું જ હતું. તેણે હિંમતથી યુદ્ધ કર્યું અને માત્ર અંધઘડીમાં જ-જેવી રીતે પવનથી સૂકું ઘાસ ઉડી જાય, તેવી રીતે શત્રુનું સૈન્ય ઉડી ગયું-મરણ પામ્યું અને નાસી ગયું!

ઐશઆરામમાંથી બહાર નીકળીને રાજાએ આ પ્રમાણે જે શૌર્ય બતાવ્યું તેની ખબર થોડા વખતમાં આખી પ્રજામાં ફેલાઇ ગઇ. પ્રજામાં પુન: જોર આવ્યું અને તેણે શત્રુને પોતાના મુલકમાંથી હાંકી કાઢયો. પછી રાજા વિજયી થઇને શહેરમાં આવતી વખતે લોકોએ તેનો જે સત્કાર કર્યો તેનું વર્ણન કોણ કરી શકે? સૌએ મોટા આનંદથી તેના નામનો જયજયકાર બોલાવ્યો અને સર્વત્ર સ્તુતિપાઠકો રાજાની કીર્તિનાં ગાન કરવા લાગ્યા, આનંદના ઉભરામા વિદ્યુત્કુમાર પોતાને જમદેવની સાહાય્યથી જય મળ્યો હતો એ વાત વિસરી ગયો.

લડાઇથી દેશની બહુ જ ખરાબી થઇ ગઇ હતી, પ્રજામાંથી સંપત્તિનો ઘણે ભાગે નાશ થઇ ગયો હતો અને રાયનો ખજાનો પણ ખાલી થઇ ગયો હતો. એવે વખતે લોકોને સુખ મળે એવા પ્રકારની રાજવ્યવસ્થા કરવાનું કામ બહુજ ચતુરાઇનું હતું અને રાજાએ તે કામ કરવાની શરૂઆત કરી. પહેલાં તો તેણે જૂના પ્રધાન તથા સેનાપતિ જેઓ આ સર્વે સંકટના કારણરૂપ હતા, તેમને હદપાર કર્યા, પ્રજામાંથી ડાહ્યા અને વિશ્વાસુ ગૃહસ્થોને શોધી કાઢીને તેમની સાહાય્યથી રાજ્ય કાર્યભાર ચલાવવાની તેણે શરૂઆત કરી અને લગભગ ત્રણ વર્ષમાં તો રાજ્યકાર્યભાર પહેલાની પેઠે સારી રીતે ચાલવા લાગ્યો.

આ વખતે રાજાની વય લગભગ પચ્ચીસ વર્ષની થઇ હતી, પરન્તુ હજીસુધી તેનું લગ્ન થયું નહોતું. નવા પ્રધાનોએ તે સંબંધી ઘણીએ વાર રાજાને કહ્યું પરન્તુ રાજા તેના ઉડતા જવાબો આપીને એ પ્રસંગને ટાળી દેતો હતો. છેવટે ચાર ડાહ્યા પુરૂષોએ એકઠા થઇને પોત-

પોતામાં મસલત ચલાવી અને આસપાસના મુલકમાં ચિતારાઓ મોકલીને સઘળી સુંદર તથા તરૂણ રાજકુંવરીઓનાં ચિત્રો એકઠાં કર્યાં અને તે બધાં ખાનગી દારભારીને ઘેર વ્યવસ્થાપૂર્વક ગોઠવી દીધાં. પછી એક દિવસ કાંઇક આનંદનું નિમિત્ત કરીને રાજાને તેમ કારભારોને ઘેર જમવાનું નિમંત્રણ કર્યું. રાજા જમવા આવ્યો ત્યારે અહીંની-તહીંની થોડીએક વાતો કરીને ખાસ લગ્નની વાત કાઢી, પછી તેમણે રાજાને કારભારીને ત્યાંનાં સુંદર ચિત્રોનો સંગ્રહ જોવા જેવો છે એમ કહીને એ ચિત્રોની ઉત્તમતાનું રસીલું વર્ણન કર્યું રાજાના મનમાં પણ ઉત્કંઠા ઉત્પન્ન થઇ અને તે ચિત્રો જોવાને નીકળ્યો. ઘણાં ચિત્રો જોઇ રહ્યા પછી વિદ્યુત્કુમાર એક તસબીર પાસે ઊભો રહ્યો. તે તસબીરમાં ચિત્રેલી કુમારિકાએ તેના ચિત્તનું આકર્ષણ કર્યું ખરેખર, એવું સૌંદર્ય મૂર્તિમંત હશે કે ચિત્રમાં ચિત્રકારે પોતાની હસ્તકુશળતા જ માત્ર બતાવી હશે તેનો તે કશો નિર્ણય કરી શક્યો નહિ. "આ તસબીર કોની છે?" એવો તેણે કારભારીને પ્રશ્ન કર્યો. કારભારીએ જવાબ આપ્યો કે અહીંથી ત્રીસ-ચાળીસ દિવસની મુસાફરી જેટલે દૂર કામરૂદેશ આવેલો છે ત્યાંના રાજાની એ કન્યા છે. તેનું વય હાલમાં સત્તર-અઢાર વર્ષનું છે અને મહારાજની ઇચ્છા હશે, તો એની સાથે આપનું લગ્ન કરવા તેનો પિતા તૈયાર છે. રાજાએ જવાબ આપ્યો કે: "એ કુમારિકા આ ચિત્રમાં જેવી સુંદર દેખાય છે તેવી ખરેખર તે સુંદર હશે તો હું તેની સાથે લગ્ન કરીશ."

બીજે દિવસે મુખ્ય પ્રધાને પોતાના બે હુશિયાર વકીલોને કામરૂ દેશના રાજા તરફ મોકલ્યા. આ ખબર તુરત જ આખા શહેરમાં ફેલાઇ ગઇ. પોતાનો રાજા પહેલાંની ખરાબ ટેવો મૂકી દઇને હવે સારે માર્ગે વળ્યો છે અને નીતિપૂર્વક પ્રજાપાલન કરી રહ્યો છે, એ વાતના આનં-

દમાં તેના લગ્નની વાત બહાર પડી એટલે પ્રજાને વિશેષ આનંદ ઉત્પન્ન થયો. જમદેવની સાથે કરેલી શરતનું રાજાને ધીમેધીમે વિસ્મરણ થવા લાગ્યું. કોઈ કોઈ વાર એ વાત તેના મનમાં આવતી હતી, પરન્તુ હવે તેને એવું લાગવા માંડયું હતું કે 'લડાઇને વખતે મારૂં મન બરાબર ઠેકાણે નહિ હોવાથી તે વખતે મને માત્ર એવો ભાસ જ થયો થશે.'

કેટલાક દિવસે કામરૂ દેશના રાજા તરફથી વકીલો પાછા આવ્યા. કામરૂ દેશનો રાજા પોતાની કન્યા વિદ્યુત્કુમારને આપવાને કબૂલ જ હતો. પછી ભારે ઠાઠ-માઠથી વિદ્યુત્કુમારનું લગ્ન થયું. એ રાજપત્નીનું નામ અરૂણસુંદરી રાખવામાં આવ્યું હતું. અરૂણસુંદરી અત્યંત ધર્મનિષ્ઠ હતી. રાજાના ગુરૂ શૈલદેવ વિદ્વાન્ અને પવિત્ર બ્રાહ્મણ હતા, તે સ્વધર્મનિષ્ઠ અને મોટા કર્મકાંડી હતા, તેમણે રાણી પાસે અનેક વ્રત-ઉપવાસ કરાવ્યાં, બ્રહ્મભોજનો કરાવ્યાં. તથા પુરણો વંચાવ્યાં અને એ રીતે યથેષ્ટ ધર્મવ્યવહાર ચાલુ કરાવ્યો.

એક વર્ષની અંદર જ રાણી ગર્ભવતી થવાની આનંદદાયક વાર્તા રાજાને કાને આવી, પરન્તુ એ વાર્તા આનંદજનક હતી કે ખેદજનક હતી તેનો કશો નિશ્ચય તે કરી શકયો નહિં. જમદેવને આપેલા વચનનું તેને સ્મરણ થયું. પોતાનું પહેલું બાળક જમદેવને અર્પણ કરવાનું હતું ! પણ જમદેવ તેને લઇને શું કરશે તેનો કશો નિર્ણય થઇ શકયો નહિ. રાજાનું મન વ્યગ્ર થયું. તે આખો દિવસ ખિન્ન રહેવા લાગ્યો અને પહેલાંની હુશિયારી તથા તેજ નષ્ટ થયાં. તેની આ મનઃસ્થિતિ તેના ચતુર ગુરૂ શૈલદેવના સમજવામાં આવ્યા વિના રહી નહિ. તે વિદ્વાન્ બ્રાહ્મણે તેને એકાંતમાં મળીને તેની ઉદાસીનતાનું કારણ પૂછયું. રાજાએ ઘણીએ આનાકાની કર્યા પછી પોતાના હૃદયમાં

સાલી રહેલું દુઃખ ગુરૂજીને કહી સંભળાવ્યું. ગુરૂએ રાજાના મનનું સમાધાન કર્યું અને રાણીને પણ આ વાત યોગ્ય વખતે કહી રાખવાની જરૂર છે એવું સમજીને એક દિવસ રાજા પાસે એ વાત રાણીને પણ કહેવડાવી અને ઉભયના મનમાં ધૈર્ય રહે માટે એક તાવીજ મંત્રીને તે તેણે રાણીના ગળામાં બાંધી રાખ્યું.

તેજ દિવસે સાંજે રાજા રોજના નિયમ પ્રમાણે પોતાના મહાલય પાસેના ઉપવનમાં એક શીતળ લતાકુંજમાં બેઠો હતો—

એટલી વાર્તા કહેતાં કહેતાં જમની એકાએક ચમકી ગઇ ! જાણે કે કોઈ ભયંકર પિશાચ જ તેની સમીપે આવીને ઉભો રહ્યો હોય, એવી રીતે તે ભય પામી ગઈ. તે ભયથી બળવંતસિંહને વળગી પડી. એ વખતે તેને આખે શરીરે ઘામ છૂટયો હતો અને તે થરથર કંપતી હતી. બળવંતસિંહે ધીરે રહીને તેને પોતાથી છૂટી પાડી અને મધુર વાણીથી આશ્વાસન આપીને પાસે બેસાડી. કિંચિત્ સાવધ થતાં જમની આગળ બોલીઃ વિદ્યુત્કુમાર રાજા લતાકુંજમાં આંખો મીંચીને વિચાર કરતો સ્વસ્થ બેઠો હતો એટલામા સાક્ષાત્ જમદેવ તેની સામે આવીને ઊભો રહ્યો અને યુદ્ધ વખતે જેવી રીતે તેની ખાંધ ઉપર હાથ મૂકયો હતો તેવીજ રીતે તેણે રાજાની ખાંધ ઉપર હાથ મૂકીને વિકટ હાસ્ય કર્યું. જાણે કે એકાએક વિજળી પડી હોય એવી રીતે રાજા મૂર્છિત થઇ ગયો. તેને સાવધ કરીને જમદેવે કહ્યુંઃ "હવે થોડાજ દિવસ પછી તારે ત્યાં બાળકનો જન્મ થશે અને તે બાળક તેં મને અર્પણ કરવાનું કબૂલ કર્યું છે, એ તને સાંભરે છે ને ?"

રાજા કેવળ દીન વાણીથી કરગરતો બોલ્યોઃ "દયા કર ! દયા કર ! અહો જમદેવ ! મારા પર દયા કર !"

"દયા ? એ શો પદાર્થ છે તે હું જાણતો નથી." જમદેવ પોતાના

કઠોર સ્વરથી બોલ્યો: " એક મહાભયંકર કાળસર્પ શરીરની આસપાસ વીંટળાઈ વળ્યો હોય અને તે પોતાની વિષયુક્ત તથા વિકરાળ દાઢોવાળા મુખમાંથી જિહ્વા કાઢીને કોઇ માણસનું શરીર ચાટતો હોય, તે વખતે તે માણસ તેની પાસે દીન વાણીથી દયાની માંગણી કરે, તેના જેવો જ તારી દયાની માંગણીનો આ પ્રકાર પણ છે અરે ક્ષુદ્ર માનવી! પૂર્વના પ્રસંગને તું વિસરી જતો લાગે છે! તેં સોગદ લીધા છે કે તને જે પહેલું બાળક થાય તે તારે મને અર્પણ કરવું અને તે સોગંદ હું તારી પાસેથી પૂર્ણ કરી લીધા વિના રહેવાનો નથી!"

" અરે, હું જાગું છું કે સ્વપ્નમાં છું?" રાજા પોતાના મન સાથે બોલ્યો: "હે ઇશ્વર! હે જગદાધાર પ્રભુ! મને આ દુઃખમાંથી મુક્ત કર! આ દુઃખમય સ્વપ્નમાંથી જાગૃત કર?"

"મૂર્ખા! આ શુ તને સ્વપ્ન લાગે છે?" જમદેવે તિરસ્કાર-દર્શક સ્વરથી કહ્યું: "રહે. હું તને જાગૃત કરૂં છું. આ પ્રકારને સ્વ-પ્નવત સમજીને તું ભલે તારા મનને ઠગ્યા કરે, પણ પૂર્વે તેં જે સોગંદ લીધા છે તે તાજા કરવાને માટે અને આજથી મારી મુલાકાત સ્વપ્ન માંહેની નથી. પરંતુ પ્રત્યક્ષ છે તે હમેશાં તારા ધ્યાનમાં રહેવા દેવાને માટે હું એક નાની નિશાની તારા ઉપર કરી રાખું છું." એમ કહીને જમદેવે વિદ્યુત્કુમાર રાજાનું કાંડું પોતાના હાથમાં ક્ષણમાત્ર-માત્ર એક જ ક્ષણ-પકડી રાખ્યું. પણ તેટલા વખતમાં તેને જે અસહ્ય વેદના થઇ. તેથી જાણે કે તપાવીને લાલચોળ કરેલા ચીપીયાથી તેનું કાંડું મજબૂત રીતે પકડવામાં આવ્યું હોય, એવો અનુભવ તે દુર્દૈવી રાજાને થયો! રાજાનાં મુખમાંથી દુઃખની એક હ્રદયદ્રાવક ચીસ બહાર નીકળી. જમદેવ મોટા આનંદથી વિકૃત હાસ્ય કરી રહ્યો છે, એવો તેને ભાસ થયો અને તુરતજ તે મૂર્ચ્છિત થઈને ધરણીપર ઢળી પડયો!

પ્રકરણ ૫ મું.

જમનીનો જન્મવૃત્તાંત.–(આગળ ચાલુ.)

વિદ્યુત્કુમાર જે વખતે સાવધ થયો, તે વખતે તેને એવું લાગવા માંડયું કે જાણે પોતે હજી ઉપવનમાં જ પડેલો છે, જમદેવ પોતાની પાસે જ ઊભો છે અને આંખો ઉઘાડતાંની સાથે જ તેની ભયાનક મૂર્તિ પોતાની દૃષ્ટિએ પડશે! આથી તેણે ઘણી વારસુધી પોતાની આંખો મીંચેલી જ રાખી. પરન્તુ પોતે લતાકુંજમાંના શિલાખંડ ઉપર નથી, પરન્તુ મૃદુ શય્યાપર સૂતેલો છે, એવુ તેના ધ્યાનમાં આવતાં જ તેણે આંખો ઉઘાડી અરૂણસુંદરીની મનોરમ્ય મૂર્તિ તેની નજરે પડી. પોતાનો પતિ ભાનમાં આવે છે એ જોઇને તેને આનંદ થયો અને તેના મુખપર મન્દ સ્મિત ફરકવા લાગ્યું. પત્નીનું સસ્મિત વદન જોતાં વિદ્યુત્કુમારને પણ આત્યાનંદ થયો. પોતાને જમદેવનું પ્રત્યક્ષ દર્શન થતું નહિ હોય, પરન્તુ માત્ર સ્વપ્નમાં જ વ્યર્થ ભાસ ગયો હશે. એવું જ્યાં તેના મનમાં આવે છે, ત્યાં તો કાંડાપરની બળતરા સ્પષ્ટ થવા લાગી અને તેનો સઘળો આનંદ ક્ષણમાત્રમાં નાશ પામીને તે પુનઃ મૂર્છિત થયો!

રાજા ફરીથી સાવધ થયો અને તેણે પોતાની પત્નીને સર્વ વૃતાંત કહી સંભળાવ્યો. તે વખતે અરૂણસુંદરીએ દુઃખથી જે કલ્પાંત કર્યું તેનું વર્ણન કરવાને હું તદ્દન અસમર્થ છું, એ દંપતીએ પોતાનાં આંસુથી એક બીજાને ન્હવરાવ્યાં! રડવાથી આંખો લાલચોળ થઇ ગઇ. હવે શું કરવું તે વિષે તેઓ વિચાર કરવા લાગ્યાં. તેમણે તુરત જ ગુરૂ શૈલદેવને બોલાવ્યા અને તેમને સઘળી હકીકત કહી, છેવટે તેમને

પ્રાર્થના કરી કે: "મહારાજ ! આપ વિદ્વાન્ છો અને આપને શાસ્ત્રની અનેક વાતોનું જ્ઞાન છે, તો આપ કૃપા કરીને આ વિપત્તિ: માંથી મારું રક્ષણ કરો."

ગુરૂ શૈલદેવ જોકે મોટા ધર્મનિષ્ઠ માણસ હતા, તોપણ આવા વિલક્ષણ પ્રકાર તેમણે બહુ જોયા નહોતા. તે પોતે તો વૈષ્ણવ ધર્મના મોટા અભિમાની હતા. તોપણ તે શૈવ ધર્મીઓનો દ્વેષ કરતા નહિ. તેમણે એવુ કહ્યું કે "આપને જે પહેલું બાળક થાય. તેને આપે વૈષ્ણવ ધર્મની દીક્ષા આપવી, કારણકે જમદેવ પોતે તો વિષ્ણુ ભગવાનની આજ્ઞા પ્રમાણે પોતાનું કામ કરે છે એવું પુરાણોમાં કહેલું છે, પોતાના ભક્તને વિષ્ણુ ભગવાન્ સંકટમાં પડવા દેશે નહિ, એટલે પછી જમદેવનું જોર આપના ઉપર બિલકુલ ચાલશે નહિ." શૈલદેવે ગંભીર વાણીથી કહ્યું: "જુઓ દીકરા ! મારી પાસે તો તમે મારાં બાળક જેવાં છો અને તમારા પર આવેલા આ સંકટથી તો તમે મને વધારે વ્હાલાં લાગો છો. ભગવાન ગોપાલ-કૃષ્ણ ઉપર એકનિષ્ઠા રાખો, એટલે તે તમારાં સઘળાં સંકટો નષ્ટ કરી નાંખશે' તેમજ આ સઘળી હકીકત તમે તદ્દન ગુપ્ત રાખજો. પોતાના રાજાપર આ પ્રકારનાં અધિદૈવિક સંકટો આવી પડયાં છે એવું જો પ્રજાના જાણવામાં આવશે તો તે બહુ દુઃખી થશે અને આપની માનસિક દુર્બળતાનો લાભ લઇને કદાચ આપના શત્રુઓ પણ પ્રજાને પીડા કરવા લાગશે."

એ ગુરૂ શૈલદેવના ઉપદેશ પ્રમાણે વર્તવાનુ વિદ્યુત્કુમારે કબૂલ કર્યું. એ વાતને કેટલાક દિવસ વીતી ગયા અને અરૂણસુંદરીનો પ્રસૂતિકાળ સમીપ આવી પહોંચ્યો. શહેરના લોકોએ એ શુભ પ્રસંગે મોટો ઉત્સવ કરવાનો નિશ્ચય કર્યો અને તે માટે સર્વત્ર મોટી ધામધૂમ

ચાલવા લાગી. રાજાને બાળક થયાની ખબર તે પ્રાંતમાં જલ્દી પ્રસારી દેવાને ઉટસ્વારોને તૈયાર રાખવામાં આવેલા હતા. લોકો આનંદમાં હતા ખરા, પરન્તુ રાજાના મનની સ્થિતિ બહુ ખરાબ હતી! એકી-સાથે હજારો વીંછી કરડયા હોય અને જેવી વેદના થાય તેવી વેદના તેના અંતરૂમાં તે વખતે થતી હતી. રાણીને પ્રસૂતિવેદના શરૂ થઇ. લોકો કામધધો મૂકીને શુભ સમાચાર જાણવાની ઉત્કંઠામાં બેસી રહ્યા. ઉત્સવને લગતી સઘળી તૈયારીઓ તેઓએ કરી રાખી હતી અને રાણીને શુ અવતરે છે. એ જાણવાને તેઓ બહુજ ઉત્સુક દેખાતા હતા. રાજમહાલયના દ્વારૂપર રાજસેવકોની અને બીજાઓની ગીર્દી થવા લાગી. સ્હવારથી જ સુયાણીઓની આવજા તો શરૂ થઇ ચૂકી હતી, પરન્તુ પ્રસૂતિ તો બરાબર બપોરે જ થઇ. રાણીને જોડકું અવતર્યું છે. અને બન્ને બાળક પુત્રીઓ જ છે, એવું જ્યારે રાજાએ જાણ્યુ ત્યારે તેના મનને કિંચિત્ શાન્તિ વળી, કારણકે એકને જો જમદેવને અર્પણ કરવામાં આવે, તોપણ બીજી તો પોતાની પાસે જ રહેશે, એવું હવે તેના મનમાં આવ્યું.

રાણીને બે પુત્રીઓ અવતરી એ ખબર જાણીને નગરવાસીઓને જોકે આનંદ થયા વિના રહ્યો નહિ, તોપણ જો પુત્ર અવતર્યો હોત તો તેમને વધારે સંતોષ થયો હોત, એ તો દેખીતું જ હતું. રાજાએ તુરતજ શૈલદેવ મહારાજને, પુત્રીને વૈષ્ણુવ સંપ્રદાયની તૃપ્ત મુદ્રા લગાવવા સારૂ અર્થાત્ તેને વૈષ્ણુવ ધર્મની દીક્ષા દેવા સારૂ બોલાવ્યા શૈલદેવ મંદિરમાં જઇને પૂજાનાં સાહિત્યોની તૈયારી કરવા લાગ્યા. રાજા પોતાના મહાલયમાં એકલો જ બેઠો હતો, એટલામાં તેને લાગ્યું કે પાછળથી કોઇએ પોતાની ખાંધપર હાથ મૂકયો છે. તેણે તે સ્પર્શને તુરતજ ઓળખી લીધો. એક વાર યુદ્ધપ્રસંગે અને બીજી

એકવાર ઉપવનમાં, એવી રીતે બે વાર જેના દર્શનનો પ્રસંગ આવ્યો હતો તે સાક્ષાત્ જમદેવ જ ત્યાં આગળ પ્રકટ થયા! જમદેવે પોતાની ભયંકર આંખો વિદ્યુત્કુમાર તરફ કરીને કઠોર સ્વરે કહ્યું: "નીચ મનુષ્ય! સંકટને વખતે તે મારી પ્રાર્થના કરી અને જેની મદદથી તું આજ આ સ્થિતિએ પહોંચ્યો, તેને આવે ખરે વખતે તું ફસાવવાનો યત્ન કરે છે કે? તે મૂર્ખ બામણાના કહેવા પ્રમાણે વર્તીને તું તો તારા સોગદને ભાંગવાનો જ હતો, પણ તે માટે એ બામણાનો હું સમૂળો નાશ કર્યા વિના રહેવાનો નથી. તારી બે પુત્રીઓમાંની એકની વ્યવસ્થા તારી મરજીમાં આવે તેવી કરજે, પણ તેમાંની એક તો મારી છે. તારા પર—નહિ, તારી ઓપર—હું માત્ર એટલી જ મહેરબાની કરૂં છું કે મારી છોકરીને હમણાં હું લઇ જતો નથી, કારણકે આજે મને તેનું કશું કામ નથી."

"ઠીક છે: ત્યારે હજી પણ થોડીક આશા છે ખરી!" વિદ્યુત્કુમાર ધૈર્યથી જમદેવની વિકરાળ અને કાળી ભયાનક આકૃતિ તરફ નજર કરીને બોલ્યો.

"આશા?! પામર મનુષ્ય!" ઉપહાસપૂર્વક હાસ્ય કરીને જમદેવ બોલ્યો: "આજસુધી આ પૃથ્વીપરનાં સર્વ મનુષ્યો એ આશા ઉપર જ ભરોંસો રાખીને ઠાર મૂઆ છે અને મારા પાશમાં સપડાયા છે! હવે હું શું કહું છું તે તું સાંભળી લે અને પછી તારી મરજીમાં આવે તે પ્રમાણે આશાના કિલ્લા બાંધ્યે જા! હમણાં બન્ને છોકરીઓને તારી પાસે જ રહેવા દેજે. અત્યારે જોકે બન્ને છોકરીઓ સરખી દેખાય છે તો પણ તેમાંથી મારી છોકરી કઇ એ થોડા જ વખતમાં સ્પષ્ટ સમજાઇ જશે. જેનો રંગ અત્યારે છે તેવો ને તેવો જ ગોરો રહે, તેની તું મારી મરજીમાં આવે તેવી વ્યવસ્થા કરજે, પણ મારા

બળિદાનનો રંગ હું મારી મરજી પ્રમાણે કાળો કરીશ. એ મારી છોકરીનું નામ પણ 'જમની અર્થાત્ જમદેવની પુત્રી-એવું રાખજે, મારી આ આજ્ઞા પ્રમાણે જો તું વર્તશે, તો હું તે છોકરીને તેની જનેતા પાસે રહેવા દઇશ, નહિતો-મારા સામર્થ્યની તને ખબર તો છે જ-મારી મરજીમાં આવશે ત્યારે તેને હું લઇ જઇને મારી પાસે રાખીશ."

"તેનું નામ તો હું જમની રાખીશ, પણ કૃપા કરીને તેને લઇ જઇશ નહિ." વિદ્યુતકુમારે કાલાવાલા કરીને કહ્યું.

"ઠીક છે." જમદેવે કહ્યું: "છોકરી દેખાવમાં બહુ સુંદર છે. કેટલાક વખત પછી મારી છોકરી મોટી થશે અને તે વખતે તે મને ઉપયોગી થઇ પડશે. તેનું સારી રીતે પોષણ કરજે."

જમદેવના આ ભાષણનો સ્પષ્ટ અર્થ રાજા સમજી શકયો નહિ, તેથી તે તેના વિકરાળ ચહેરા તરફ ટગર ટગર જોઇ રહ્યો.

એક વાર ફરીથી વિકટ હાસ્ય કરીને જમદેવે કહ્યું: "મેં શું કહ્યું તે તારા ધ્યાનમાં આવ્યું જણાતું નથી. સાંભળ, હું સમજાવું છું આ મારી કન્યા યુવાવસ્થામાં આવશે, ત્યારે તે અતિશય સુંદર દેખાશે. તેના ઉપર મોહિત થઇને અનેક શૂરવીર પુરૂષો અને રાજા મહારાજાઓ તેના પગમાં પોતાનાં માથાં અર્પણ કરશે! કેટલાક માંહોમાંહે લડીને મારા મુખમાં પડશે, ત્યારે કેટલાક તેના ઉપર મુગ્ધ થઇને તેને મેળવવા માટે મારી સાથે લડવાને તૈયાર થશે, કારણ કે તેઓને એ એવું કહેશે કે, પોતાને એક પિશાચે ઘેરી લીધી છે માટે તેની સાથે જે યુદ્ધ કરીને તેને જીતશે તેને પોતે વરવા તૈયાર છે! એવી રીતે મારા પાશમાં અનેક મનુષ્યો સપડાઇ જશે. સુંદર સ્ત્રીઓ દીપકના જેવી છે અને તેની આસપાસ મોહિત થઇને ફરનારા પુરૂષો

પતંગ જેવા છે, એટલે પતંગો દીપકને ભેટવા જતાં તેમાં પડીને ભસ્મીભૂત થઇ જાય એમાં શી નવાઇ ?"

"શિવ ! શિવ ! શિવ !" વિદ્યુત્‌કુમાર બોલ્યો: "મારી પુત્રીએ એવી રીતે તારી સેવા કરવી એ બહુ જ શરમાવનારી વાત છે ! હે જમદેવ ! બીજો કાંઇ માર્ગ હોય તો કહે-હું પોતે જ, તું કહે તો, મારો જીવ કાઢી આપવા તૈયાર છું !"

"પણ તું તેને હવે પછી તારી પુત્રી સમજીશ જ નહિ અને ખાસ કરીને મારી પાસે તો એવું બોલીશ જ નહિ ! તે પુત્રી મારી છે અને તેટલા માટે જ મેં તેનું નામ 'જમની' રાખ્યું છે !" જમદેવે રોષપૂર્વક કહ્યું.

રાજા દીન વદન કરીને બોલ્યો: "કૃપાળુ જમદેવ ! મારી કન્યાની તારા હાથમાંથી મુક્તિ થવાનો શું કશો માર્ગ નથી ? જો કાંઈ પણ ઉપાય હોય તો—"

"છે–એક માર્ગ માત્ર છે, પણ તે હું કહીશ, એટલે પછી તારૂં અને મારૂં વૈર માત્ર વૃદ્ધિંગત થશે અને તારા પર અનેક સંકટો આવશે, માટે એક વાર વિચાર કરી જો !" જમદેવે કિંચિત્ ધીમા પણ નિશ્ચયી સ્વરે કહ્યું.

"ગમે તેવાં સંકટો આવો–ગમે તેટલી હાનિ થાઓ, તે વેઠવાને હું તૈયાર છું ." રાજાએ ઉત્સાહથી જવાબ આપ્યો.

"સાંભળ ત્યારે, એની ઉમરનાં અઢાર વર્ષ પુરાં થયા પહેલાં જો કોઇ વીર નર, કેવળ નિષ્કામ બુદ્ધિથી–તેના ઉપર આશક્તિ નહિ રાખતાં, મારી સાથે યુદ્ધ કરીને જય મેળવશે, તો તેના ઉપરનો મારો હક હું છોડી દઇશ. તેનું વીસમું વર્ષ જે દિવસે પૂરૂં થાય, તે દિવસસુધીમાં જો કોઇ વીર મારી સાથે યુદ્ધ કરવાને આવશે નહિ, તો

પછી હું તેનો મારી મરજી પ્રમાણે ઉપયોગ કરીશ!" એટલું કહીને જમદેવ અદૃશ્ય થઇ ગયો.

જમની બળવંતસિંહને કહે છે:—આ સર્વ પ્રકાર જાણે કે સ્વપ્નમાં જ બનતો હોયની, એવું રાજાને તો લાગ્યું. પૂર્વે જ્યારે તેને જમદેવનું દર્શન થયું હતુ, ત્યારે પણ એવો જ-સ્વપ્નાના જેવો ભાસ તેને થયો હતો. પણ તે વખતે જમદેવે કાંડા ઉપર ચોડી દીધેલા ડામનો ઘા હજી સુધી કાયમ જ હતો. તેની તરફ રાજાની દૃષ્ટિ જતાં જ તે મનમાં બહુ ગભરાઇ ગયો અને આ સર્વ પ્રકાર ખરો છે, એવી તેને ખાત્રી થવાને બહુ વિલંબ લાગ્યો નહિ. પોતાની પુત્રીના અને પત્નીના મુખનું અવલોકન કરવાને રાજા રાજમંદિરમાંથી બહાર નીકળ્યો અને શૈલદેવ ગુરૂને મળવાને દેવમંદિર પાસે આવ્યો. દેવમંદિરનું દ્વાર બંધ હતુ, તે ઉઘાડીને રાજા અંદર ગયો, તો ત્યાં એક ભયાનક પ્રકાર તેની દૃષ્ટિએ પડયો! જે શૈલદેવ ગુરૂને મળવા માટે તે ત્યાં આવ્યો હતો તેની તો દુર્દશા થઇ ચૂકી હતી! કોઇ દુષ્ટે તેમના શરીરના ટુકડે ટુકડા કરી નાંખ્યા હતા અને તે ટુકડા તેમના લોહીમા ખાસ રંગીને દેવમંદિરમાં જ્યાં ત્યાં ફેંકી દેવામાં આવ્યા હતા! હાથ એક ખૂણામાં તો પગ બીજા ખૂણામાં! આંખોના ડોળા બહાર કાઢીને તેના લોચા માથાપર મૂકવામાં આવ્યા હતા! અને નાક કાન કાપી નાંખવામાં આવેલા હતાં!! એ ઉપરથી જણાતું હતુ કે કોઇએ તેમનો જીવ લેવાનો નહિ પણ રીબાવી રીબાવીને મારવાનો પોતાનો હેતુ સિદ્ધ કર્યો હતો. આ સર્વ પ્રકાર જોઇને રાજાનું મસ્તક કેવળ ભ્રમિત થઇ ગયું. એ ખૂનનો પત્તો લગાડવાને તે બૂમાબૂમ કરીને માણસો એકઠાં કરવાનો હતો, પણ એટલામાં તો જમદેવના શબ્દોનું તેને સ્મરણ થયું. શૈલદેવ ગુરૂ રાજાની બાલિકાઓને

વૈષ્ણવ ધર્મની દીક્ષા આપવાના હતા, તેથી જમદેવે આ પ્રમાણે તેમનું વૈર લીધું એ વાત મનમાં આવતાં જ રાજા દેવળ સ્તબ્ધ બની ગયો!

પ્રકરણ ૬ ઠું.

જમીનનો જન્મવૃત્તાંત-(આગળ ચાલુ).

સરદાર સાહેબ! અત્યાર સુધી આપને મેં જે વૃત્તાંત કહ્યો તેના કરતાં વધારે ચમત્કારિક અને ભયંકર વૃત્તાંત હજી હવે મારે કહેવાનો છે. રાજા ઉપર આ ખૂનના બનાવથી એક ભયંકર સંકટ આવી પડ્યું હતું. બુમાબૂમ કરીને ચાકરોને બોલાવવામાં આવે, તો ખૂન કરનાર ચોક્કસ માણસનું નામ આપવું પડે અને એ નામ ન આપવામાં આવે તો ખૂનનો વાંક પોતા ઉપર જ આવે; તેથી બને તેટલો પ્રયત્ન કરીને આ વાત ગુપ્ત જ રાખવી એવો તેણે નિશ્ચય કર્યો. શીલદેવનું એવી રીતે ખૂન થયું એવી વાત સુવાવડમાં રહેલી રાણીને કહેવી એ કામ બહુ જ જોખમભરેલું હતું. કારણકે તે વૃદ્ધ બ્રાહ્મણને રાણી પોતાના પિતા જેટલું માન આપતી હતી. એ પ્રમાણે રાજા કેવી મુસ્કેલીમાં આવી પડ્યો હતો, તેનો હવે આપ પોતેજ વિચાર કરો! મુખમુદ્રા ઉપર બની શકતી ગંભીરતા ધારણ કરીને રાજા દેવમંદિરનાં દ્વારા બંધ કરીને પ્રસુતિગૃહમાં ગયો અને તેણે પત્ની તથા બાલિકાઓનાં મુખનુ અવલોકન કર્યું, ત્યાંથી તુરત જ તે પાછો દેવમંદિરમાં આવ્યો. તેણે મુડદાના સઘળા ટુકડા એકઠા કર્યા અને તેને એક વસ્ત્રમાં મજબૂત રીતે બાંધ્યા. જમીન ઉપર પાણી રેડીને તે ધોઇ નાંખી અને મુડદાની ગાંસડી લેઇને સાવધાનતાથી તે

પોતાના મહાલયમાં ગયો. મધરાત થઈ ત્યાંસુધી રાજાના સદ્‌ભાગ્યે આ પ્રકારની કોઇને પણ ખબર પડી નહિ. મધરાતને સુમારે રાજાએ મુડદાની ગાંસડી ખાંધપર ઉગાડી અને રાજમહાલયના એક ગુપ્ત દ્વારે થઇને તે બહાર નીકળ્યો. લપાતાં–છુપાતાં તેણે શહેરની બહાર નદી તરફ જવાનો માર્ગ લીધો. તે નદી પર જઈ પહોચ્યો અને જેવો તે મુદ્દું નદીમાં ફેંકવા જાય છે, કે તુરત જ કોઇ બળવાન્ માણસે પાછળથી આવીને તેને બાથ ભરી લીધી! આથી રજાના હાથમાંનો બોજો નીચે પડી ગયો. રાજા તે વખતે કેવળ ગભરાઈજ ગયો અને તેણે પોતાને બાથ ભરનાર તરફ જોયું, તો માલૂમ પડયું કે તે બીજો કોઈ માણસ નહોતો, પણ જેને ફીતુર કરવાના ગુન્હા· માટે દેશપારની શિક્ષા કરવામાં આવી હતી તે તેનો જૂનો મુખ્ય પ્રધાન જ હથિયારબંધ સ્થિતિમાં આવી પહોંચ્યો હતો! રાજા કિંચિત્ રોષ તથા કટાળો બતાવીને બોલ્યો "હરામખોર! છોડી દે મને!"

પ્રધાન બોલ્યો: મહારાજ! આપની એ આજ્ઞાનો કશો ઉપયોગ થવાનો નથી! માટે એવી વ્યર્થ ડરામણી મૂકી દો અને જો હિંમત હોય તો હથિયાર કાઢો––"

એવે વખતે એ બેવકૂફ માણસ સાથે હુજ્જત કરવામાં કશો માલ નથી, એવું વિચારીને રાજાએ કહ્યું:"મને લઢવાડ કરવી ગમતી નથી, હુ તને માત્ર એટલું જ પૂછું છું કે મેં તને હદપાર કર્યો છે. છતાં તું મારા મુલકમાં કેમ આવ્યો? અહીં આવવાનું તને કારણ શુ છે?"

"હું ગુપ્ત રીતે શહેરમાં આવીને કોઈ પણ સ્નેહીની મારફત માફી મેળવવાની તજવીજ કરવાનો હતો. પણ.મારા સદ્‌ભાગ્યે હું

જે કહું તે આપ કબૂલ કરો એવો શુભ પ્રસંગ પોતાની મેળે જ આવી પહોંચ્યો છે આ પ્રમાણે પરમેશ્વરનો મારા પર ઉપકાર થયો છે." માજી પ્રધાન બોલ્યો.

તેનો આવો ઉદ્ધત જવાબ સાંભળીને રાજા ક્રોધથી લાલચોળ થઈને બોલ્યોઃ " કેમ રે! એ લુચ્ચા! તું કોની સામે ઊભો છે તેનો વિચાર કરે છે કે નહિ! ધ્યાનમાં રાખ કે અલ્યા તું તારા રાજાની સમીપ ઊભોછે!"

"હા, હા, તે મારા ધ્યાનમા છે અને વિશેષ એટલું પણ મારા ધ્યાનમાં છે કે એ રાજાની આબરૂનું રક્ષણ કરવું કિંવા તેનો નાશ કરવો એ પણ સંપૂર્ણ રીતે મારા હાથમાંજ છે." નીચે પડેલી ગાંસડી તરફ આંગળી કરીને પ્રધાન બોલ્યો: "આપની સગળી હકીકત આ ગાંસડી જ કહી આપે છે. એ નીચે પડી. તે વખતે તેનો જે અવાજ થયો હતો તે ઉપરથી અને તેના આકાર તથા તે ઉપર પડેલા ડાઘ ઉપરથી તેમાં કોઇનું મુડદું છે એ કહેવાને કાંઇ કોઈ મોટા જોષારાજની જરૂર પડે તેમ નથી. અને તે મુડદું આ નદીમાં—"

રાજા વચમાં બોલી ઉઠયોઃ "હાય! હાય! અરે પ્રભુ! હવે શું થશે? એ કેવળ ખરી વાત છે, પણ તે ખૂન કાંઈ મેં મારે હાથે કર્યું નથી!,'

" જો એ ખૂન તમે નથી કર્યું, તો પછી મુડદું તમે જાતે ઉપાડીને તેને નદીમાં નાંખી દેવાને આવા મધરાતના વખતે ચોરીછૂપીથી કેમ પધાર્યા છો? આપના જેવા રાજાધિરાજે આવું કામ જાતે કરવાની શી જરૂર પડી?" પ્રધાન બોલ્યો: " હશે, તે ગમે તેમ હો. આપે હમણાં કહ્યું કે આપને લઢવાડ કરવાનું પસંદ

નથી, તો હું લઢવાડ કરવા ઇચ્છતો નથી. આપણે માંહોમાંહે જ માંડવાળ કરી નાખીએ. હું મારુ મ્હોં બંધ રાખીને આપની વાત ગુપ્ત રાખીશ અને તેના બદલામાં આપે મને મારા અપરાધની ક્ષમા આપવી અને મારો પૂર્વનો અધિકાર મને પાછો શોંપવો, જુઓ.—વિચાર કરો—અત્યારે આપ આટલું કામ સહજ કરી શકો તેમ છો. આપને ત્યાં હમણાંજ બે બાળકોનો જન્મ થયો છે. તેના આનંદોત્સવમાં સર્વે અપરાધીઓના ગુન્હા માફ કરવાની આપ દાંડી પિટાવો. આવે પ્રસંગે આપ એવું ઔદાર્ય બતાવશો તો તેથી પ્રજા આપની પ્રશંસા જ કરશે. પછી એ ખબરનો ફેલાવો થવામાં જેટલો વખત જોઇએ તેટલો વખત પસાર થયા પછી હૂં પ્રકટ થઇશ અને ભરકચેરીમાં આપને પગે પડીને ક્ષમાયાચના કરીશ. તેમ જ મારો પૂર્વ અધિકાર મને આપવાને માટે વિનતિ કરીશ. તે વખતે આપ મને મારો ઓદ્ધો પાછો સોંપી શકશો."

"પણ આવા રાજદ્રોહી માણુસ પુનઃ પાસે રાખવાથી આખી પ્રજા મારી વિરૂદ્ધ બંડ ઉઠાવશે. તેનું કેમ?" રાજાએ કહ્યું.

"ત્યારે રાજા ખૂની છે એવું જાણવાથી લોકો બંડ ઉઠાવ્યા વિના રહેશે કે?" પ્રધાને સામો પ્રશ્ન કર્યો.

"એવું બોલવાની હિંમત તુ કેમ ચલાવી શકે છે?" રાજાએ નિરાશ થઇને કહ્યું.

"મારા લાભને માટે હું મારી મરજીમાં આવશે તેમ બોલીશ. મારા કથનની સત્યતા બતાવવાને આ ગાસડીમાંનો પુરાવો જ બસ છે." તે નીચ પ્રધાન તે મુડદાની ગાંસડી તરફ આંગળી કરીને બોલ્યો.

આવો વિકટ પ્રસંગ આવી પાડવાથી તે નીચ પ્રધાનનું કહેવું અક્ષરશઃ કબૂલ કરવાની રાજાને ફરજ પડી. રાજાએ પોતાના વચનના બદલામાં પોતાના હાથમાંની વીંટી તે પ્રધાનને આપી. પછી તેણે તે મુડદું નદીમાં નાંખી દીધું અને કોઇની દૃષ્ટિએ નહિ પડતાં તે પુનઃ પોતાના મહાલયમાં આવીને દાખલ થઈ ગયો આજસુધી બનતા રહેલા સઘળા બનાવો તેની નજર સામે આવીને ઊભા રહ્યા અને ભવિષ્યમાં કેવા ભયંકર પ્રસંગો આવી પડશે તે માટેના વિચાર કરતો અને તલસતો-તરફડતો તે બિછાનાપર પડયો.

બીજે દિવસે સાંજે રાજાએ મોટો દરબાર ભરીને બાલિકાઓના જન્મોત્સવ નિમિત્તે સઘળા કેદીઓને અને હદપાર કરેલા ગુન્હેગારો વગેરેને એકસામટી માફી આપી દેવાનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. આ વાત સાંભળીને લોકોને બહુ આનંદ થયો, પરન્તુ તેઓનો તે આનંદ બહુ વખત ટકયો નહિ, કારણકે એ જાહેરનામાનો લાભ લઇને તુરત જ માજી રાજદ્રોહી પ્રધાન આવીને રાજાનો એક કારભારી બન્યો. આ બનાવ પ્રજાને બિલકુલ પસંદ પડયો નહિ થોડાજ દિવસમાં સર્વે પ્રધાનમંડળ દૂર થઇ ગયું અને જૂના દુષ્ટ લોકોની નીમણુંકો કરવામાં આવી. તે રાજદ્રોહી પ્રધાન પુનઃ સર્વ રાજ્યકાર્યભાર પહેલાની પેઠે ચલાવવા લાગ્યો, જે થોડા લોકોએ રાજાના આ કૃત્ય તરફ નાપસંદગી બતાવીને રાજાને શિખામણની બે વાતો કહી, તેમના ઉપર કાંઇ કાંઇ તરકટો ઊભાં કરીને તે દુષ્ટ પ્રધાને તેમના જીવ લીધા !

શૈલદેવ ગુરૂ એકાએક અદૃશ્ય થયા તેથી તેમનુ શું થયું હશે તે સંબધે રાણી અરૂણસુંદરીએ ઘણી વાર પૂછપરછ કરી અને તેના જવાબમાં રાજાએ તેના મનનું એમ કહીને સમાધાન કર્યું કે તે તો

કાશીની યાત્રા કરવા ગયા છે. એ પ્રમાણે ત્રણ વર્ષ વીતી ગયાં. જમદેવની ઇચ્છા પ્રમાણે મારૂં નામ 'જમની' રાખવામાં આવ્યું અને મારી બ્હેનનું નામ લતિકાદેવી રાખવામાં આવ્યું. અને બન્ને સ્વરૂપમાં એકસરખી હતી, પરન્તુ મારી બ્હેનનું સાન્દર્ય ગૌર વર્ણને લીધે મનોવેધક લાગતું,ત્યારે મારો કાળો રંગ હોઇને લોકોને હું ગમતી નહિ. મારા અને લતિકાદેવીના રૂપમાં કેટલું બધું સરખાપણું છે એ તો આપ જાણો છો જ.

અમારો બન્નેનો જન્મ થયાને ત્રણ વર્ષો વીતી ગયાં. એ ત્રણ વર્ષમાં રાજ્યાકાર્યભારમાં ઘણા ફેરફાર થઇ ગયા. લોકોમાં અસંતોષ બહુ વ્યાપી ગયો. લૂંટફાટ, જુલમ અને અન્યાયનું તો સામ્રાજ્ય ચાલવા માંડયું. પહેલાં જે રૈયત સર્વ રીતે આબાદ થતી જતી હતી, તે જ રૈયત ઉપર હવે અનેકાનેક સંકટો આવી પડયાં. રાજા તો રાજમહાલયની બહાર બહુ નીકળતો જ નહિ. તે અમારી માતા અને અમે બન્ને બ્હેનો આગળ જ બહુ વાર બેસી રહેતો તેના વર્તન સંબંધે લોકો વિવિધ પ્રકારની ટીકા કરવા લાગ્યાઃ,' તેને કંઇ પણ પિશાચ કિંવા રાક્ષસ તરફનું નડતર હોવું જોઇએ અને તેથી જ તેનું મગજ આમ ફરતું રહે છે. પહેલાં પણ તે આવો જ બની ગયો હતો. પરન્તુ પરરાજ્યનો હુમલો આવતાં તે પાછો શુદ્ધિમાં આવ્યો. હવે પાછું ફરીથી તેનું મગજ ચસકી ગયું છે. તેની એક પુત્રી તો શુદ્ધ કાજળ જેવી જ કાળી છે અને તેનું નામ વળી 'યમુના' નહિ પણ 'જમની' રાખ્યુ છે!" એવી એવી વાતો લોકો કરતા રહેતા.

પ્રકરણ ૭ મું.

જમનીનો જન્મવૃત્તાંત-(આગળ ચાલુ)

એક દિવસ કેટલાક માછી લોકો માછલાં પકડવાને નદીપર ગયા અને નદીના પાણીમાં પોતાની જાળ નાંખી, તો તેણું એક મોટી ગાંસડી આવી. તે ગાંસડા છોડીને જુએ છે તો તેમાંથી માણુસનાં અવયવો નીકળ્યાં. જોકે શૈલદેવનું મુડદું તેમાં નાંખ્યાને ત્રણ વર્ષ વીતી ગયાં હતાં, તોપણુ તે મજબૂત કપડામાં બાંધેલું હોઇને અને ઠંડા તનો મીઠા પાણીમા જ પડયું રહ્યું હોવાને લીધે તેમાં કોહવાટ થોડો જ ઉત્પન્ન થયો હતો. માછી લોકોએ તે ગાંસડી પાછી બાંધી દીધી અને તેને શહેરમાં આણીને રાજદરબારમાં રજુ કરી. લોકો એ મુડદું જોવાને એકઠા થયા. બીજી બાજુએ રાજ્યમાં ઘણાં ખૂનો થતાં હતાં અને તે કરવામાં દરબારી માણુસોનો હાથ હોવો જોઇએ એવું લોકો માનતા હતા. આથી આ બનાવને લીધે કાંઇ પણુ વિ-લક્ષણુ પ્રકાર ખુલ્લો થશે એમ માનીને લોકોએ પ્રધાનમંડળને ગાળો ભાંડવા માંડી.

એ વખતે મારા પિતા એક હાથની આંગળીએ મને અને બીજા હાથની આંગળીએ લતિકાને વળગાડીને બાગમાં ફરતા હતા. મારી માતા પણુ અમારી સાથેજ હતી. પહેલાં તો જ્યારે ગરબડ સાંભળવામાં આવી ત્યારે અમે તે તરફ બહુ ધ્યાન આપ્યું નહિ, પરન્તુ પછી તો બૂમરાણુ વધવા લાગ્યું અને તે નજીક ને નજીક આવવા લાગ્યું એટલે અમે બન્ને બ્હેનો ગભરાવા લાગી અને પિતાને વળગી પડી. મારા પિતાએ તપાસ કરી તો પહેરેગીરે એવું કહ્યું કે નગરવાસીઓએ બંડ કર્યું છે. એટલામાં એવી ખબર પણુ આવી કે શહેરના

બંદોબસ્ત માટે રાખેલા સૈન્યે લોકોને શાન્ત કરવાનું છોડી દીધું છે અને તેઓ પણ બંડખોર લોકોમાં શામેલ થયા છે. આ ખબર સાંભળતાં જ મારા પિતા એકદમ નિરાશ થઈ ગયા, પણ તુરત જ હિંમત ધારણ કરીને તેમણે મારી માતાને પાસે બોલાવી અને હવે શું કરવું તે વિષેનો પોતાનો વિચાર તેને જણાવ્યો. મારી માતાને પણ તે વિચાર પસંદ પડયો પછી ઉશ્કેરેલા લોકોની ખુલ્લા ચોગાનમાં મુલાકાત લેવી એવો નિશ્ચય કરીને અમે ચારે જણાં રાજમહાલય સામેના વિશાળ આંગણામાં દાખલ થયાં.

એ પ્રમાણે પોતાના રાજાને પોતાની સુંદર સ્ત્રી અને પુત્રીઓ સાથે પ્રજાની સમક્ષ ઊભેલા જોઇને એકઠા થએલા લોકોમાંના કેટલાકના મનનું સમાધાન થયું; પરન્તુ પ્રધાન ઉપર તેઓ એટલા ગુસ્સે થયા હતા કે જો તે વખતે તે ત્યાં હોત તો તેના તલ જેવડા ટુકડા થઇ જાત! તે ટોળામાંથી કેટલાક લોકો આગળ ધસી આવ્યા અને તેમણે શૈલદેવના મુડદાના ટુકડા રાજાના પગ આગળ રજુ કર્યા. તે વખતે હું અને લતિકા-બન્ને જણીઓ પિતાના શરીરને વળગી પડીને તેમના મુખ સામે આતુરતાપૂર્વક જોઈ રહી આ ભયંકર પ્રકાર જોઇને મારા પિતાજીનું મ્હોં ફિક્કુંફચ બની ગયુ અને તેમના મ્હોંમાંથી એવી કારમી ચીસ નીકળી ગઇ કે અમે ત્રણ ત્રણ વર્ષની બાલિકાઓ પણ સમજી ગઇ કે કાંઈક વિપરીત પ્રકાર બન્યો છે ! તે બનાવને જોકે આજ કેટલાંક વર્ષ વીતી ગયાં છે, તોપણ તે વખતે મારા પિતાએ પાડેલી ચીસ હજી પણ મારા કાનમાં ગણગણી રહી છે અને રાજાની ગભરાઇ ગએલી મુખમુદ્રા મારી આંખો સામે અત્યારે તરવરી રહી છે. જાણે કે એ બનાવ હજી ગઈ કાલે જ બન્યો હોય એવું મને અત્યારે ભાસે છે જેવી અમારી બે બહેનોની સ્થિતિ થઇ તેવી જ સ્થિતિ

અમારી માતાની પણ થઈ હતી. એ બનાવ બનવાને જોકે થોડાએ ક્ષણનો વિલંબ લાગ્યો નહોતો, તોપણ તે ક્ષણો અમોને વર્ષો જેટલી મોટી લાગી.

પણ આ પ્રકારનો આ દુઃખદ દેખાવ વધારે વખત ટકવાનું શક્ય જ નહોતું. તેથી રાજાના અંતરમાં જે અસહ્ય વેદના થઇ તેથી તેને દેહભાન રહ્યું નહિ. અસાવધ સ્થિતિમાં તેનાથી તે ભયંકર પણ સત્ય વાત બોલાઇ ગઈ: "ઓ ઇશ્વર ! આ મારા ભયંકર પાપનું તેં મને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપ્યું છે ! હાય ! હાય ! આ તો બિચારા શૈલદેવ ગુરૂનું મુડદું ! ખૂન—"

પણ તે પછીના શબ્દો કોઇના સાંભળવામાં સ્પષ્ટ રીતે આવ્યા નહિ, કારણકે રાણીએ શૈલદેવ ગુરૂનું નામ સાંભળતાં જ ભયાનક ચીસ પાડી અને તે મૂર્ચ્છિત થઇને ધરણીપર ઢળી પડી !

તે વખતે ત્યાં જે ભયંકર બનાવ બન્યો, તેનું વર્ણન કરવું અશક્ય છે. તે સમયે અમારાં મગજ જેમ દુઃખાવેગથી ભ્રમિત થઇ ગયાં હતાં તેમ લોકોનાં મગજ ક્રોધથી ભ્રમિત થઈ ગયાં હતાં. રાજાના મુખમાંથી જે શબ્દો અસાવધ સ્થિતિમાં નીકળી ગયા હતા, તેનો સંબંધ જોકે જમદેવે કરેલા ખૂન અને કહેલા શબ્દોની સાથે લાગુ પડતો હતો, તોપણ લોકોને તે વિષે કશી પણ માહિતી નહિ હોવાથી તેમણે જેવા શબ્દો સાંભળ્યા તેવા જ તેનો અર્થ કર્યો અને રાજાને ઠાર મારવાને તેઓ તૈયાર થયા. અમે એક વાર તો લોકોના હાથમાંથી જેમ તેમ કરીને છટકી ગયાં. તે વખતે અમારા પર કેવો ભયાનક પ્રસંગ ગુજરત, તેનું અત્યારે મને બરાબર સ્મરણ રહ્યું નથી.

આ સંકટમાંથી જીવ બચાવીને એમે અમારા એક વિશ્વાસુ સેવકના ઘરમાં પેસી ગયાં, ત્યારપછી બે દિવસે અમારા પિતાએ

વેશબદલો કરીને શહેર છોડી દીધું. મારા મતામહ-કામરૂ દેશના રાજાની પાસે જવાનો મારાં માતાપિતાએ વિચાર કર્યો, પરન્તુ ત્યાં જવાનો માર્ગ અમારા શત્રુ ઇંદુવર્માના રાજ્યમાં થઇને જતો હોવાથી ત્યાં જવામાં ભય રહેલો હતો. તોપણ અમે સૌએ વેશબાદલો કર્યો હોવાથી કોઈ અમને ઓળખી શકશે નહિ એમ સમજીને અમારા પિતાએ શત્રુના રાજ્યમાં પ્રવેશ કર્યો. ગમે તેમ થયું હોય, પણ ઈંદુ-વર્માને અમારી ઓળખાણ પડી ગઇ અને તેણે અમને પકડી લીધાં. પિતાજીને તેણે કેદમાં રાખ્યા અને અમને તથા અમારી માતાને તેણે જવા દીધાં. અમે મા-દીકરીઓ અનેક પ્રકારની અડચણો વેઠીને પણ કામરૂ દેશમાં જઇ પહોંચ્યાં. આ સઘળા બનાવોની એટલી માઠી અસર મારી માતાના શરીર ઉપર થઈ કે તેને માનસિક રોગ લાગુ પડયો અને તેથી તેનું શરીર દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યું.

અમારા માતામહે પોતાના વકીલોને ઇંદુવર્માના દરબારમાં મોક-લ્યા અને અમારા પિતાજીને છોડવા માટે જે કાંઈ ખંડણી તે માંગતો હતો તે આપીને તેમને છૂટા કરાવ્યા ત્યારપછી અમારા પિતાજી પણ અમારી પાસે આવીને રહ્યા. અમારા માતમહ બહુ જ માયાળુ હતા. અમારા પિતાજીને હાથે ખૂન જેવો ભયંકર અપરાધ થયો હોય એવું તેમને લાગ્યું નહિ. મારા માતા-પિતા પોતાના રાજ્યનો નાશ થવાથી ઝૂરવા લાગ્યાં, એ જોઇને મારા માતામહે પોતાનું સૈન્ય વધારવાથી શરૂઆત કરી. જેટલું જોઇએ તેટલું સૈન્ય એકઠું થયા પછી માતામહે તે સઘળું એક મેદાનમાં એકઠું કરીને મારા પિતા-જીને બતાવ્યું અને કહ્યું કે 'આ સઘળું સૈન્ય તારૂં પોતાનું જ છે એમ સમજીને તે તું લઈ જા અને તારૂં રાજ્ય જીતી લે.' આ સાંભ-ળીને મારા પિતાજીને બહુ જ આનંદ થયો અને તે સૈન્યનું સેનાપ-

તિપદ પોતાના હાથમાં લઇને સારૂં મુહૂર્ત જોઈ તે પોતાનું રાજ્ય પાછું જીતી લેવાને નીકળ્યા.

પણ આ તરફ અમારા રાજ્યની વિલક્ષણ સ્થિતિ થઈ ગઈ હતી. પેલો દુષ્ટ પ્રધાન જ રાજા થઇ બેઠો હતો, પરન્તુ માત્ર લોક તેને અનુકૂળ નહોતા. લોકો વારંવાર બંડ ઉઠાવતા રહેતા. આ સ્થિતિ ઘણા દિવસથી ટાંપી બેઠેલા ઇંદુવર્માના જાણવામાં આવતાં જ તેણે એકદમ સ્વારી કરીને અમારૂં રાજ્ય જીતી લીધું. આ પ્રમાણે બનાવ બની જવાથી મારા પિતાજીને હવે ઇંદુવર્માની સાથે જ પુનઃ યુદ્ધ કરવું પડયું. બે વર્ષસુધી ભારે યુદ્ધો થયાં પણ કોઇને જય મળ્યો નહિ. છેવટે દુર્દૈવે એક હલ્લામાં મારા પિતાજીને ભયંકર જખમ થયો અને તેથી જ તેમનું મરણ થયું.

મારા પિતાજીના મરણથી મારી માતાએ કેટલું કલ્પાંત કર્યું તેનું વર્ણન હું કરી શકતી નથી. તે વખતે અમે બ્હેનો સારી રીતે સમજણી થઈ હતી, તેથી અમે ત્રણે જણા એક બીજાની સામે જોઇને રડી રડીને જેમ તેમ દિવસ ગુજારતાં હતાં. પરન્તુ એટલેથી જ અમારૂં દુર્દૈવ પુરૂં થયું નહિ. પ્રભુની મરજી અમને ગામેગામ અને વનેવન ભટકાવવાની હતી ! અમારા માતામહે તૈયાર કરેલા સૈન્યનો પરાભવ અને નાશ થયાની ખબર અમારા માતામહના શત્રુઓને મળી એટલે તેમણે એકત્ર થઈને અમારા માતામહના રાજ્યપર હલ્લો કરીને તેમને હરાવ્યા. તે વખતે અમારા માતામહ પોતાના બે પુત્રોની સાથે લડાઇમાં પડયા ! એક વિશ્વાસુ સેવકની મદદથી મારી માતા માત્ર અમને સાથે લેઇને તે તોફાનમાંથી બહાર નીકળી ગઇ.

પછી અમે ઘણા દેશો ફર્યાં અને છેવટે આ પ્રાંતમાં આવ્યાં. આ જ પ્રાંતમાં અમારી માતાએ કાયમને માટે રહેવાનું શામાટે ઠરાવ્યું તેની મને ખબર નથી; પણ સંગમપુરથી દશબાર કોસ દૂર

આવેલા એક ગામડામાં એક નાની જગ્યા તેણે ખરીદ કરી અને ત્યાં અમે રહેવા લાગ્યાં. ત્યાં આવતી વખતે તેણે જે કાંઇ મૂલ્યવાન્ અલંકારો પોતાની સાથે આણ્યા હતા તે વેચીને અમે અમારો નિર્વાહ કરતાં હતાં. પરન્તુ અમારા દુર્દૈવને અમારી આ સ્થિતિ પણ ગમી નહિ ! ત્યાર પછી સાત-આઠ મહીને અમારી માતા પણ મરણ પામી તેની પછી અમારા પેલા વિશ્વાસુ નોકરે જ અમારૂં પોતાની પુત્રીઓની પેઠે રક્ષણ કર્યું. છેવટે તે પણ વૃદ્ધ થઇને મરણ પામ્યો. જે વખતે અમારા વય લગભગ તેર વર્ષની થઈ હતી. તેણે જ મરતી વખતે આ અમારો જન્મવૃત્તાંત અમને કહ્યો હતો અને તેણે આ સર્વ હકીકત મારી માતા પાસેથી સાંભળી હતી.

ત્યાર પછી મારી બ્હેન લતિકાદેવી કેટલોક વખત એક મઠમાં જઇને સાધ્વીઓની પાસે રહી હતી, હું તો જમની કન્યા રહી, એટલે જમદેવે મારે હાથે કાંઇ જૂદાં જ કાર્યો કરાવવા ધાર્યાં છે તો પણ જમદેવના હાથનું હથિયાર થઇને અનેક યુવાનોના પ્રાણ તેને અર્પણ કરવા કરતાં તેના હાથમાંથી છૂટવું એ વધારે સારૂં, એવું હું માનતી હોવાથી જમદેવની સાથે લડનાર એકાદ શૂરવીર યોદ્ધાની તપાસ હું કરી રહી છું. જ્યાં જ્યાં લડાઇઓ કિંવા મારામારી ચાલતી હોવાનું મારે કાને આવે, ત્યાં ત્યાં જઇને હું એવો એકાદ યોદ્ધો મળી આવે તે માટેની તજવીજ કરૂં છું. પરન્તુ આજસુધી મારી તજવીજ વ્યર્થ ગઈ છે. અનેક વીરોએ મારે માટે મરવાનું વચન આપ્યું, મારા પર તેઓને અનન્ય પ્રેમ હોવાનું મને કહ્યું, પરન્તુ મારા પર આસક્તિ નહિ રાખતાં કેવળ મિત્રતાની ખાતર જમદેવની સાથે લડવાને તૈયાર થનાર વીર નર આજસુધી મને કોઈ પણ મળ્યો નથી છેવટે કોઇ પણ વીર પુરૂષ મને મુક્ત કરવાને મળી આવશે

એવી આશાથી આ પ્રાંતમાં પોતાનું પરાક્રમ દર્શાવનાર આ વીરોત્તમ મહારાજની છાવણીમાં હું આવીને રહી. તેમની પાસે આવીને તેમને એકાન્તમાં મળી મેં મારી ગુપ્ત, આશ્ચર્યજનક અને ભયંકર જન્મકથા કહી અને તેમણે મને પોતાની પુત્રી માનીને પોતાની પાસે રાખી. મારી વયનાં અઢાર વર્ષ પુરાં થવાને ફક્ત આઠ જ દિવસ બાકી રહ્યા છે, એટલામાં જો કોઇ ભાગ્યવંત પુરૂષ મને મુક્ત કરશે તો ઠીક છે અને નહિ તો માત્ર મારા કારણથી કેટલા કેટલા અનર્થો થશે તેની હું અત્યારે કલ્પના પણ કરી શકતી નથી.

તો પણ હવે મારા મનમાં થોડીએક આશા ઉત્પન્ન થવાનું એક કારણ પ્રાપ્ત થયું છે ઇશ્વરે જ એક ગુજરાતી જુવાનને એક દિવસે સાંજે વીરોત્તમ મહારાજના તંબૂમાં મોકલી આપ્યો. બીજે દિવસે સ્હવારે તે જુવાને છાવણીમાંથી જતી વખતે " તું સુખી-પુર્ણ રીતે સુખી તે છે ના ? " એવો મને પ્રશ્ન પુછ્યો. તે ઉપર મેં ઉલટો તેને એવો પ્રશ્ન કર્યો કે " આ જગત્‌માં પુર્ણ સુખી કોણ છે ! " તે ઉપર તેણે એવું કહ્યું કે " સુંદરી ! તને દુઃખ થાય છે એવું જો મારા જાણવામાં આવશે તો તેથી મને અતિશય દુઃખ લાગશે ! " તેના આવા શબ્દો સાંભળીને મારા મનને કેટલી શાન્તિ મળી હશે તે તો પરમેશ્વર જ જાણતો હશે ! તે જ વખતે તે જુવાને સ્નેહભાવ રાખવાનું મને જણાવ્યું. તે ઉપરથી મારા મનમાં એવું આવ્યું કે કદાચ એ જુવાનને હાથે જ જમદેવના હાથમાંથી મારી મુક્તિ થશે ! તે જુવાનની મેં આઠ દિવસ પહેલાં જ આ સ્થળે-આજ બાગમાં મુલાકાત લીધી હતી, અને તેણે મને પ્રસંગ પડયે જોઇએ તેવી મદદ કરવાનું કબૂલ કર્યું છે અને એ યોદ્ધો બીજો કોઇ નહિ, પણ સરદાર સાહેબ ! આપ પોતે જ છોઃ એમ કહીને જમની તેને પગે પડી.

પ્રકરણ ૮ મું.

પ્રતિજ્ઞા.

જમની એ છેવટના શબ્દો એવા ઉત્સાહપૂર્ણ સ્વરથી બોલી કે તે સાંભળીને બળવંતસિંહને તેની બહુ જ દયા આવી. તેના તરફ તે વીરશ્રીયુક્ત આનંદની દૃષ્ટિથી જોવા લાગ્યો. પહેલાં તેણે જમનીને બે-ત્રણ વાર જોઇ હતી, પણ તે વખત કરતાં આ વખતે ચંદ્રના પ્રકાશમાં બળવંતસિંહને તે વધારે સુંદર દેખાઇ ! તે તેના કૃષ્ણવર્ણ અને તેજસ્વી વદન તરફ જોતાં જોતાં દેહભાન વિસરી ગયો અને તેથી તેણે જમનીને કેટલીકવાર સુધી કશો ઉત્તર ન આપ્યો અને પોતાના પગ પાસે તેને પડી રહેવા દીધી !

" અહો વીરશ્રેષ્ઠ સરદાર બળવંતસિંહ ! તમે મને મદદ કરશોને ? " કેટલીક વાર સ્તબ્ધ રહીને જમની બોલી: " મહારાજ ! આપે મારી સાથે મિત્રતા કરી છે. મારા કલ્યાણની ઇચ્છા આપના અંતઃકરણમાં સદૈવ જાગ્રત રહેશે અને પ્રસંગ પડયે જયદેવ સાથે લડવાને પણ આપ પાછળ હઠશો નહિ, એ વાત ખરીને ? આપ જે કાંઈ બોલ્યા છો-જે વચન આપ્યું છે તે માટે પાછળથી આપને કાંઈ પશ્ચાત્તાપ થતો નથીને ? આપ જે કાંઇ બોલ્યા છો, તે શૌર્યના આવેશમાં નકામો બડબડાટ તો નથી કર્યોને ? તેવું જ હોય તો મને કહી દો-હું કાંઇ તમારા પર ગુસ્સે થઈશ નાહ-પણ મારા મનની સઘળી આશાઓ હું છોડી દઇશ. ચાલો, આપણે એક બીજાની રજા લઇશું; પુનઃ એક બીજા મળીશું જ નહિ, એટલે એક બીજાને માટે સારો-મીઠો વિચાર કરવાનું કશું કારણ જ નહિ ! "

" ગમે તેમ થાય, પણ હું મારો બોલ પાછો ખેંચવાનો નથી!"

બળવંતસિંહ આવેશથી બોલ્યો અને તેણે જમનીને આસ્તેથી પોતાના હાથવડે પગ પાસેથી ઉઠાડીને પાસે બેસાડી. તે આગળ બોલ્યો: " જમની ! આ બળવંતસિંહને નકામાં ગપ્પાં મારવાની અને જેમ મનમાં આવ્યું તેમ બકવાની ટેવ નથી ' તારી હકીકત સાંભળ્યા પહેલાં મેં તને પૂર્ણપણે વચન આપ્યું નહોતું. પણ હવે હું તને તેવું વચન આપુ છું. પહેલાં મે તારી પાસેથી મિત્રતાની ઇચ્છા કરી હતી અને તે અમૂલ્ય બક્ષીસ તે મને આપી હતી. હું તારા સુખને માટે બની શકતો સઘળો પ્રયત્ન કરવામાં કદી પણ કસુર કરીશ નહિ. અમે ગુજરાતી વીરો શૌર્યનાં કાર્યોમાં એક પગે તૈયાર જ રહીએ છીએ. આ મારી વિજયી તલવાર અને ભગવાન્ ભોળા શંભુ ઉપર ભરોસો રાખીને સાક્ષાત્ જમદેવની સાથે લડવાની આવી તક હું કદી પણ જવા દેવાનો નથી. "

" સરદાર સાહેબ ! આપ જેવા શૂરા છો, તેવા જ ઉદાર પણ છો." જમની કોમળ સ્વરે ધીમેથી બોલી: " પણ આપના એ ઔદાર્યનો લાભ મને આવી રીતે મળે એ યોગ્ય નથી. આપ શું બોલો છો, તેનો ફરીથી એક વાર પૂર્ણ રીતે વિચાર કરો. આપ આ સાહસ કરવાથી કેવા જોખમમાં—કેવા સંકટમાં આવી પડશો, તેની પૂરેપૂરી કલ્પના તો આપના મગજમાં આવી ગઈ છેને ? "

" તને હજી પણ શંકા રહેતી હોય તો હું ઇશ્વરની સાક્ષીએ એવી પ્રતિજ્ઞા કરૂં છું કે, તને મુક્ત કરવાને માટે હું સાક્ષાત્ જમદેવ સાથે યુદ્ધ કરીશ !" બળવંતસિંહ શૌર્યપૂર્વક બોલ્યો: " હે સુંદરી ! તેં પોતે જે મને પ્રાર્થના કરીને મારૂં મન તે તરફ આકર્ષવાનો પ્રયત્ન કર્યો છે, તો પછી હું હવે પ્રતિજ્ઞાભ્રષ્ટ થવાનો નથી. તો હવે કહે, એ જમ મને ક્યારે મળશે ? અમારી વચ્ચે કયે સ્થળે યુદ્ધ થશે ?

એક વારે જ્યારે તારા કુટુંબની દુર્દશા કરી નાંખનારા એ 'જમ' ની સાથે હું યુદ્ધ કરીશ, ત્યારે જ મારા ચિત્તને વિશ્રાંતિ મળશે !"

"એ પ્રમાણે જો આપે દૃઢ નિશ્ચય જ કર્યો છે, તો હવે હું કહું છું." જમની ગંભીર વાણીથી બોલી: "જમદેવની સાથે લડવા નીકળનારો માણસ કેવો હોવો જોઇએ, એ મેં પહેલાં આપને કહ્યું નહોતું, પણ હવે કહું છું. આપ આખે શરીરે બખ્તર પહેરીને આ મહીનાની અમાવાસ્યાની મધરાત પહેલાં આપના મકાનમાંથી બહાર નીકળજો. આપે આપની સાથે એક પણ સેવક રાખવો નહિ. આપે આપના ઘોડાપર બેસીને દક્ષિણ દિશાનો માર્ગ લેવો. તે માર્ગે આપ એકાદ ઘડી પ્રવાસ કરશો એટલે ત્યાં એક મોટું વડનું ઝાડ જોવામાં આવશે. ત્યાં આગળ આપનો ઘોડો બાંધીને થોડી વાર વિશ્રાંતિ લેજો. બરાબર મધરાતે આપનો પ્રતિદ્વંદ્વી ત્યાં ઉતરી આવશે. અંધકારમાં તે ક્યાંથી આવશે તે આપના જાણવામાં આવશે નહિ. કદાચ એ યુદ્ધમાં આપનો જય ન થાય—" જમનીનો કંઠ ભરાઇ આવ્યો તેથી તે ગદ્ગદ્ સ્વરે બોલી: "કદાચ એ યુદ્ધમાં આપનો જય ન થાય તો—"

"તો શું ?" બળવંતસિંહ બોલ્યો : "જમની ! તો તેમાં તું શું કરીશ ? અને મારો જય નહિ થાય એવી શંકા તને કેમ આવે છે વારૂ !"

"મહારાજ મારી એ ભીરૂતાને માટે મને ક્ષમા કરો !" જમની દીન વાણીથી બોલી: "મારા મનમાં એવી શંકા શામાટે આવે છે તેની જ મને સમજણ પડતી નથી ! કદાચ આપના ઉપરની મારી દૃઢ ભક્તિનું જ એ પરિણામ હશે ! જ્યાં બહુ પ્રેમ હોય છે, ત્યાં ચિત્રવિચિત્ર કલ્પનાઓ મગજમાં આવ્યા કરે છે. મહારાજ !

આપને એ યુદ્ધમાં વિજય મળે તેટલા માટે હું રોજ પરમેશ્વરની પ્રાર્થના કરતી રહીશ. કદાચ દુર્દૈવે તેમાં આપનો પરાજય થાય તો જમદેવ આપને જે કાંઇ કહે તે આપ મૌનપણે સાંભળી રાખજો. તેની મરજી વિરૂદ્ધ વર્તન કરશો તો તે શું કરે તેનું કશુ ઠેકાણું કહેવાય નહિ. એ યુદ્ધમાં જો આપને વિજય મળે તો તમે મને શ્મશાનમાંના દેવાલયમાં આવીને મળજો. મધરાતની વેળાએ હું ત્યાં આવીશ અને પછી બે ઘડીસુધી હું ત્યાં તમારી રાહ જોઇશ. આપને જય મળશે તો તેટલા વખતના સુમારમાં આપ ત્યાં આવશો જ. પણ એટલા વખતના આશરામાં જો તમે મને મળશો નહિ તો હું આપને શોધતી શોધતી યુદ્ધને સ્થળે આવીશ અને-પણ ઇશ્વર કરે ને એવું બને જ નહિ ! ”

એ પ્રમાણે સંભાષણ થયા પછી બન્ને જણાંએ એક બીજાની રજા લીધી છૂટાં પડતાં પહેલાં ઉભયનાં નેત્રોમાંથી સ્નેહામૃત ઝરવા લાગ્યું અને એ જ દશામાં તેઓ જૂદી જૂદી દિશાએ ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૯ મું.

પ્રેમપ્રસંગ.

સંગમપુર વીરોત્તમના હાથમાં આવ્યાને આઠ દિવસ વીતી ગયા. એટલા સમયમાં ત્યાંની પ્રજા ઉપર કોઇ પણ પ્રકારનો જુલ્મ કે જબરદસ્તી વાપરવામાં આવી નહોતી. ફક્ત ત્યાં ભરાએલી સરદારોની સભામાંના ત્રણ અગ્રેસર સરદારો ભભૂતમલ, શૂરસેન અને વિજયસિંહને કેદમાં પૂરવામાં આવ્યા હતા. વીરોત્તમે બીજા કોઇ સરદારોને

શહેરમાંથી ચાલ્યા જવા સામે પ્રતિબંધ મૂકયો નહોતો, તેથી આસપાસના મુલકમાંના સરદારો અને કિલ્લેદારો પાછા પોતપોતાને ગામ ચાલ્યા ગયા હતા.

કેદમાં રાખેલા ત્રણ સરદારોના સૈન્યો પાસેથી વીરોત્તમે હથિયારો ખુંચવી લીધાં હતાં અને તેઓમાંથી જેઓ પોતાની નોકરીમાં રહેવાને રાજી હતા તેઓને તેણે રાખી લઇને બીજાઓને રજા આપી દીધી હતી. તેણે કિલ્લાના રક્ષણને માટે પુષ્કળ લશ્કર રાખ્યું હતું અને શહેરની અંદર ફીતુર કે બંડ ન જાગે તેટલા માટે ઘણા હુશિયાર સિપાઇઓને અહીં-તહીં ફરતા રાખ્યા હતા. આ વિજયથી રાજપૂતસ્થાનનનો કેટલોક મુલક વીરોત્તમના હાથમાં આવ્યો હતો અને તે મુલકના સર્વ પ્રકારના રાજ્યકાર્યભારની વ્યવસ્થા હજી તેને કરવાની હતી. તે જેટલો શૂરો હતો, તેટલો જોકે રાજ્યકાર્યકુશળ નહોતો, તોપણ સાધારણ રીતે મુખ્ય મુખ્ય કાર્યો કેવાં કરવાં તેની તેને સાદી પેઠે માહિતી હતી. તેનો જન્મ કયા કુળમાં થયો છે તેની કોઇને ખબર નહોતી, તોપણ ખરા ક્ષત્રિયના શૌર્ય-વીર્ય-ધૈર્ય ઇત્યાદિ ગુણો તેનામાં સારા પ્રમાણમાં હતા. સામાન્ય પ્રતિના આબરૂદાર ગૃહસ્થ પ્રમાણેનું તેનું વર્તન હોવાથી તેના પોશાકમાં કિવા વર્તણુકમાં ડોળ કે ગર્વિષ્ઠપણું બિલકુલ નહોતુ. તેને પોતાને સાદાઇ જ ગમતી હતી અને તેથી બીજાઓ પણ સાદાઇથી વર્તે એવી તે ઇચ્છા રાખતો હતો.

હવે આપણે આપણી નજર બળવંતસિંહ તરફ ફેરવીએ. સરદારોની સભામાંથી પોતાને ઉતારે જતી વેળાએ તેને બે ચિઠ્ઠીઓ મળી હતી તેમાંની એક જમનીની હતી જેમાંની સૂચના પ્રમાણે તે તેને મળી ચુકયો હતો. બીજી ચિઠ્ઠી લલિતાદેવીની હતી. તેણે તે ચિઠ્ઠીમાં શહેરના દક્ષિણ દિશાના દરવાજા પાસે પોતાની મુલાકાત લેવા વિષે

સૂચના કરી હતી. તે પ્રમાણે તે તેની મુલાકાત લેવાને નીકળ્યો હતો. તે જોકે તે તરફ જતો હતો ખરો, તોપણ તેના મનમાં થોડી ઉદ્વિગ્નતા પ્રસરેલી હતી. તે બહુ જ ધીમે ધીમે ડગલાં ભરતો હતો, સમય સંધ્યાનો હોવાથી પવન મધુરો વાઇ રહ્યો હતો અને સૃષ્ટિસૌંદર્ય પણ ઉત્તમ ખીલી નીકળ્યું હતું, છતાં તે તરફ બળવંતસિંહનું ધ્યાન બિલકુલ આકર્ષાયું નહિ.

તે સંકેતસ્થળે જઇ પહોંચત જ મંજુલ નુપૂરરવ તેના કાને પડયો અને લતિકાદેવીનું પ્રફુલ્લિત વદનકમળ તેની દૃષ્ટિએ પડયું. તે સુંદરી નજીક આવતાં જ બળવંતસિંહે આનંદ અને સન્માનપૂર્વક તેના તરફ જોયું. લલિકાદેવી સ્મિત કરીને બોલીઃ 'સરદાર સાહેબ! આપણા મેળાપનો યોગ મેં આવી રીતે મેળવી દીધો, તે માટે આપના મનમાં કાંઇ અંદેશો તો નહિ ઉત્પન્ન થયો હોય તે માટે મને ખાત્રી છે. હું પહેલી મુલાકાતની વેળાએ આપને છોડીને એકાએક ચાલી ગઇ, તે માટે આપને આશ્ચર્ય ઉત્પન્ન થયું હશે. હું આજે ખાસ તે વાતનો ખુલાસો કરવાને જ આપની પાસે આવી છું.''

"લતકાદેવી! દિવસે તુ એકાએક મારી પાસેથી ચાલી ગઇ. તેથી મને એવું લાગ્યું કે કદાચ મારાથી તારૂં કોઇ તરેહનું અપમાન થઇ ગયું હશે. પણ જો કાંઈ અપરાધ મારા હાથે થઇ ગયો હોય તો તે ભૂલથી જ થયો હશે એવું હું ઈશ્વરના સોગંદ લઈને કહું છું." બળવંતસિંહ તેના તરફ નમ્રતાથી જોઈ રહીને બોલ્યો.

"સરદાર સાહેબ! આપે કશો અપરાધ કર્યો નથી, કિંવા મારૂં અપમાન પણ થયું નથી." લતિકાદેવી સ્મિત કરતી બોલીઃ "હું મારી સર્વ હકીકત કહું છું, તે સાંભળી લીધા પછી હું એકાએક કેમ ચાલી ગઇ તેનું કારણ આપના સમજવામાં આવશે. મારી બ્હેને પોતાની

હકીકત તો આપને કહેલી છે. અમે બન્ને જણીઓ નાની વયમાં સાથે જ ઉછરી હોવાથી અમારી બન્નેની હકીકતમાં ઝાઝો તફાવત નથી ફક્ત હું સાધ્વી બનીને મઠમાં રહેવા લાગી ત્યારથી લગભગ ત્રણ વર્ષ સુધી અમે બન્ને બ્હેનો બહુધા એક બીજીથી અલગ રહેતી હતી. મારી બ્હેનની અને મારી જન્મકથા કેટલી ભયંકર અને ચમત્કારિક છે તે આપે સાંભળી જ છે તે ઉપરથી આપ સમજી શક્યા હશો કે અમે બ્હેનો બીજી કુમારિકાઓ પ્રમાણે સમાન્ય નથી પરન્તુ અત્યંત વિલક્ષણ છીએ અને અમારાં ચરિત્રો અત્યંત ગૂઢ છે. અમે આમ સ્વચ્છંદે કેમ વર્તીએ છીએ તે સંબધે હવે આપને બિલકુલ આશ્ચર્ય લાગશે નહિ."

"જોકે તમે સ્વચ્છંદે વાર્તો છો. તોપણ તમે તમારા કુળશીળને બટ્ટો નહિ જ લગાડો. એવી મને મારૂં મન ખાત્રી આપે છે, હું તમારા સંબંધે જેમ જેમ વધુ વિચાર કરૂં છું તેમ તેમ તમારૂં ચરિત્ર મને વધારે ને વધારે આશ્ચર્યકારક લાગે છે." બળવંતસિંહ બોલ્યો.

"વારૂ, મારી બ્હેને આપને કહ્યું કે હું એક મઠમાં સાધ્વીઓ પાસે રહેતી હતી, તે તો આપને સાંભરતું જ હશે. હું ત્યાં જઇને રહી ખરી, પરન્તુ ત્યાં ચાલતો આચાર જોઇને મારૂ મન તદ્દન કંટાળી ગયુ. મઠમાં હું રહેતી હતી ત્યારે હું પોતે ઇશ્વરભક્તિ અત્યંત પ્રેમથી કરતી હતી અને પૂજન–અર્ચન, વ્રત ઉપવાસ વગેરેમાં જ સદા -સર્વદા નિમગ્ન રહેતી હતી; પણ એક દિવસ મને એક વિચિત્ર સ્વપ્નું આવ્યું અને તેથી મેં તે મઠમાંથી બહાર નીકળી જવાનો વિચાર કર્યો." એ પ્રમાણે પોતાની હકીકત કહેતાં કહેતાં લલિતાદેવી એકદમ અટકી ગઇ અને તે શૂરવીર યોદ્ધાના મન ઉપર પોતાના ભાષણનું કેવું પરિણામ થાય છે તે જોવાને માટે તે તેના મુખ તરફ તાકી રહી. પોતાના

ભાષણથી તેનું ધ્યાન સારી રીતે આકર્ષાયું છે એવું જણાતાં તેને અત્યંત આનંદ થયો અને તે આગળ બોલી: "મહારાજ! આપ મારો વૃત્તાંત ધ્યાનપૂર્વક સાંભળો છો એ જોઇને મને બહુ જ આનંદ થાય છે, મને જે વિલક્ષણ સ્વપ્નું આવ્યું હતું તે મને અત્યારે સારી રીતે સાંભરે છે. હું જે ઓરડીમાં સૂતી હતી, તેમાં જોકે સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો હતો, તોપણ એક તિલકચાંદરણાનો આછો પ્રકાશ તેમાં પડતો હતો. તેના તરફ જોતાં જોતાં મારી આંખ મળી ગઇ. જોતજોતાંમાં તે પ્રકાશનાં કિરણોમાંથી એક શ્વેત વસ્ત્રધારી કોઇ તપસ્વી પ્રકટ થયો. તેને જોઇને હું બીધી નહિ. તે મારી પાસે આવ્યો અને મારી પીઠપર સ્નેહપૂર્વક હાથ ફેરવીને બોલ્યો: "પુત્રી! તેં પૂરાં ત્રણ વર્ષ આ સ્થળે ગાળ્યાં. તારૂં પવિત્ર આચરણ જોઇને હું બહુ જ સંતુષ્ટ થયો છું, તેથી હું તને તારા કલ્યાણની એક વાત કહું છું તે બરાબર સાંભળી લે. તારે હાથે આ જગત્‌માં મોટાં મોટાં વિલક્ષણ કાર્યો થવાનાં છે. અનેક પ્રકારના સંસારસુખનો તને લાભ થવાનો છે, માટે તું જા, તારી બ્હેનની સાથે રહે! કેટલાક દિવસ પછી કોઇ એક વીર પુરૂષ તને મળશે અને તે તને સુખી કરશે!"

લતિકાદેવી પુનઃ અટકી અને બળવંતસિંહ તરફ જોઇ રહી, તો તેને જણાયું કે તે કાંઇક વિચારમાં નિમગ્ન થઈ રહ્યો છે; તે જોઇને તે બોલી: "ઓ પ્રભુ! આપને મારા પર ગુસ્સો આવ્યો કે શું?"

"નહિ નહિ, એમાં ગુસ્સો શાનો?" બળવંતસિંહ સ્મિત કરીને બોલ્યો: "હું કાંઇ બીજા જ વિચારમાં હતો. તે હુ તને પછીથી કહીશ."

"અહો વીરશ્રેષ્ઠ! આપણી પહેલી મુલાકાત કેવી સ્થિતિમાં થઇ, તે આપને સાંભરે છે કે? આપે મને પેલા ઘોર પ્રસંગમાંથી મુક્ત

કર્યા પછી મારા પુનઃ મેળાપની આપે માંગણી કરી હતી અને તે પ્રમાણે હું પહેલાં દક્ષિણ દિશાના દરવાજા પાસે આપને મળી હતી. તે દિવસે મારી અને આપની વચ્ચે શી વાતચીત થઇ હતી, તે પણ આપને સાંભરતી હશે !'

"હા, તે સઘળું મને સાંભરે છે." બળવંતસિંહ લજ્જિત થઇને બોલ્યો: "તે વખતે હું એટલો મોહિત થઇ ગયો હતો કે તારો મેળાપ પુનઃ પુનઃ થાય એવી મારા મનમાં ઇચ્છા થવા લાગી હતી."

"હું જ્યારે અહીંથી ચાલી ગઈ, ત્યારે આપ મને થોડો વધારે વખત અહીં રહેવાને માટે આગ્રહ કરતા હતા." લતિકાદેવી બોલી "પણ મારા મનમાં તે વખતે કાંઇ બીજો જ વિચાર ઉત્પન્ન થયો. પેલા દેવાલયમાના પ્રસંગનું મને તે વખતે સ્મરણ થયું, તેમજ સ્વપ્નમાં દેખાએલા તપસ્વીએ જે વીર પુરૂષ મને મળીને દુઃખ માંથી મુક્ત કરશે એવું કહ્યું હતું, તે વીર પુરૂષ-આપ પોતે તો નહિ હો, એવી શંકા મારા મનમાં આવવાથી હુ કેવળ ગુંચવાઇ ગઈ હતી ! આપની પાસે ઊભા રહેવાની પણ મને શરમ આવવા લાગી એટલે હુ તે વખતે અહીંથી નાસી ગઇ ! હું તે દિવસે એકાએક કેમ ચાલી ગઇ, તેનું કારણ આપને જણાવવાને જ મેં આજે આપની ખાસ મુલાકાત લેવાનું વાજબી માન્યું. મેં આજે આપને શામાટે બોલાવ્યા તેનું કારણ હવે આપ સમજી ગયા હશો."

પોતાના ચિત્તમાં ઉત્પન્ન થએલી ગુંચવણ છુપાવતાં બળવંતસિંહ બોલ્યો: "સુંદરી ! તે વીર પુરૂષ હું જ હોઇશ, એવું શું તને ખરેખર જ લાગે છે ?"

"પહેલા મેળાપ વખતે કાંઈ મને તેવું લાગ્યું નહોતું, પણ બીજા મેળાપ વખતે મારા મનમાં તેવું આવવા લાગ્યું અને તે વખ-

તથી આપની મુર્તિ મારા મનમાંથી કદાપિ દૂર થતા નથી.'' લતિકા-દેવી શરમાતી શરમાતી બોલી.

બળવંતસિંહ કિંચિત્ દિલગીર થઇને બોલ્યોઃ " લતિકા ! એ તારી ઇચ્છા–એ તારા મનની સ્થિતિ જો પહેલેથી જ મારા સમજવામાં આવી હોત તો વધારે સારૂં હતું. બીજા મેળાપ વખતે તો હું કાંઇ એટલો બધો ગુંચવાઈ ગયો હતો કે, તેથી—''

" તેથી શું ? '' લતિકાદેવી અધીરી થઈને બોલી,

''હું તે વખતે શું બોલતો હતો તેનું મને ભાન નહોતું.'' બળ-વંતસિંહ ઉદ્વેગપૂર્વક બોલ્યોઃ ,' સુંદરી ! તેં મારામાં તારૂં મન પરો-વ્યું ખરૂ, પણ તેનો બદલો માત્ર મારી તરફથી મળે એ શકય નથી, કારણકે મારૂ મન અન્ય સ્થળે પરોવાયું છે !''

લતિકા દીર્ઘ નિઃશ્વાસ નાંખીને બોલીઃ " આવા વીરશ્રેષ્ઠનુ મન જીતી લેનારી એવી ભાગ્યવતી બીજી કોણ હશે વારૂ ? જો એ વાત ગુપ્ત રાખવા જેવી ન હોય, તો તેનું નામ સાંભળવાની મને ઉત્કંઠા હોય એ સહજ છે.''

બળવંતસિંહ બોલ્યોઃ " તેનું નામ ગુપ્ત રાખ્યા છતાં તે તારા જાણવામાં આવ્યા વિના રહેશે નહિ જ. તેટલા માટે હું પોતે જ તે સ્પષ્ટ રીતે કહી દઉં તે વધારે સારૂં. તારી બ્હેન જમનીએજ મારૂં મન હરણ કરી લીધું છે.'' બળવંતસિંહ તેના તરફ કિંચિત્ નમ્ર ભાવથી અને આશાપૂર્ણ દૃષ્ટિથી જોતાં બોલ્યોઃ " સ્ત્રીસ્વભા-વને અનુસરીને તું તેની ઇર્ષ્યા કરીશ નહિ, એવી હું તારી પાસેથી યાચના કરૂં છું.''

લતિકાદેવી હસીને બોલીઃ " મહારાજ ! એ આપની શંકા વ્યર્થ છે. ઇશ્વરનો યોગ કાંઈ વિલક્ષણ છે ! આપે તેને જમદેવના

પાશમાંથી મુક્ત કરવા માટે જમદેવની સાથે લડવાનું કબૂલ કર્યું છે ને? ઇશ્વર કરે ને તે યુદ્ધમાં આપને વિજય મળે!"

"પણ આ વાત તું જમનીને કહેતી નહિ, હોં." બળવંસિંહે વિનતિ કરતો હોય તેવા સ્વરે કહ્યું.

"તે માટે આપે જરા પણ ચિંતા રાખવી નહિ," અનેક પ્રકારના મનોવિકાર જાગૃત થવાથી ગભરાઈ ગએલી લતિકાદેવી બોલી: "મારૂં સ્વપ્ન જોકે અત્યારને પ્રસંગે ખરૂં પડતું નથી, તોપણ મારી બ્હેન દુઃખમુક્ત થશે એ સાંભળીને મને બહુ જ આનંદ થાય છે ! આજસુધી અમો બન્ને બ્હેનો વચ્ચે કશીએ ગુપ્ત વાતો નહોતી, તથાપિ જો આપની તેવી જ ઇચ્છા હશે તો હું આ વાત તેનાથી ગુપ્ત રાખીશ." લતિકાદેવી કાંઇક હળવા અને દુઃખયુક્ત સ્વરે બોલી: "હવે આપના તરફ વધારે વખત જોઈ રહેવું કિંવા આપની સાથે વાતચીત કરવી એ યોગ્ય નથી. જમનીને માટે આપ જે યુદ્ધ કરવાના છો, તેમાં આપને વિજય મળો !"

તે સુંદરીના એ છેવટના શબ્દો કાને પડતાં બળવંતસિંહ સમજી ગયો કે તે હવે પોતાની પાસેથી ચાલી જાય છે. ક્ષીણ થએલા ચંદ્રપ્રકાશમાં તે તેના તરફ જોવા લાગ્યો, તો તે નજીકની વૃક્ષાવલિ તરફ જાય છે એવું તેના જોવામાં આવ્યું તે તેની પાછળ ત્યાં જઈ પહોંચે તે પહેલાં તો તે અદૃશ્ય થઇ ગઈ. પછી બળવંતસિહ ધીમે ધીમે શહેરમાં આવ્યો.

ઉતારામાં આવી પહોચતાં જ તેણે પોતાના બન્ને સેવકોને બોલાવ્યા અને કહ્યું: "રાજકન્યા ચંદ્રપ્રભા પોતાના હાથમાં આવે એવી સરદાર વીરોત્તમની પ્રબળ ઇચ્છા છે, એ તમને ખબર છે; પરન્તુ તે તેના હાથમાં આવે તે ઠીક નહિ; આપણે જ તેને શોધી કાઢીને

સુરક્ષિત સ્થળે રાખવાનો યત્ન કરવો જોઇએ. રાજકન્યા કયાં આટલામાં ગુપ્ત રહે છે એ નક્કી છે. માટે તમે તેનું રહેવાનું સ્થળ સોધી કાઢવાનો પ્રયત્ન કરો, જેમના હાથમાં અત્યારે રાજકન્યા રહેલી છે તે લોકો ભારે ચતુર છે. તેમની શક્તિ ઘણી પ્રચંડ છે અને તેમનાં સાધનો પણ વિલક્ષણ છે: તેટલા માટે આ જોખમનું કામ મોટી દક્ષતાથી કરજો. આ કામ જો તમે પાર પાડશો તો તેનો બદલો તમને ઘણો સારો મળશે. ”

બન્ને સેવકોએ તેની આ આજ્ઞા માન્ય કરી અને તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. પછી બળવંતસિંહ એકાંતમાં ગુર્જ્જરાધિપતિને કાંઇ મહત્ત્વના પત્રો લખવાના કામમાં પડયો.

પ્રકરણ ૧૦ મું.

જમની તરફનો યોદ્ધો.

છેવટે અમાવાસ્યાનો દિવસ આવી પહોંચ્યો.

ગાઢ અંધકાર સર્વત્ર પ્રસરી રહ્યો હતો અને પવન પણ ભારે જોરથી વાઇ રહ્યો હતો. સંગમપુરના દક્ષિણ દિશાના દરવાજાના પહેરેગીરો બદલાતા હતા, કારણકે તે વખતે બાર ઘડી રાત થઇ ગઈ હતી. એ વેળાએ બળવંતસિંહ ઘોડાપર સ્વાર થઇને શહેરની બહાર જવાને દરવાજા પાસે આવ્યો અને પહેરેગીરે તેને અટકાવ્યો, કારણકે મોડી રાત્રે ખાસ કોટવાલની સહીનો પરવાનો હોયા વિના કોઇને પણ શહેરની બહાર જવાનો હુકમ નહોતો.

પોતાને શહેરની બહાર જતાં આવી રીતે અટકાવવામાં આવશે, એ બળવંતસિંહ જાણતો જ હતો. તેણે પોતાના હાથપર લોખંડના બખ્તરનો થોડો ભાગ જરા ખસેડયો અને આંગળીમાંની ચકચકિત હીરાની વીંટી પહેરેગીરને બતાવી. વાચકને સાંભરતું હશે કે એજ વીંટી બળવંતસિંહને પૂર્વે જંગલમાંના પડાવ વખતની મુલાકાતને પ્રસંગે વીરોત્તમે ખાસ આપી હતી. વીંટી નજરે પડતાં જ પહેરેગીરે વિનયપૂર્વક બળવંતસિંહને નમન કર્યું અને બહાર ચાલ્યા જવાની પરવાનગી આપી. બળવંતસિંહે પોતાનું બખ્તર પુનઃ સમું કર્યું અને તે દરવાજા વાટે બહાર ચાલ્યો ગયો.

જમનીએ તેને સૂચવ્યો હતો તે માર્ગે તે બરાબર ચાલવા લાગ્યો. ઘોડો એકસરખી ગતિથી ચાલતો હોવાથી તેના ડાબલાનો અવાજ એકસરખો થતો હતો અને તે રાત્રિની શાંતિને ભગ્ન કરતો માલમ પડતો હતો. શહેર અને તેની આસપાસના પરાનો ભાગ પૂરો કરીને હવે બળવંતસિંહ ખુલ્લી જગ્યામાં આવી પહોંચ્યો. એટલે પવન ઘણો જોસબંધ વાતો હોય એવો અનુભવ થયો; છતાં બિલકુલ ભય પામ્યા વિના તેણે ધીમે ધીમે પોતાનો ઘોડો આગળ ચલાવ્યો. તેણે આખે શરીરે લોખંડનું બખ્તર પહેર્યું હતું અને માથા ઉપર ટોપ પણ પહેર્યો હતો, તોપણ એટલા બધા બોજાથી તેના ઘોડાને ભાર પડતો જણાતો નહોતો. બળવંતસિંહનો ઘોડો જાતવંત હતો તેવો જ બળવાન્ પણ હતો. જમણા હાથમાં બળવંતસિંહે એક મોટો ભાલો પકડેલો હતો અને ડાબા હાથમાં ઘોડાની લગામ પકડી રાખી હતી. પ્રાણ કરતાં પણ પ્રિય તલવારને તેણે પોતાની ડાબી બાજુએ લટકાવી હતી એ પ્રમાણે અસ્ત્રશસ્ત્ર સજીને બળવંતસિંહ સાક્ષાત્ જમદેવની સાથે લડવાને સંગમપુરની દક્ષિણ દિશાએ ચાલ્યો જતો હતો.

આવા પ્રકારના વિલક્ષણ દ્વંદ્વ યુદ્ધને યોગ્ય રાત્રિ પણ બહુ ભયંકર હતી. મૂળે જ અમાવાસ્યાની રાત્રિ, વળી સપાટાબંધ વાતો પવન, શહેરની દક્ષિણ દિશાએ આવેલી સ્મશાન પાસેની જગ્યા. લગભગ મધ-રાતનો સમય, સ્મશાનમાંના અર્ધદગ્ધ મુડદાંઓમાંથી સેકાયલું માસ ખાતાં કોહલાંઓની બૂમો, મુડદાંઓના હાડકાંમાંથી નીકળતા ફોસફોરસને લીધે એકાએક સળગી ઉઠતા ભડકાઓ. ચોપાસ ફેલાએલી દુર્ગંધ, એ સઘળા સંયોગોની એકત્ર સંધિથી તે રાત્રિ અસંત ભયંકર દેખાતી હતી. અનેક પ્રકારનાં ક્રૂર કૃત્યોને માટે આ કરતાં વધારે અનુકૂળ સમય અને સ્થળ બીજું ભાગ્યે જ કોઇ મળી શકે. ધાડપાડુઓએ લૂંટીને આણેલા માલની વહેંચણી કરવાનો વખત આજ હતો અને ખૂનીઓએ ખૂનો કર્યા પછી મરનારનાં મુડદાંઓને ગુપચુપ દાટી દેવાનો સમય પણ આજ હતો ! રાક્ષસી કૃત્યો કરનારાઓના ઇપ્સિતાર્થો પૂરા કરવાનો જ શું આવી રાત્રિઓ પ્રભુએ નિર્માણ કરી હશે ?

આવે વખતે બળતંતસિંહ ઘોડા ઉપર સ્વાર થઇને પોતાની પ્રિયતમાને માટે પ્રત્યક્ષ જગદેવની સાથે લડવાને જતો હતો. તેની આંખોની સામે જમદેવની મૂર્તિ તરવરી રહી હતી જાણે કે અત્યારે જમની શ્રી અંબિકા માતાની સમક્ષ હાથ જોડીને બેઠી હોય, તેના સુંદર વદનકમળપર દેવાલયમાં મંદ મંદ બળતા દીવાનો પ્રકાશ પડી રહ્યો હોય, ઉત્કંઠાને લીધે તેના ગાલ ઉપર લાલી ચડી આવી હોય, સોનાની ઘંટડીના મધુર નિનાદ સરખા મંજુલ સ્વરે તે દેવીનું સ્તવન કરી રહી હોય અને પોતાને વિજય મળે તે માટે તે દેવીની ભક્તિપૂર્વક પ્રાર્થના કરતી હોય, એવા મનોરમ દૃશ્યનો બળવંતસિંહને ભાસ થયો.

જમનીને માટે પોતે કુવડું સાહસ કરવાને તૈયાર થયો છે, એ વિચાર પુનઃ તેના મનમાં આવ્યો. જમદેવની સાથે યુદ્ધ કરવાનો સમય

નજીક આવી પહોંચ્યો. જમ ક્યાંથી આવીને પોતાપર હલ્લો કરશે, પાછળથી આવશે કે બાજુએથી આવશે, એવી કલ્પનાથી તેણે એક વાર ચારે દિશાઓમાં નજર કરી. કદાચ તે આકાશમાંથી તો નહિ ઉતરી આવે ? એવી કલ્પના થવાથી એક વાર તેણે ઉંચે પણ જોયું, પરંતુ અમાવાસ્યાના અંધકારમાં ચમકતા કરોડો તારા સિવાય બીજું કશું તેના જોવામાં આવ્યુ નહિ !

હજી પોતાનો પ્રતિસ્પર્ધી આવી પહોંચવાનો વખત થયો નહિ હોય, એવું બળવંતસિંહના મનમાં આવતાં જ પુનઃ તેની ચિત્તવૃત્તિ જમની તરફ આકર્ષાઈ. તેના ઉપરના પ્રેમના માટે પોતે આ સાહસ કરવાને પ્રવૃત્ત થયો છે, એવું મનમાં આવતાં બળવંતસિંહને બહુ જ આનંદ થયો. એ પ્રમાણે સુંદરીનું સ્મરણ કરતો અને એ યુદ્ધમાં પોતાને વિજય મળે એવી પ્રભુપ્રાર્થના કરતો તે પોતના ઘોડાને ધીમે ધીમે ચલાવતો હતો.

તે શહેરથી ઘણે દૂર પહોંચી ગયો હતો. ત્યાં આગળ ઝાડી બહુ ગીચ ન હોવાથી અંધકાર જરા ઓછો હતો. પ્રત્યેક વૃક્ષ બીજાં વૃક્ષથી વેગળું છે એવું સ્પષ્ટ જોઈ શકાતું હતું. ઘોડાના શરીર ઉપર આકાશનું પ્રતિબિંબ પડવાથી તે પણ સારી રીતે દેખાતો હતો. બળવંતસિંહના બખ્તર ઉપર પણ તારાનું પ્રતિબિંબ પડવાથી તે ચમકવા લાગ્યું હતું.

જમનીએ જે વડનું ઝાડ કહ્યું હતું, તે દેખાવા લાગ્યું. તે મુખ્ય રસ્તાથી કેટલેક દૂર એક બાજુપર આવેલું હતું. તે વડના ઝાડની પાસે થઇને એક પાણીનો વહેળો વહેતો હતો અને તેનો ખળખળ ધ્વનિ ત્યાં આગળથી સંભળાતો હતો. એ વહેળાને ઉતરવા માટે એક પૂલ બાંધેલો હતો, પરન્તુ જ્યારે વહેળામાં બહુ પાણી હોતું નહિ, ત્યારે પૂલ ઉપરથી જવાને બદલે લોકો વહેળાના પટમાંજ પાણી ડખોળતા

ચાલતા અને એજ વડના ઝાડ પાસેથી ઉતરતા. થાકીને લોથપોથ થઇ ગએલા પ્રવાસીઓ વહેળાનું ઠંડું પાણી પીને ઘડીભર વડ નીચે આરામ લઈ પુનઃ આગળ પોતાનો પ્રવાસ ચાલુ કરતા. આ કારણથી એ વડના ઝાડ નીચે એક વિસ્તીર્ણ અને સ્વચ્છ પટાંગણ બની ગએલું હતું.

કૃતિકાનાં નક્ષત્રોનું આકાશમાં દર્શન થયાને કેટકીક વાર થઈ હતી, એ ઉપરથી બળવંતસિંહ સમજ્યો કે મધરાત થઇ ગઇ હોવી જોઇએ. તે પોતાના ઘોડાપરથી નીચે ઉતર્યો અને વહેળાપર ગયો. ત્યાં એક વાર હાથપગ ધોઇને તે પાછો વડના ઝાડ નીચે આવ્યો તેણે તે પવિત્ર વટવૃક્ષને પ્રદક્ષિણા કરી અને યુદ્ધમાં વિજયપ્રાપ્તિ થવા માટે હસ્તદ્વય જોડીને પ્રભુની પ્રાર્થના કરી.

પછી તે પાછો પોતાના ઘોડાની પાસે આવ્યો. તેની પીઠ થાબડીને તેણે તેનો તંગ મજબૂત કર્યો, તેના ઉપરનો સામાન બરાબર કર્યો અને પોતાનાં હથિયારો એક વાર તપાસી જોઇને પુનઃ ઘોડા ઉપર સ્વારી કરી. તલવારને મ્યાનથી તુરતજ બહાર ખેંચી કાઢી શકાય તેટલા માટે તેની મૂઠને મ્યાનથી છોડી નાંખી અને ભાલો હાથમાં રાખીને તે હવે પોતાના પ્રતિસ્પર્ધીની રાહ જોતો ઊભો.

આ પ્રમાણે તે સજ્જ થયો એટલામાં તો ઘોડાના ડાબલાનો અવાજ તેને કાને પડયો ઉત્તરોત્તર તે અવાજ વધારે નજીક સંભળાવા લાગ્યો અને થોડી વારમાં કાજળના જેવું કાળું બખ્તર પહેરેલો અને કાળા જ અશ્વ ઉપર સ્વાર થએલો કાળો પુરુષ–જમદેવ અંધકારમાંથી આગળ આવ્યો.

વિચાર કરવાને એક પળનો પણ વિલંબ નહિ કરતાં બળવંતસિંહે પોતાનો ભાલો પોતાના પ્રતિસ્પર્ધી ઉપર ઉગામ્યો અને તે જમ-

દેવે પણ તેટલી જ ચપળતા વાપરીને બળવંતસિંહના ભાલાની અણી સાથે પોતાના ભાલાની અણીનું ઘર્ષણ કર્યું ! એ પ્રમાણે પહેલી સલામી થયા બાદ તે બન્ને કુશળ યોદ્ધાઓ પોતપોતાના પ્રતિસ્પર્ધીને ભાલાના તીક્ષ્ણ પ્રહાર કરવાને લક્ષપૂર્વક યત્ન કરવા લાગ્યા.

પ્રકરણ ૧૧ મું.

અણધાર્યો મેળાપ.

બન્ને યોદ્ધાઓ વચ્ચે ખરેખરૂં ભીષણ યુદ્ધ મચ્યું.તેમના ચકચકિત ભાલા એક બીજાની સાથે અફળાવાથી તેમાથી અગ્નિ ઝરવા લાગ્યો. બળવાન્ ઘોડાઓના ડાબલા વાગવાથી જાણે કે હમણાં પૃથ્વીના બે ભાગ થઇ જશે કે શું એવું લાગવા માંડયું અને યોદ્ધાઓની ભયંકર ગર્જનાથી તથા તેના પ્રતિધ્વનિથી આસપાસનો પ્રદેશ ગાજી ઉઠયો !

બન્ને યોદ્ધાઓ ખરેખરા આવેશથી યુદ્ધ કરતા હોવાથી તેમનું યુદ્ધ વધારે વખત ચાલ્યુ નહિ. બળવંતસિંહે પ્રતિસ્પર્ધીની છાતી ઉપર બરાબર તાકીને પોતાનો ભાલો ફેંકયો, પરંતુ એટલામાં પ્રતિપક્ષીએ ભારે ચપળતા વાપરીને તે પ્રહાર ચુકાવી દીધો અને બરાબર લાગ મેળવી તલવારના ફટકાવડે બળવંતસિંહના ભાલાના બે ટુકડા કરી નાંખ્યા ! પોતાનો ભાલો નિરૂપયોગી થયો એ જોતાંજ બળવંતસિંહે તલવારપર હાથ નાંખ્યો, એટલામાં તો જયદેવે પોતાના ઘોડાને તેના ઘોડા સામે ચલાવીને છાતીમાં એક જબરદસ્ત ધક્કો માર્યો અને તે સાથે જ બળવંતસિંહ નિઃશસ્ત્ર થઇને ઘોડા ઉપરથી નીચે પડી ગયો !

એ પ્રમાણે જયની તરફનો યોદ્ધો ખરે વખતે નિઃશસ્ત્ર બની

ગયો ! તેના ભાલાએ તેને દગો દીધો હતો અને તલવારનો ઉપયોગ કરવાનો તો અવકાશજ તે મેળવી શક્યો નહિ જેથી શૌર્ય અને યુદ્ધ-કૌશલ્ય બતાવવાની તક પણ તેને મળી નહિ અને જમીનપર પડી જવાની તે મૂર્ચ્છિત થઈ ગયો. તેનો ઘોડો ભડકીને મોટા વેગથી ત્યાંથી નાસી છૂટી અંધકારમાં અદૃશ્ય થઇ ગયો. એટલામાં વિજયી થએલો જમદેવ એકદમ પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને તેણે પહેલાં તો બળવંતસિંહનો ટોપ કાઢી નાંખ્યો તથા તેના બખ્તરના બંધ જરા ઢીલા કર્યા. તેમ કરવાથી શીતળ વાયુના સ્પર્શે કરીને તેની મૂર્છા નષ્ટ થવા લાગી અને તે પોતાનાં નેત્રો ઉઘાડીને ચોમેર જોવા લાગ્યો પછી જમદેવે પોતાના ઘોડાના તોબરામાંથી એક નાની શીશી બહાર કાઢી અને તેમાંનો કાંઈક પાતળો પદાર્થ બળવંતસિંહના મ્હોંમાં નાંખ્યો, તેથી બળવંતસિંહ થોડીએક ક્ષણોમાં હુશિયારીમાં આવી ગયો. પોતે અત્યારે કેવી સ્થિતિમાં આવી પડેલો છે એ તેના ધ્યાનમાં આવી ગયું. ખરે વખતે હથિયારોએ પોતાને દગો દીધો અને યુદ્ધમાં પોતાની હાર થઈ એવું સ્મરણ થતાંજ તેને લજ્જા આવવા લાગી અને હવે જમદેવ પોતાને શું કરશે તે માટે તેને વિચાર થવા લાગ્યો. જમનીએ તેને કહેલા શબ્દો તેને સાંભરતા હતા કે "આપનો કદાચ પરાજય થાય, તો જમદેવ આપને જે કાંઈ કહે તે આપ મૌનપણે સાંભળી રાખજો, તેની મરજી વિરૂદ્ધ વર્તન કરશે તો તે શું કરે અને શું ન કરે તેનું કશું ઠેકાણું કહેવાય નહિ !" જમદેવ અત્યારે બળવંતસિંહની છાતી ઉપર ચડી બેઠો હતો. તેણે પોતાનો જમણો પગ બળવંતસિંહની તલવારપર ટેકાવી રાખ્યો હતો અને ડાબો પગ તેના જમણા હાથ ઉપર રાખ્યો હતો, તેથી બળવંતસિંહ પોતાના પ્રતિસ્પર્ધીને ઉલટાવી પાડે એ પણ શક્ય નહોતું. જમદેવે પોતાના મસ્તક

ઉપરનો ટોપ દૂર કર્યો નહોતો, તેથી તેનું સ્વરૂપ બળવંતસિંહ જોઇ શકયો નહિ.

એવી સ્થિતિમાં એક--બે પળો વ્યતીત થઇ ગઈ એટલે અતિશય ગંભીર સ્વરે જમદેવ બોલ્યો: " અરે શૂરા યોદ્ધા ! તું હવે પૂર્ણ રીતે મારા તાબામાં આવી ગયો છે અને આ બનાવના કારણરૂપ પણ તું પોતે જ છે. પોતાની યુદ્ધકુશળતા ઉપર વિશ્વાસ રાખીને તું મને જેવા-તેવા મૃત્યુલોકના માનવી જેવો સમજ્યો છે જેનો એક હથિયાર તરીકે ઉપયોગ કરીને હું અનેક તરૂણ પુરૂષોનું બળિદાન લેવાનો છુ તે જમનીને છોડાવવાને તું યુદ્ધ કરવાને તૈયાર થયો ખરો, પણ આ યુદ્ધમાં તુ કેવળ નિરપેક્ષવૃત્તિથી- કેવળ ઉદારતાથી વર્ત્યો નથી, પરન્તુ તેના પ્રેમપાશમાં બદ્ધ થવાથી તું યુદ્ધ કરવાને બહાર પડયો છે અને તેથીજ તારો પરાજય થયો છે. પ્રેમ ગમે તેટલો શુદ્ધ હોય તોપણ તેમાં સ્વાર્થ તો રહેલો હોય છે જ અને તેથી જ તારા ઔદાર્યને કલંક લાગ્યું છે ! ખરી મિત્રતા ખરો સ્નેહભાવ તમે મૃત્યુલોકનાં માનવીઓમાં દુર્લભ જ હોય છે. તુ જો કેવળ મિત્રબુદ્ધિથી લડવાને આવ્યો હોત તો તેમાં તારો વિજય જ થયો હોત ! જન્મતાંની સાથે જ મેં મારી તે પુત્રીને સુંદર બનાવી, તેનું કારણ પણ એ જ હતું કે તેનું સ્વરૂપ જોઇને પ્રેક્ષકના મનમાં તેને માટે પ્રેમ ઉત્પન્ન થાય; એટલે તેને ખરો મિત્ર મળે નહિ અને તે મારા પાશમાંથી મુક્ત પણ થઇ શકે નહિ!"

" ત્યારે પછી શું મારો સર્વાંશે નાશ જ થવાનો ?" બળવંતસિંહ જરા મ્હોં ફેરવીને બોલ્યો.

" ના, હજી થોડી આશા રહેલી છે, તારા જેવો વીર પુરૂષ મળવો મુશ્કેલ છે, તારો પરાજ્ય તારાં હથિયારોએ કરાવ્યો છે. નહિ તો તારા શૌર્યને હું પિછાણું છું. તારા ધૈર્ય ઉપર પ્રસન્ન થઇને હું તને

કેટલીક શરતો ઉપર મુક્ત કરવાનો છું. તે શરતો તુ કબૂલ કરીશ,એટલે તેં તારી મેળે બોલાવેલા જમદેવના પંજામાંથી તું છૂટીશ અને જમનીને પણ મારા પંજામાંથી છોડાવી શકીશ." જમદેવે કહ્યું,

"બોલ, તે કઇ શરતો છે ?" બળવંતસિંહ આશ્ચર્યથી બોલ્યો "હે જમદેવ ! તું પણ ખરો શૂરવીર યોદ્ધો છે. તારી શરતો જો કબૂલ કરવા જેવી હશે, તો હું તે કબૂલ કરીશ; અને જો તે મને અપમાનકારક જણાશે તો તે સ્વીકારવા કરતાં હું મરણને જ વધારે પસંદ કરીશ "

"હું જે શરતો કહું છું, તે તું સાંભળી લે અને તે તને અપમાનકારક છે કે કેમ તે તારી મેળે જ જોઈ લે. તારા ઉપર કેવો પ્રસંગ આવી પડયો છે, તેનો પણ તે સાથે વિચાર કરજે." જમદેવ કાંઇક ત્રાહિતપણું દર્શાવતાં બોલ્યો: "પહેલી શરત એ કે, આજથી એક અઠવાડીયાની અંદર તારે સંગમપુર છોડી જવું અને તારા પાટણનો માર્ગ લેવો. બીજી શરત એ કે, તારે ફરીથી જમનીની મુલાકાત લેવી નહિ. ત્રીજી શરત એ કે, જતી વખતે તારે લતિકાદેવીને સાથે લઈ જવી અને ચોથી શરત એ કે આજથી એક વર્ષસુધી તારે રાજપૂતસ્થાનના રાજકાર્યમાં હાથ ઘાલવો નહિ કિંવા આ પ્રદેશને જીતી લેવાને કશો પ્રયત્ન કરવો નહિ. એ પ્રમાણે મારી ચાર શરતો છે: બોલ, તે કબૂલ કરે છે કે નહિ ?"

"જો જમની ઉપરનો તારો હક્ક તું છોડી દઇશ, તો હું તારી એ શરતો સ્વીકારીશ." બળવંતસિંહ બોલ્યો "એમાં અપમાનભરેલું કશું નથી, પણ એક વાત સબંધે મને જરા શંકા રહે છે. લતિકાદેવીનું નિવાસસ્થાન કયાં છે તેની મને બિલકુલ ખબર નથી

અને જો તે મારી સાથે આવવા કબૂલ નહિ હોય, તો હું તેને બળાત્કારે મારી સાથે લઇ જઇશ નહિ."

"તેની તારે જરા પણ ચિન્તા રાખવી નહિ. તું ગુજરાત તરફ પાછો જવાને નીકળીશ, એટલે તે પોતાની મેળે જ તારી સાથે આવવાને નીકળશે." જમદેવ બોલ્યોઃ "તને જય મળ્યો નહિ, તેથી ઠરાવ પ્રમાણે દેવાલયમાં જઇને જમનીને મળવાની હવે તને કાંઈજ જરૂર નથી. તે વચનમાંથી પણ તું મુક્ત થયો."

યુદ્ધમાં વિજય મળ્યા પછી દેવાલયમાં જઇને મળવાનો જમનીએ સંકેત ઠરાવ્યો હતો, તેમ જ પોતે જમની ઉપર પ્રેમ ધરાવતો હતો, ઇત્યાદિ વાતો જાણી જનાર જમદેવ કોઇ મોટો વિલક્ષણ ત્રિકાળજ્ઞાની હોવો જોઇએ, એવી બુદ્ધિથી બળવંતસિંહ તેના તરફ જોવા લાગ્યો. ઘોડા ઉપરથી પડી જવાને લીધે તેના શરીરને જે ધક્કો લાગ્યો હતો, તેનું દુઃખ જમદેવે પાએલા ઔષધથી જરા ઓછું માલૂમ પડતું હતું, તોપણ આ વિલક્ષણ પ્રસંગને લીધે તેને પુનઃ મૂર્ચ્છા આવવા લાગી. તેના મસ્તકમાં વેદના થવા લાગી, આંખે અંધારાં આવ્યાં અને પોતે અંધકારાચ્છન્ન પ્રદેશમાં ઉડતો હોય એવી ભ્રમણા થવા લાગી; છેવટે તે પૂર્ણ રીતે બેસાવધ બની ગયો.

* * * *

ઘણી વારે બળવંતસિંહ ભાનમાં આવ્યો, ત્યારે તેને એવું માલૂમ પડયું કે પોતાની પાસે કોઇ પણ સ્ત્રી બેઠેલી છે! કદાચ એ સ્ત્રી જમની પોતે જ હશે એવું તેણે ધાર્યું, તેથી તે અંધકારમાં તેના તરફ એકીટસે જોવા લાગ્યો. પણ જમનીનો કાળો રંગ અને તેનાં તેજસ્વી નેત્રો, એ કશું એ સ્ત્રીમાં જોવામાં આવ્યું નહિ. કદાચ એ સ્ત્રી લતિકાદેવી હશે, એવું તેના મનમાં આવ્યું. એટલામાં તે સ્ત્રીએ

બોલવાનો પ્રારંભ કર્યો એટલે તે કોઇ બીજી સ્ત્રી છે એવું તેના ધ્યાનમાં આવ્યું.

તે સ્ત્રી મમતાદર્શક સ્વરે બોલી: "સરદાર સાહેબ! આપને કાંઈ જખમ તો વાગ્યો નથી ને? આ તમારી તલવાર મરડાઈ ગઇ છે અને નીચે પડી છે, તમારા ભાલાના કકડા થઈ ગયા છે, એ ઉપરથી થોડા વખત પહેલાં જ આ સ્થળે ભયંકર યુદ્ધ થયુ હોવું જોઇએ એવું સ્પષ્ટ માલુમ પડે છે."

"બાઈ! તમારા આ માયાળુપણાને માટે હું તમારો અત્યંત ઋણી છુ." કિંચિત્ માથું ઉચુ કરીને બળવંતસિંહ બોલ્યો: "મને જખમ વાગ્યો નથી, પરન્તુ મને સખત પછાડ વાગી હોવાથી આખું શરીર દુ:ખે છે. અહીં આગળ દ્વંદ્વ યુદ્ધ થતાં હું ઘોડાપરથી નીચે પડી ગયો હતો અને તેથી મને પછાડ વાગી હતી."

"પણ તમારો ઘોડો આટલામાં કયાંય દેખાતો નથી." તે અજાણી સ્ત્રી બોલી: "હું અધઘડીથી આપની પાસે જ બેઠી છુ. પણ આટલામાં કયાંય ઘોડો હોવાનો મને ભાસ પણ થયો નથી. ઘણું કરીને આપ પડયા હશો, તે વખતે જ તે નાસી ગયો હશે."

"ત્યારે આ સામે ઊભેલો જણાય છે તે શું તમારો ઘોડો છે?" બળવંતસિંહે ઘોડા તરફ જોઇને કહ્યું.

"જી હા, તે મારો ઘોડો છે, તોપણ તે આપની સેવામાં હાજર છે." તે સ્ત્રી નમ્રતાપૂર્વક બોલી: "અહીંથી શહેરમાં પહોંચતાં-સુધી કિવા પાસે કોઈ વસતીવાળે સ્થળે પહોચી જતાંસુધી તે આપને ઉપયોગી થઈ પડશે. મને મળેલી ખબર જો બરાબર હોય તો અહીંથી સંગમપુર કાંઇ વધુ દૂર નહિ જ હોય."

"ઘોડાપર બેસીને ધીરે ધીરે જઈએ, તો એકાદ ઘડીમાં પહોંચી જવાય." બળવંતસિંહે ઉત્તર આપ્યો.

આ વખતે બળવંતસિંહ સારી રીતે સાવધ થઈ ગયો હતો અને ઊભા થવાની શક્તિ તેનામાં આવી હતી. તે બોલ્યોઃ "પણ બાઇ! હું આમ બેસાવધ કેટલો વખત પડયો રહ્યો હોઈશ?"

"લગભગ અધઘડી સુધી." તે સ્ત્રી બોલીઃ "હું આપનું બખ્તર કાઢવાને યત્ન કરતી હતી, પણ તે મારાથી નીકળ્યું નહિ. સારે ભાગ્યે મારા ઘોડાપરની શરાઈમાં પાણી ભરેલું હતું, તેમાંનું પાણી મેં આપના મસ્તક અને મ્હોંપર છાંટયું, એટલે આપ શુદ્ધિમાં આવ્યા."

"તમે મારા ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે" બળવંતસિંહ તે સ્ત્રી તરફ નીરખીને જોતાં બોલ્યોઃ "અને જો આપનું કાંઈ કામ મારાથી થઈ શકે તેમ હોય તો મને કહો!" થોડી વારસુધી બળવંતસિંહ તેના તરફ એકીટશે જોઇ રહ્યો અને તેને એવું સ્મરણ થયું કે પૂર્વે કોઇ વાર તેણે એ સ્ત્રીને જોઇ છે, તે આશ્ચર્યથી બોલ્યોઃ "અરે, પણ આ શું?"

"કેમ, શું થયું?" બળવંતસિંહે કાંઈ પણ વિલક્ષણ પદાર્થ જોયો હશે, કિંવા અત્યારસુધી તેને માલૂમ નહિ પડયો હોય એવો એકાદ જખમ તેના જોવામાં આવ્યો હશે, એમ સમજીને તે સ્ત્રીએ પૂછયું.

તેના પ્રશ્ન તરફ લક્ષ નહિ આપતાં બળવંતસિંહ બોલ્યોઃ "એમાં જરા પણ શંકા નથી! ખરેખર, તે જ છે. આવા પ્રકારનું આ સુંદર રૂપ એક વાર જોયા પછી તેને વિસરી જવું એ કેવળ અશક્ય છે!"

બળવંતસિંહ પોતા તરફ ધારી ધારીને જુએ છે એ ધ્યાનમાં આવતાં જ તે તરૂણી લજ્જિત થઈ અને નીચું વદન કરીને તેની દૃષ્ટિને

ચુકાવવાનો પ્રયત્ન કરવા લાગી. પૂર્ણપણે ઓળખી જતાં બળવંતસિંહ બોલ્યો: " બાઇ ! મેં તને ઓળખી કાઢી. શ્યામગઢ નજીકના અરણ્યમાં જેને કોઇ દુષ્ટ ઉપાડી જતો હતો, તે જ સ્ત્રી તું છે."

" વારૂ, વારૂ, હવે ધ્યાનમાં આવ્યું ! તે દિવસે વિષયમલના હાથમાંથી આપેજ મને છોડાવી હતી." અલકકુમારીએ કહ્યું.

" કોના ? વિષયમલના ?" બળવંતસિંહ આશ્ચર્યથી બોલ્યો: " તને ઉંચકી જવાનો પ્રયત્ન કરનાર એ નીચ વિષયમલ જ હતો શુ ? તેણે મારૂં જે ચમત્કારિક આતિથ્ય કર્યું હતું, તેનું કારણ હવે મારા ધ્યાનમાં આવ્યું. મારૂં વૈર લેવાને માટે જ તેણે મને તે કિલ્લાના જમણી બાજુના ભાગમાં રાત્રે સૂવા મોકલ્યો હતો એમાં હવે જરાએ સંશય નથી. વારૂ, પણ અલકકુમારી ! તારૂં નામ એ જ છે-હું તે વિસરી ગયો નથી-પણ તું એકલી, આટલી મોડી રાતે, આ તરફ કયાંથી ? તારાં પાલક માતાપિતા ખુશીમાં છે ને ?"

" હા, ખુશીમાં છે. હું એક અતિ મહત્ત્વના કામ પ્રસંગે સંગમપુર જઉં છું, અને-" એટલું બોલીને અલકકુમારી સ્થંભી ગઇ, કારણકે સરદાર બળવંતસિંહની તેને કશી માહિતી નહોતી. કદાચ તે વિરોત્તમના પક્ષનો હોય તો પોતાની સઘળી અભિલાષા ભાંગી પડે એવી શંકા તેના મનમાં આવી હતી,

આ પ્રમાણે બોલતાં બોલતાં અલકકુમારી એકદમ સ્થંભી ગઇ. એ ધ્યાનમાં આવતાં જ બળવંતસિંહ બોલ્યો: " બાઈ ! તને આવેલી શંકા વાજબી છે. હાલનો વખત બહુ બારીક છે. પોતાના મનની વાત હરકોઈ માણસને કહી દેવી એ યોગ્ય નથી અને મને પણ તે પૂછવાની જરૂર નથી. આજકાલ તારા જેવી તરૂણ કુમારિકાએ તો આ

સંગમપુરમાં બહુ જ સાવધાનતાથી વર્તવું જોઇએ. અહીં આગળ અનાચાર બહુ જ વધી ગયો છે અને નીચ લોકોનું બળ વધારે જામ્યું હોવાથી તેઓની શક્તિ પણ અતિભયંકર બની ગઈ છે. વીરોત્તમની વિરૂદ્ધ કારસ્થાનો ચાલી રહ્યાં છે. એવે વખતે જો કોઇના મુખમાંથી ભૂલે–ચૂકે કાંઇ મહત્ત્વની વાત બહાર નીકળી ગઇ, તો પછી તેનું કેવું અનર્થકારક પરિણામ આવે, તેની કલ્પના પણ કરી શકાતી નથી; તેટલા માટે આવું સાવધપણુ જો તું રાખીશ, તો જ તું સંગમપુરમાં રહી શકીશ અને તારૂં કામ કરી શકીશ." બળવંતસિંહ એટલું બોલીને જરા અટકયો અને અલકકુમારી તેને ઉત્તર દેવા જતી હતી એટલામાં એક ઘોડો પાસેની ઝાડીમાંથી દોડતો આવીને બળવંતસિંહની પાસે ઊભો રહ્યો. તેની તરફ જોઇને તે બોલ્યોઃ "અરે, આ તો મારો જ ઘોડો. અલક ચાલ, તારી મરજી હોય તો આપણે સાથે સાથે જ શહેરમાં જઇએ."

"હું આનંદથી આપની સાથે આવીશ." એમ કહેતાં અલકે તુરત જ ઘોડાપર સ્વારી કરી. ઘોડાપર બેસવામાં તે આટલી હુશિયાર છે એ જોઇને બળવંતસિંહને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું. તેણે ધીરેથી ઘોડાપર સ્વારી કરી અને અલકના ઘોડાની પાસે પાસે તેણે પોતાના ઘોડાને ચલાવવા માંડયો.

"મને ઘર છોડયાને આજ દશ દિવસ થયા." અલક બોલી. "સંગમપુર પહોંચવાને ચાર દિવસ પણ ન જોઈએ, પરંતુ મારે ગુપ્ત રીતે આવવાનું હોવાથી આટલા બધા દિવસ થયા. આડેળાએ અને આડે માર્ગે જ ખાસ કરીને હું પ્રવાસ કરૂં છું. કેટલીક વાર તો રાહદારીનો અને નજીકનો માર્ગ મૂકીને ખાસ આડે રસ્તે પ્રવાસ કરવાની મને જરૂર પડી છે."

"પણ આજે આમ મધરાતે તું અહીં કેવી રીતે પહોંચી ગઇ ?" બળવંતસિંહે પ્રશ્ન કર્યો.

"તે સઘળું હું આપને કહું છું. સાંભળો કાલે સાંજે હું અહીંથી પાંચછ ગાઉ દૂરના એક ગામડામાં એક શિવાલયમાં આવી પહોંચી. રાત ત્યાં જ ગાળવાનો મારો વિચાર હતો, પણ એક વિલક્ષણ બનાવ બની આવવાથી હું તુરત જ ત્યાંથી નીકળી ગઈ. સાંજે શિવાલયનો પૂજારી દીવો કરવાને ત્યાં આવ્યો, તેણે મને કેટલીક વાતો પૂછી અને મને પોતાને ઘેર જમવાને બોલાવી, હું પણ આખા દિવસની ભૂખી હોવાથી તેને ત્યાં જમવા જવાનું ઠરાવ્યું. જમવાને વખતે એકાએક કોઇ પણ બ્રાહ્મણ ત્યાં આવ્યો. પૂજારી અને તેની વચ્ચે ઘણા વખતની ઓળખાણ હોય તેમ જણાયું. કેટલોક વખત પ્રાસ્તાવિક વાતો કર્યા પછી તે બોલ્યો: "હું આવતી કાલે સંગમપુર જવાનો છું." તે ઉપર પેલો પૂજારી બોલ્યો: "બહાર જમે છે તે બાઇ પણ ત્યાંજ જવાની છે," જમી રહ્યા પછી હું પાછી શિવાલયમાં આવી. મારી પાછળ પાછળ પેલો બ્રાહ્મણ પણ ત્યાં આવ્યો અને મને નિરખી નિરખીને જોવા લાગ્યો. મારી તરફ જોઇને તેણે જે મુખમુદ્રા કરી, તે ઉપરથી મારી ખાત્રી થઇ કે તે મને ઓળખી ગયો છે મને પણ તે પૂર્વે કયાંય પણ મળ્યો હશે એવું લાગ્યું અને તે કયાં મળ્યો હતો તે પણ સાંભર્યું. લગભગ પંદર દિવસ પહલાં વિષયેમલે પોતાનાં માણસો પાસે મને જબરદસ્તીથી પકડવાને કિલ્લામાં કેદ કરી તે વખતે એ બ્રાહ્મણ મને રસ્તામાં મળ્યો હતો. મને વિષયમલના હાથમાંથી છોડાવો એવી મેં તેને પ્રાર્થના કરી હતી. પણ તે તરફ બિલકુલ લક્ષ નહિ આપતાં ઉલટું હાસ્ય કરીને તેણે તે વિષયમલના કાનમાં કાંઇક વાત કહી, આ ઉપરથી હું સમજી કે એ બ્રાહ્મણ દુષ્ટ વિષયમલના

પરિચયવાળો હોવો જોઇએ. પછી તે કયાં ગયો તેની મને ખબર નથી, પણ કાલે તે ગામડામાં તેનો મને અચાનક મેળાપ થયો."

"તેનું નામ શું વારૂ? તે પૂજારીએ તેનું નામ લીધું નહોતું કે?" બળવંતસિંહે પૂછયું.

"તેનું નામ કાલિકાપ્રસાદ." અલકકુમારી બોલી,

"કોણ કાલિકાપ્રસાદ?" બળવંતસિંહ આશ્ચર્યથી બોલ્યો:"તે બ્રાહ્મણ તો મોટો હરામખોર અને ભયંકર માણસ છે, એવી મારી પણ ખાત્રી થઇ છે."

અલક બોલી:"ત્યારે મને જે ભય લાગ્યો હતો, તે કાંઇ નકામો નહોતો; પણ હું મારી હકીકત હવે આગળ કહું છું. પૂજારી શિવાલયમાં ગયા પછી તે બ્રાહ્મણ મારી પાસે આવ્યો અને તેણે મને કહ્યું: આપણે એક બીજાનાં ઓળખીતાં નીકળ્યાં એ સારૂં થયું, કાલે રહવારે આપણે સાથે સાથે જ સંગમપુર જઇશું.' મેં કાંઈ જ ઉત્તર આપ્યો નહિ. પછી હું સંગમપુર શામાટે જઉ છું, ત્યાં કોઈ મારૂં ઓળખીતું છે કે નહિ, તે સંબંધે તેણે મને ઘણા પ્રશ્નો કર્યા. હું ત્યાં પહેલી વાર જ જઉ છું અને કોઇની ઓળખાણ નથી એવું જાણતાં તે બોલ્યો:' ત્યાં એક અત્યંત ધર્મશીલ બાઇ છે અને તે મારા પરિચયની છે,તેની પાસે હુ તમને લઇ જઈશ, એટલે તે તમારી બરદાસ્ત ખાસ ઘરના માણસની પેઠે કરશે."

"તેણે તે ધાર્મિક બાઇનુ નામ કહ્યુ કે?" બળવંતસિંહે પૂછ્યું.

'ના." અલકકુમારી બોલી: "હું તે વિષે તેને પૂછવાની હતી, એટલામાં એક વૃદ્ધ સ્ત્રી ત્યાં આવી તેને જોતા જ બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યો ગયો. હું તો આખા દિવસના પ્રવાસથી થાકી ગઇ હતી

અને તેથી સૂઇ જવાની તૈયારી કરતી હતી. ઘોડા ઉપરથી ગાદી ઉતારીને તે પાથરીને તે ઉપર હું જરા આડે પડખે થઇ, એટલામાં તે બાઇ બ્રાહ્મણનો સંવાદ મારે કાને આવ્યો. બાઇ બોલી:" આ આપને માટે પોશાક અને આ શરીરે લગાડવાનો રંગ આણ્યો છે.' બ્રાહ્મણે કહ્યું: 'ઠીક, પણ જેની શોધ માટે મેં તને મોકલી હતી, તેની કશી હકીકત તને મળી કે નહિ?' બાઇ બોલી: 'તેની બાતમી મળી; તે તમારી રમણી અત્યારે સંગમપુરમાં જ છે. હવે તમારે તેનું જેટલું વેર લેવું હોય તેટલુ લો."

'રમણી' એ નામ સાંભળતાં જ બળવંતસિંહ ચમકી ગયો! લતિકાદેવી વીરોત્તમની છાવણી નજીકના દેવાલયમા સાધ્વીઓના હાથમાં હતી ત્યારે સાધ્વીઓએ તેને એ જ નામથી બોલાવી હતી, એ તેને સાંભરી આવ્યું. તેના મનમાં ઉઠેલી આ ગરબડ અલકકુમારીના સમજવામાં આવે એ શકય જ નહોતુ તે આગળ બોલી:" તે સ્ત્રીએ કહેલી આ બાતમી સાંભળતાં જ કાલિકાપ્રસાદને બહુ આનંદ થયો હશે એવી હું કલ્પના કરૂં છું. પછી તે બન્ને જણ કાંઇ કાંઇ છાની વાતો કરવા લાગ્યાં, તે સ્પષ્ટ રીતે મારા સમજવામાં આવી નહિ. પણ પછી તે બાઇના એટલા શબ્દો માત્ર મારા સાંભળવામાં આવ્યા કે 'રમણી જો તમારા હાથમાં આવે તો તમે તેને શું કરશો?' બ્રાહ્મણ બોલ્યો: 'એમાં તું શું પૂછે છે? તેનું કાલિકાને બળિદાન આપીશ.' તેના આ શબ્દો સાંભળતાં જ મારાં રૂવાં ઊભાં થઇ ગયાં. પછી તેઓની વચ્ચે જે સંવાદ થયો તે મારા સાંભળવામાં બિલકુલ આવ્યો નહિ: અને કદાચ સાંભળવામાં આવ્યો હોત, તો હું તે સમજી શકી હોત કે નહિ કે પણ સંશયભરેલું હતું. જીવતા માણસનું બળિદાન દેનારો એ કોઈ મનુષ્ય નહિ પણ મનુષ્યના આકારનો રાક્ષસ જ હોવો જોઇએ, એવું

મને લાગ્યું અને તેથી ત્યાંથી ક્યારે એક વાર દૂર નાસી જઉં એવું મને થવા લાગ્યું. કાલિકાની મૂર્તિનું સ્મરણ થતાં હું તો કેવળ ગભરાઇ ગઇ."

બળવંતસિંહે આશ્ચર્યથી પૂછ્યું:" ત્યારે પછી શ્યામગઢનો ભયંકર પ્રકાર અને કાલિકાની મૂર્તિની વાત શું તું જાણે છે ?"

" ખરેખર, શું આપણે પણ તે ભયંકર–" એટલું અધું વાક્ય બોલીનેજ અલકકુમારી સ્તબ્ધ રહી. શ્યામગઢનો એકંદર પ્રકાર ગુપ્ત રાખવા વિષે ત્યાંનાં ભોયરામાંની શ્વેત વસ્ત્રાધારિણી સ્ત્રીએ તેને સૂચના કરી હતી, તેનું તેને સ્મરણ થઇ આવ્યુ.

બળવંતસિંહ ગંભીરતાપૂર્વક બોલ્યો: ' અલક! શ્યામગઢના જમણી બાજુના બંધ રહેતા રાજમહાલયમાં હુ એક રાત રહ્યો હતો, તે વેળાએ ત્યાંનાં અંધકારપૂર્ણ ભોંયરાં, તે કાલિકાની ભવ્ય વિશાળ મૂર્તિ, તેની નીચેના પત્થરના ભોંયરામાંનું ભયંકર ઘાતકી યંત્ર, એ સઘળું મેં જોયું છે, અને તેથી ત્યાં ગયા પછી માણસોની શી સ્થિતિ થાય છે, એનો મને પૂર્ણ અનુભવ છે. તેથી કાલિકાનું નામ સાંભળતાં જ તું ગભરાઈ જાય એ કેવળ સ્વાભાવિક છે."

" તે યંત્રનો વાસ્તવિક ઉપયોગ કેવી રીતે કરવામાં આવતો હશે તેની મને ખબર નથી, તોપણ તે મૂર્તિની નીચે જ તે યંત્ર હોવાથી ઉપરની ભવ્ય મૂર્તિનો કાંઇ પણ સંબંધ તે ઘોર યંત્રની સાથે હોવો જોઈએ એ નિસંશય છે." અલકકુમારી બોલીઃ " કાલિકાપ્રસાદ અને તે બાઇની ગુપ્ત વાતચીત ઘણો વખત ચાલી હતી; તેટલા વખતમાં મેં મારૂં મન સ્વસ્થ કરીને ત્યારપછી કેવી રીતે વર્તવું તેનો વિચાર કર્યો અને કેટલીક વારે તે બ્રાહ્મણ સુઇ ગયા પછી મેં ધીમેથી

મારા ઘોડા ઉપર પલાણ માંડયું. ઘોડાના પગનો અવાજ થાય નહિ. તેટલા માટે મેં તેને પગે ઘાસ બાંધ્યું અને રાતોરાત મુસાફરી ચાલુ કરી."

બળવંતસિંહ બોલ્યોઃ "આ તારી એકંદર હકીકત ઉપરથી સંગમપુરમાં તને કોઇનું પણ ઓળખાણ નથી એવું જણાય છે. તને કાંઇ હરકત ન હોય તો મારે ઉતારે ચાલ. મેં એક ભવ્ય ઇમારતના બે ત્રણ ઓરડા ભાડે રાખ્યા છે. તેમાંથી એક ઓરડો હું તને આપીશ. ઘરધણી બિચારો બહુ ભલો માણસ છે. તેની સ્ત્રીને કહીશું એટલે તે બિચારી સારી બરદાસ્ત રાખશે."

"આજની રાત તો મને આપના ઉતારામા જ કાઢવી પડશે, પછી સ્હવારની વાત સ્હવારે." અલકકુમારી બોલી.

પછી તેમણે પોતાના ઘોડા જરા ઉતાવળા ચલાવ્યા, એટલે તેઓ પા ઘડીમાં જ સંગમપુરના દરવાજા પાસે આવી પહોચ્યાં. પહેરેગીરોએ પહેલાંની પેઠે જ તેમને અટકાવ્યા. પણ બળવંતસિંહે આગળીપરની વીંટી બતાવતાં તેને તેની સુંદર સહચારિણી સાથે અંદર જવાની પરવાનગી આપવામાં આવી. ઉતારે આવ્યા પછી બળવંતસિંહે એક ઓરડો અલકકુમારીને બતાવી દીધો, તેમાં તે સૂવાને ચાલી, બળવંતસિંહે પોતાના સેવકોના બિછાના તરફ નજર કરી, તો તે ખાલી પડેલાં જણાયાં. બળવંતસિંહ સમજ્યો કે પોતે તેમને રાજકન્યાની ભાળ લાવવાનું કામ સોંપ્યું છે તેમાંજ તેઓ રોકાયા હશે. પછી તે પણ પોતાના બિછાનાપર પડયો.

પ્રકરણ ૧૨ મું.

" સરદાર સાહેબ ! છેલ્લી સલામ ! "

બળવંતસિંહ બિછાનાપર પડયો ખરો, પણ તેને ગાઢ નિદ્રા આવી નહિ. થોડા જ વખત પહેલાં જમદેવ સાથે થયેલા યુદ્ધનું સ્મરણ તાજું હોવાથી તે વિષેનું સ્વપ્ન તેને આવ્યા કરતું હતું. જમદેવનો પ્રત્યેક શબ્દ તેના કાનમાં ગણગણાટ કરી રહ્યો હતો અને અલકકુમારીએ આવીને પોતાને સાવધ કર્યો એ દેખાવ પણ તેને સ્વપ્નામાં દેખાતો હતો.

એ સ્વપ્નમાંથી તે એકાએક ચમકીને જાગી ગયો. આંખો ઉઘાડીને તે આસપાસજુએ છે. તો બિછાના પાસે ઊભેલી જમની જ તેના દૃષ્ટિએ પડી. તેનો ચહેરો જોકે ઉતરી ગએલો હતો, તોપણ તેમાંથી નાજુકાઇ અને મોહકતા નષ્ટ થઇ નહોતી. તેણે અત્યારે બારીક શ્વેત સાળુ પહેરેલો હતો અને શરીરપર બે-ત્રણ કરતાં વધારે અલંકારો પણ નહોતા, તોપણ તે ઘણીજ સુંદર દેખાતી હતી. ઉત્તમ વસ્ત્રો અને અનેક હીરાજડિત અલંકારો હોવાથી તે એટલી સુંદર દેખાત કેમ એ શંકાશીલ હતું. તેનો વર્ણ જોકે કાળો હતો. તો પણ તેના પ્રમાણપૂર:સર અવયવો અને સ્ત્રીના શરીરને અત્યંત શોભાવનારી મૃદુતાને લીધે તેની સુંદરતામાં ખામી આવતી નહોતી. મંદમંદ બળતા દીવાના આછા પ્રકાશમાં તે સુંદરીની આકૃતિ અત્યંત મનોહર દેખાતી હતી.

"કોણ છે એ ? જમની તુંજ છે કે શું ?" બળવંતસિંહે પૂછયું.

"હા. હું આટલા દિવસસુધી જમદેવની જ પુત્રી હતી ખરી, પણ હવે મારો અને જમદેવનો કાંઈ પણ સંબંધ રહ્યો નથી, તે માટે

હું આપનો અત્યંત આભાર માનું છું. જે વખતે જમદેવ સાથેના યુદ્ધમાં આપનો પારાભવ થયો, તેજ વખતે મારા શરીરમાં એકદમ દાહ થવા લાગ્યો, પણ થોડી વારમાં મારા ચિત્તને શાન્તિ લાગવા માંડી, મારૂં મન સુપ્રસન્ન થયું, તે ઉપરથી હું જમના પંજામાંથી છૂટી એવું મને લાગવા માંડયું. હવે હું પાછી મારી જન્મભૂમિમાં જઇશ અને બાકી રહેલું આયુષ્ય ત્યાં સુખમાં ગાળીશ. હું અત્યારે આપને છેલ્લી સલામ કરવા આવી છું."

"શું કહ્યું? છેલ્લી સલામ! બરાબર છે." બળવંતસિંહ ગદ્ગદ્ કંઠે બોલ્યો: "હા, છેલ્લી જ સલામ તો! મારે મારૂં વચન પાળવું જોઇએ. તારી સાથે મારે વધારે સંબંધ રાખવો જોઇએ નહિ."

"પણ જો હું મારી મેળે આપની પાસે આવી છું, તો પછી આપે વચન તોડવાની બીલકુલ બીતિ રાખવી નહિ. આપને માટે મારા મનમાં જે કાંઇ પ્રેમ છે, તે માટે આપનો આભાર માનવાને હું અહીં આવી છું." જમની બોલી.

"જમની! પ્રેમની વાત છોડી દે!" બળવંતસિંહ ગભીર સ્વરે બોલ્યો: "જમદેવની સાથે લડયા પહેલાં તારે માટે મારા મનમાં જે પ્રેમ નિવાસ કરી રહ્યો હતો, તેથી જ યુદ્ધમાં મારી હાર થઇ છે. હશે; તારી જન્મભૂમિમાં તું સુખેથી જજે. પરમેશ્વર તારૂં કલ્યાણ કરો! તું મારી પાસેથી દૂર થઇશ કે તુરત સર્વત્ર અંધકાર જ અંધકાર મારી દૃષ્ટિએ પડયા કરશે."

"નહિ, નહિ, સરદાર સાહેબ! એટલા બધા હતાશ ન થાઓ આપને આ જગતમાં સર્વત્ર પ્રકાશ જ જોવામાં આવશે, સરદાર સાહેબ! મારા પર જો આપનો ખરેખરો પ્રેમ હોય, તો આપની પાસે મારી એક નમ્રતાભરી માંગણી છે."

જમની! તારી જે કાંઇ ઇચ્છા હોય, તે મને સુખેથી કહે."
બળવંતસિંહ ઉત્સુકતાથી બોલ્યો: "મારા જીવની પણ પરવાહ કર્યા વિના હું તારી ઇચ્છા પૂર્ણ કરવાનો પ્રયત્ન કરીશ."

"આપે મારા ઉપર જે અનંત ઉપકારો કર્યા છે. તે જોતાં મારી માંગણીની કાંઇ બહુ કીંમત નથી. મારી માગણી માત્ર એટલી જ છે કે, આપ જેવો મારા પર પ્રેમ રાખો છો, તેવો પ્રેમ મારી બ્હેન લતિકાદેવી ઉપર પણ રાખશો, એવી મારી વિનંતિ છે. જમની પોતાના સાળુના છેડાવડે આંખો લૂછતી બોલી.

"તારી એ ઇચ્છા હું પૂર્ણ કરીશ." બળવંતસિંહ સસ્મિત વદને બોલ્યો.

"વારૂ ત્યારે હવે હું જઉ છું. કાલે બપોરે નદીકિનારે આપને લતિકા મળશે." જમની ચાલતી થતાં પાછું વાળીને બોલી: "ત્યારે હવે સરદાર સાહેબ! છેલ્લી સલામ!"

તેનો હાથ પકડવાના ઉદ્દેશથી બળવંતસિંહ પલંગ પરથી ઉઠીને જુએ છે, તો ઓરડામાં કોઈ પણ મળે નહિ! પોતે જાગૃત છે કે સ્વપ્નમાં છે, તેનો વિચાર કરતો બળવંતસિંહ ઓરડાની બહાર આવ્યો. એક રીતે એ સર્વ પ્રકાર ખરો લાગતો હતો, ત્યારે બીજી રીતે તે ખોટો પણ ભાસતો હતો! છેવટે રાત હજી ઘણી બાકી રહી હશે એમ ધારીને તે પુનઃ બિછાનાપર પડયો અને ગાઢ નિદ્રાને અધીન થયો.

બીજે દિવસે ઘરવાળાના ચાકરને પૂછગાછ કરતાં માલૂમ પડયું કે રાત્રે એક સ્ત્રી તેની પાસે આવી હતી ખરી, અને તેના બન્ને સેવકો તે રાત્રે સુવા આવ્યા નહોતા હવે તેઓ પોતાને કયારે મળે એવું તેને થયું. 'હવે આપણને રાજકન્યાનું કશું કામ નથી, એવું સેવકોને કહીને તેમને સાથે લઇને સ્વદેશ તરફ પાછા ફરવું એવો તેનો વિચાર

હતો. આ દેશમાંની કોઈ પણ જાતની રાજખટપટમાં એક વર્ષ સુધી પડવું નહિ એવી તેણે જમદેવની સાથે શરત કરી હતી, તે તોડવી નહિ, એવી તેની ઉત્કટ ઇચ્છા હતી.

બળવંતસિંહે સ્નાનાદિ પ્રાતઃકર્મમાંથી પરવારીને અલકકુમારીની ખબર કાઢી, પણ ઘરધણીએ કહ્યું કે તે વહેલા પરોઢિયામાં ઉઠીને બહાર ગઇ હતી તે હજી પાછી ફરી નહોતી. આ સાંભળીને બળવંતસિંહને બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું. રાત્રિના બનાવથી તેની સઘળી ચાણક્ષતા જાણે કે નાશ પામી ગઇ હોય તેવું માલૂમ પડતું હતું; તોપણ જમનીએ રાત્રે કહ્યા પ્રમાણે લતિકાને મળવા જવાને તે પોતાના મનમાં કેટલોક ઉત્સુક બન્યો હતો. મધ્યાહ્નને સુમારે બળવંતસિંહ લતિકાદેવીને મળવા માટે નદીકાંઠાપરની વૃક્ષાવલિમાં દાખલ થયો. જ્યાં પૂર્વે તે બન્નેની એક વાર મુલાકાત થઇ હતી, ત્યાં જ તે જઇને આમતેમ જોવા લાગ્યો, પણ લતિકા ક્યાંય જોવામાં આવી નહિ, તેથી તે આવે ત્યાં સુધી થોડી વાર નદીકિનારે ફરવું, એવું વિચારીને તે નદી પર ગયો. તેણે એક વાર નદીના પ્રવાહ તરફ નજર કરી, એટલામાં કોઇક સ્ત્રી નદીમાં તણાય છે એવું તેના ધ્યાનમાં આવ્યું તે જોઇને એક ક્ષણનો વિલંબ નહિ કરતાં બળવંતસિંહ એકાએક નદીના પ્રવાહમાં કૂદી પડયો !

પ્રકરણ ૧૩ મું.

લતિકાનું ખંજર.

અલકકુમારી જ નદીમાં તણાતી હતી અને બળવંતસિંહે તેને એક ક્ષણમાં ઓળખી લીધી. બળવંતસિંહ પોતાની મદદે આવી

પહોંચ્યો છે એવું જોતાં જ તેને ધીરજ આવી અને તેણે પોતાનો હાથ તેની સામે લાંબો કર્યો, નદીનો પ્રવાહ જોકે અત્યંત વેગવાન હતો, તો પણ તેની પરવાહ કર્યા વિના બળવંતસિંહ પાણી કાપતો કાપતો આગળ ચાલ્યો, અલકકુમારીએ એટલો વખત શ્વાસ પકડી રાખ્યો હતો તેથી તે પાણી ઉપર તરતી હતી અને પોતાને બચાવવાને બળવંતસિંહ આવે છે, એ દૃષ્ટિએ પડતાં જ તેનો શ્વાસ છૂટી ગયો અને તે પાણીમાં ડૂબી ગઇ. તેની પાછળ જ બળવંતસિંહે પણ ડુબકી મારી અને તેના પગને હાથમાં પકડીને તેને સાથે રાખી બળવંતસિંહ પાણીની ઉપર આવ્યો. બન્ને જણ પાણીની સપાટી ઉપર આવ્યાં એટલે થોડા શબ્દોમાં અલકકુમારીને તેણે ધીરજ આપી અને પછી તે અલકની સાથે તરતો તરતો કિનારે આવી પહોંચ્યો.

તે વખતે અલકકુમારી તદ્દન બેશુદ્ધ બની ગએલી હતી. તે મરી ગઈ તો નહિ હોય એવી શંકા બળવંતસિંહના મગજમાં આવી તેણે તેને તડકામાં સુવાડી અને હાથપગમાં ગરમી લાવવાનો તેને જોરથી ઘસવા માંડયા થોડી વારે તે ભાનમાં આવતી હોય એવાં ચિન્હો દેખાવા લાગ્યાં અને ધીમે ધીમે તેના મ્હોંપર ચંચળતા ચમકવા લાગી.

અલકકુમારી પોતે થોડું ઘણું તરતાં શીખી હતી, તેથી તેના પેટમાં બહુ પાણી પેસી ગયું નહોતું. તે સાવધ થતાં જ બળવંતસિંહે તેને મિષ્ટ શબ્દોવડે આશ્વાસન આપ્યુ. તે શબ્દો સાંભળવાથી અલકકુમારીને એટલી શાન્તિ મળી કે તે થોડા સમય ઉપર વીતેલું પ્રાણસંકટ વીસરી ગઈ.

એટલામાં પાસેની ઝાડીમાંથી કોઈ આવતુ હોય એવો બળવંતસિંહને ભાસ થયો અને તેણે તે તરફ જોયું તો લતિકાદેવી

તેની દૃષ્ટિએ પડી. તેણે પાસે આવીને બન્ને તરફ એક વાર દૃષ્ટિ નાંખતાં જ થોડા સમય પહેલાં કેવો બનાવ બની ગયો હશે, એ તેના ધ્યાનમાં આવી ગયું. બળવંતસિંહે એક મનુષ્યપ્રાણીને સંકટમાંથી બચાવ્યું. એ જોઇને તેને સારૂં લાગ્યું, પરન્તુ પોતે એક સુસ્વરૂપ તરૂણીની પાસે ઊભી છે, એવું જોતાં જ તેના મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ તોપણ તેણે પોતાનો મનોભાવ કળાવા ન દેતાં મોટેથી ત્રણ તાળી બજાવી કે તરત જ બે લઠ્ઠ સિપાઇઓ અને રેવા તથા રાધા ઝાડીમાંથી આગળ નીકળી આવ્યાં. લતિકાદેવીએ અધિકારદર્શક સ્વરે બન્ને દાસીઓને કહ્યું: “ આ બાઇને લઇને છાવણીમાં જાઓ અને તેની ચાકરી બરદાસ્ત સારી રીતે કરજો. ” પછી સિપાઇઓ તરફ ફરીને તે બોલી: “ આ સરદાર સાહેબને લઇને તમે છાવણીમાં જાઓ અને તેમને નવાં-કોરાં વસ્ત્રો પહેરવા આપો. ', કિંચિત્ ધીરા અને નમ્ર સ્વરે તેણે બળવંતસિંહને કહ્યું: “ મહારાજ ! આપ પાછા ફરો, ત્યાંસુધી હું અહીંજ આપની રાહ જોતી બેસું છું. આપની સાથે મારે થોડીએક વાતચીત કરવાની છે. ”

“ તે મને ખબર છે અને હું પણ એટલા માટેજ અહીં આવ્યો છું.” એમ બોલીને બળવંતસિંહ તે સિપાઇઓની સાથે જવા લાગ્યો અલકકુમારી હજી સંપૂર્ણ રીતે સાવધ થઇ નહોતી, તોપણ તેને બન્ને દાસીઓએ સંભાળીને બેઠી કરી અને પછી તેના હાથ પકડીને ધીમે ધીમે એક એક ડગલું ભરાવીને ચલાવવા માંડી. થોડી જ વારમાં તે સઘળાં એક ઘીચ ઝાડીમાં પેઠાં. ત્યાં દશ-બાર નાના અને એક મોટો તંબૂ નાંખેલો હતો. તેમાંના મોટા તંબૂમાં સિપાઇઓ બળવંતસિંહને લઈ ગયા. રેવા અને રાધાએ અલકકુમારીને સૂકાં વસ્ત્રો પહેરાવીને એક ઉત્તમ નરમ બિછાનાપર સુવાડી અને તેના શરીરપર ઊનની ગરમ

શાલ ઓઢાડી. તેવી જ રીતે સિપાઈઓએ બતવંતસિંહને સન્માન-પૂર્વક બીજાં વસ્ત્રો પહેરાવ્યાં. નવાં વસ્ત્રો પહેર્યા પછી બળવંતસિંહે અલકકુમારીની ખબર કાઢી તો રાધા અને રેવાએ જણાવ્યું કે તે ઉંઘી ગઈ છે. બળવંતસિંહે તેમનો આભાર માનીને અલકની સારી રીતે બરદાસ્ત કરવાની વિનતિ કરી અને પછી પોતે લતિકાદેવીને મળવાને નદી તરફ ચાલ્યો.

આ સઘળાં નદીકિનારેથી છાવણીમાં આવવા નીકળ્યાં ત્યારપછી નદીપર શો બનાવ બન્યો તે પ્રથમ જાણવાની જરૂર છે, બળવંતસિંહે આ તરૂણ બાળાને–અલકકુમારીને બચાવવાનો પ્રયત્ન કર્યો, તેનું શું કારણ હશે, તેનો વિચાર કરતી લતિકાદે નદીકાંઠેવી આમતેમ ફરતી હતી. અલકને જોઇને તેના મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ હતી. બળવંત-સિંહની પોતાના ઉપર પ્રીતિ નહોતી, તેવી જ રીતે તે બીજા કોઇ ઉપર પણ ન હોવી જોઈએ, એવું તે ઇચ્છતી હતી. તે મનમાં બોલી: "ગમે તેમ થાય, પણ એ સુંદર, તરુણ અને પરાક્રમી વીરને હું મારો પોતાનો જ કરી લીધા વિના રહીશ નહિ."

આ શબ્દો તે બોલતી હતી, એટલામાં એક વૃદ્ધ સ્ત્રી પોતા તરફ આવી રહી છે એવું તેના જોવામાં આવ્યું. તે નવીન બાઇ દેખા-વમાં તો સાધારણ જ હતી, તોપણ તેને જોઇને લતિકાને અત્યંત ભય વ્યાપ્યો.

તે વૃદ્ધ સ્ત્રી પાસે આવતાં જ લતિકા બોલી:"રંડા ! અહીં તું કેમ આવી છે ?"

વૃદ્ધા બોલી: "રમણી ! તું મારી સાથે ચાલ ! તારી સઘળી સખીઓ તને મળવાને બહુ જ ઉત્સુક બની રહી છે. તેઓ તારા સઘળા અપરાધોને વિસરી જશે. માટે ચાલ."

"દુષ્ટા ! મારી પાસે આવા નિર્લજ્જ શબ્દો બોલતાં તું જરાએ શરમાતી નથી ?" એ શબ્દો બોલતાં તે ક્રોધથી રાતી-પીળી થઈ ગઈ હતી. તે બોલી: "હું જીવું છું, ત્યાંસુધી મારાં પગલાં પુનઃ ત્યાં થાય એવું તું કેવી રીતે માની શકી ?"

એ વૃદ્ધા હસતી હસતી અને આંખો ચમકાવતી બોલી: "ના, ના રમણી ! તને પેલા ભિખારી મઠમાં લઇ જવા ઇચ્છતી નથી. પેલી અમરાપુરીમાં હુ તને તેડી જઇશ–કે જ્યાં મધરાતે ગંધર્વો અને અપ્સરાઓ શૃંગારરસથી સ્નાન કરીને અને સઘળાં માનસિક–શારીરિક કષ્ટો વિસરી જઇને, રૂપાના ઘંટનો નિનાદ થતાંની સાથે—"

"ચૂપ રહે, રંડા ! ખબરદાર જો મારી પાસે એક શબ્દ પણ વધુ પડતો બોલી છે તો ?" જાણે કે ક્રોધની સાક્ષાત્ મૂર્તિજ ન બની ગઈ હોય, તેવી રીતે તે કમ્પતી બોલી: "હું તારી સમજાવણીથી ફોસલાઉ અને ડરામણીથી ડરી જઉં, એવું તું માનીશ નહિ, દુષ્ટા !"

વૃદ્ધા હસતી હસતી બોલી: 'વિચાર કર, રમણી ! હજી પણ વખત રહ્યો છે. ધર્મભ્રષ્ટોની સાથે રહેવાથી તું પણ નાસ્તિક બની જાય છે. જો વખતસર વિચાર કરીશ. તો તેથી તારૂં કલ્યાણ થશે; નહિતો અમે તને કાલિકાને બળિદાન દીધા વિના રહીશું નહિ !"

વૃદ્ધાએ આપેલી ધમકીને ગણકાર્યા વિના લતિકા બોલી: "એ તારી ધમકીથી હું જરા પણ બ્હીવાની નથી, રાંડ ચંડિકા ! મેં જો પહેલેથી જ તે ભયંકર પદાર્થની સામે ઊભા રહીને સોગંદ લીધા ન હોત, તો ક્યારનાંએ તમારાં જડ-મૂળ ઉખેડી નાંખ્યાં હોત ! હું હજી સત્યને વળગી રહી છું. તેથી જ તમે જીવતાં રહ્યાં છો, માટે મારો ઉપકાર માનો !"

" એમા ઉપકાર શાનો ? " ચંડિકા રોષ દર્શાવતી બોલી: " જો સોગંદ ભાંગીશ તો તું નરકમાં પડીશ ."

લતિકા ચ્હીડાઇને બોલી: ખબરદાર, જો મારૂ અપમાન કર્યું છે તો ! મેં ફક્ત એ પ્રકાર ગુપ્ત રાખવાના જ સોગંદ લીધા છે. હું મારા શત્રુનો પ્રાણ લઇશ નહિ, એવા સોગંદ કાંઇ મેં લીધા નથી. "

ચંડિકા બોલી: 'મને જો તું તારી વૈરિણીમાનીશ, તો હું પણ તમે મારી વૈરિણી માન્યા વિના રહેવાની નથી. "

"તું શુ કહેવા માંગે છે, તેનો કશો અર્થ જ મારા સમજવામાં આવતો નથી." એ શબ્દો ઉચ્ચારતા લતિકા એક રાજાની રાણીના રૂઆબથી ઊભી હતી.

" ન સમજતી હોય, તો ઊભી રહે, હમણાં જ હું તને તેનો અર્થ સમજાવી દઉ છું" એટલુ બોલતાં ચંડિકાએ આમતેમ નજર કરીને પોતાના કમરપાટામાં ગુપ્ત રાખેલું એક ખંજર બહાર કાઢયું અને લતિકાની તદ્દન નજીકમાં ઊભી રહીને તે બોલી: "છોકરી! મુંગી-મુંગી મારી આગળ થા અને હું જ્યાં લઇ જઉં ત્યાં ચાલ, નહિતો તારૂ મોત હવે તદ્દન નજીક આવ્યું છે એમ જ—"

પરન્તુ ચંડિકા એટલા શબ્દો પૂરા બોલી રહે તે પહેલાં તો તે એકદમ જમીનપર પછડાઇ પડી, કારણકે હજી તો તે પોતાનું ખંજર ઉચું કરે તે પહેલાં તો લતિકાએ પોતાના કમરપટામાંથી ખંજર ખેંચી કાઢીને તેને ચંડિકાના કાળજામાં હુલાવી દીધું ! મુખમાંથી પૂરા શબ્દો પણ નીકળે તે પહેલાં તો ચંડિકા ઠાર થઇને લતિકાના પગ પાસે પડી ! લતિકા ખંજર મારતી હતી, તે જ ક્ષણે બળવંતસિંહ ત્યાં જઇ પહોંચ્યો, તેણે લતિકાનું એ અઘોર કર્મ જોયું, પણ પહે-

લાંના સંભાષણમાંથી એક અક્ષર પણ તેણે સાંભળ્યો નહોતો. લતિકાએ ખૂન કર્યું છે એટલું જ માત્ર તેના જોવામાં આવ્યું.

તેને જોઇને લતિકા બનેલા બનાવનું સ્પષ્ટીકરણ કરવાને બોલી: "સરદાર સાહેબ! મને ખૂની સમજવા પહેલાં આ વૃદ્ધાના હાથમાં પણ ખંજર છે એ જોઇ લો. મેં જો એનો પ્રાણ લીધો ન હોત,તો તેણે અવશ્ય મારૂં મોત આણ્યું હોત!"

"તેણે તને એવી ધમકી આપી હતી શું?" બળવંતસિંહે પૂછ્યું.

"મહારાજ! જુઓ તો ખરા! એ રંડા મરી ગઇ છે, છતાં હજી તેના હાથમાંથી ખંજર છૂટતું નથી! મારો જીવ લેવાનો જ તેનો વિચાર હતો."

"એ ગમે તેમ હો, પણ લતિકા! એ તો ખરૂં છે કે આ કામ તેં તારા સ્ત્રીત્વને શોભે તેવું કર્યું નથી, તોપણ તેમાં હું તને દોષ દેતો નથી, કારણકે પોતાનો જીવ બચાવવાને માટે બીજાનો પ્રાણ લેવાની જરૂર પડે તે કાંઇ દોષ લેખાતો નથી એવું શાસ્ત્રમાં કહેલું છે, તારા ચહેરાપરથી તું એ ડોસી ઉપર કેટલી ગુસ્સે થએલી હતી, એ સ્પષ્ટ માલુમ પડી આવે છે, પણ ખૂન જેવું ભયંકર કામ તો પુરૂષના કઠોર હાથને જ યોગ્ય દેખાય; તારી સરખી લાવણ્યલતિકાના નાજૂક હાથનું એ કામ ન હોય!"

લતિકાદેવી બળવંતસિંહની તદ્દન નજીક જઇને બોલી: "તેથી તમને મારા પર કંટાળો આવે છે કે શું?"

"તારા પર કંટાળો! મને શામાટે કંટાળો આવે? નહિ, નહિ, એવું કદી બનવાનું નહિ. કાંઇ નહિ તો છેવટે તારી બ્હેનની ખાતર પણ હું તારા પર કદી ગુસ્સો કરીશ નહિ. પણ મને એટલો જ અસંતોષ રહી જાય છે કે તારો શત્રુ એક પુરૂષ હોત અને મેં તેને

મારે હાથે યમદ્વારમાં પહોંચાડ્યો હોત, તો ઠીક હતું." બળવંત-સિંહ બોલ્યો.

કેટલીક વારસુધી બળવંતસિંહની નજરની સાથે પોતાની નજર મિલાવી રહીને લતિકા બોલી: "સરદાર સાહેબ ? તમે ઉદાર મનના છો, તેથી જ તમે મારો ગુન્હો માફ કરો છો ! પરન્તુ તમારા મનમાં મારા વિષે ખરો અભિપ્રાય કેવો છે, તે જ માત્ર આપ સ્પષ્ટ રીતે જણાવતા નથી—"

બળવંતસિંહ વચમા બોલ્યો:" લતિકા ! તું જરા પણ દુઃખિત થઈશ નહિ. હું તને બિલકુલ ધિક્કારતો નથી. હું ખરૂં જ કહું છું કે મને તારી દયા આવે છે."

"હવે પછી પણ તમે મને એક સખીના જેવી જ સમજશો શું ?" લતિકાએ પૂછ્યું.

" હા જ તો ! પહેલાંની પેઠે જ તું મને એકસરખી પ્રિય છે, એ તું નિઃસંશય માનજે !" બળવંતસિંહ બોલ્યો.

લતિકા બોલી: " અને આ કામ જો મારે હાથે ન થતાં જમનીને હાથે થયું હોત, તોપણ આપના મન ઉપર શું આવું જ પરિણામ થયું હોત ?" આ પ્રશ્ન પૂછવાનો લતિકાનો હેતુ એટલો જ હતો કે જો જમની આ જગત્માં ન હોત તો બળવંતસિંહનો પ્રેમ પોતા ઉપર જડાયો હોત, એવું લતિકાને જણાતું હતું !

" આ તો એક ચમત્કારિક પ્રશ્ન તેં પૂછ્યો !" બળવંતસિંહ બોલ્યો.

" પ્રશ્ન ચમત્કારિક તો છે ખરો, પણ હું પુનઃ પૂછું છું–સાચા હૃદયથી બોલજે–જો આ કાર્ય જમનીએ કર્યું હોત, તો તમે તે વિષે કેવો મત ધરાવ્યો હોત " લતિકા ઉત્તર સાંભળવાને વિશેષ ઉત્સુક બની.

" આ કૃત્ય જ એટલું વિલક્ષણ છે કે જમનીના, તારા, કિંવાં બીજા કોઇના પણ હાથે તે થયું હોત, તો પણ મને તેનુ મહત્ત્વ એક સરખું જ માલૂમ પડયુ હોત, પણ હવે આપણે એ વિષય જ છોડી દઇશું. જો, આ કૃત્યનું છેવટ હું આણી દઉ છુ. " એમ કહીને બળવંતસિંહે તે મુડદું ઉપાડયુ અને નદીના પ્રવાહમાં ફેંકી દીધું. પછી તેણે લતિકાને પુનઃ કહ્યુ: "લતિકા ? શું તું એમ કહે છે કે હું તને કાંઇ મદદ કરૂ ? પણ હું તો હવે થોડા જ દિવસમાં સ્વદેશ તરફ પાછો ફરવાનો છું. " એ વખતે પોતાનો પરાજય કરનાર જમદેવનું સ્મરણ થવાથી બળવંતસિંહે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો

" શું તમે સ્વદેશ જવાના છો ! હું કહું છું કે–"લતિકા ધીમે અસ્પષ્ટ શબ્દે બોલી.

"કહે, કહે. જે કહેવું હોય તે સ્પષ્ટ કહે; કારણકે તારી ઇચ્છા પૂર્ણ કરવાનું મેં જમનીને વચન આપ્યું છે. મારા પર વિશ્વાસ રાખીને સઘળું ખુલ્લા દિલથી કહી દે ! " બળવંતસિંહ બોલ્યો.

" હું આપનો આ ઉપકાર કેવી રીતે ફેડીશ ? હું પણ આપની સાથે જ આવું છું. મારી બ્હેને જતી વેળાએ પોતાની બન્ને સખીઓને મારી પાસે જ રાખી છે. લતિકા બોલી.

"ત્યારે, આજથી છઠે દિવસે હું મારા સેવકોને સાથે લઇને ગુજરાત તરફ રવાના થઇશ–હું શામાટે જઉં છું તે જમની જાણે છે. કહે, તું પણ સાથે આવીશ ?" બળવંતસિંહે પૂછયું.

"હા. હું પણ તે કારણ જાણું છું." એમ કહીને તે સુંદરી પોતાનાં અશ્રુપૂર્ણ નેત્રોને સાડીના છેડાવડે લૂછવા લાગી.

"શું તને તારી બ્હેનનું સ્મરણ થઇ આવ્યું ? " બળવંતસિંહે પૂછયું.

"હાય! હાય! મારા મનની સઘળી વાત તમને અત્યારે જ હું કહી નાંખું! પણ ના, હજી તે વખત આવ્યો નથી. કદાચ પાટણનાં પહોંચ્યા પછી—" લતિકાના આ અધૂરા શબ્દો સાંભળીને બળવંતસિંહને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું. તે કઇ ગુપ્ત વાત કહેવાની હશે તે વિષે તે કશું અનુમાન કરી શક્યો નહિ.

કેટલીક વારે લતિકા બોલી: "મહારાજ! હવે આપણે એ વાતચીત છોડી જ દઇએ. પાટણ પહોંચ્યા પછી આજ પહેલાં બનેલા અને હવે પછી બનવાના બનાવોનો ખુલાસો હું આપની પાસે કરીશ. એક વાર આપણા જવા વિષેનો વિચાર નક્કી કરી વાળો." થોડી વાર વિચાર કરીને તે બોલી: "આજથી છઠે દિવસે સૂર્યોદયની વેળાએ હું આપને શહેરની બહાર આવીને મળીશ. પણ હવે આપણે છૂટા પડીએ તે પહેલાં એક વાત મને કહો. આજે આપે જેને ડૂબતાં બચાવી તે સ્ત્રી કોણ છે? તેની યોગ્યતા પ્રમાણે હું તેનો સત્કાર કરીશ. બે-ત્રણ દિવસ હું તેને મારી પાસે રાખીશ."

બળવંતસિંહે ઉત્તર આપ્યો: "શ્યામગઢની પાસે રહેનારા એક ખેડુતની એ પુત્રી છે. એ અલક જોકે ગરીબ છે ખરી, પરન્તુ બહુ જ ડાહી, ચતુર અને સુંદર છે. તે એક રાજમંદિરમાં શોભે તેવી છોકરી છે. તેનો તારાથી બને તેટલો સારો આદરસત્કાર કરજે."

કિંચિત્ ચ્હીડાઇને લતિકા બોલી: "આપ તો તેના સ્તુતિપાઠક જ બની ગયા જણાઓ છો!"

બળવંતસિંહ કળી ગયો કે લતિકાના મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ છે, પણ તે બહાર દર્શાવ્યા વિના તે બોલ્યો: "અલકકુમારી

જેટલી સ્તુતિને પાત્ર છે, તેટલી જ તેની સ્તુતિ મે કરી છે. કાલ રાતના જમદેવ સાથેના યુદ્ધમાં હું ઘાયલ થઇને બેભાન પડયો હતો, તે વખતે તેણે મને જે મદદ કરી હતી, તે જો ન કરી હોત, તો હું તે જ સ્થિતિમાં કેટલીએ વારસુધી ત્યાં પડી રહ્યો હોત અને પછી આગળ શું બનવા પામ્યું હોત, તે કહી શકાય નહિ, કાલે તેણે મને જેવી મદદ કરી હતી, તેવી જ બલ્કે તેથી એ જરા વધારે મદદ તું તેને કરજે."

કદાચ પોતાના મનનો ભાવ બળવંતસિંહના જાણવામાં આવી ગયો હશે, એવું માનીને તેણે બળવંતસિંહને કહ્યું: "હું માણસનું મૂલ્ય નથી સમજતી, એમ આપ ન માનશો."

"તારા ઉદાર દિલને હું સારી રીતે પિછાણું છું. વારૂ, ત્યારે હું હવે જઉં છું. હવે પછી આપણા ઠરાવ પ્રમાણે આજથી છઠ્ઠા દિવસની પ્રભાતે આપણે મળીશુ" બળવંતસિંહ બોલ્યો.

"વારૂ, તે જ વખતે આપણો મેળાપ જરૂર થશે." એમ બોલતાં લતિકાએ પોતાના તંબૂનો રસ્તો લીધો. બળવંતસિંહ શહેર તરફ ચાલતો થયો. બન્ને જણ છૂટાં પડીને પોતપોતાને માર્ગે ચાલ્યા ખરાં, તોપણ તે બન્નેના મનમાં એક જ બનાવ સંબધે-એટલે ચંડિકા દોસીના મરણ સંબંધે-એકસરખા વિચાર ચાલી રહ્યા હતા.

જો લતિકાને વચમાં થોડો પણ વખત મળી શકયો હોત, તો તેણે પોતાનો ગુન્હો બળવંતસિંહના જાણવામાં આવવા દીધા વિના જ છુપાવી દીધો હોત. બળવંતસિંહ પણ જો થોડો વહેલો આવી પહોંચ્યો હોત, તો તેણે લતિકાને હાથે ખૂન નહિ થવા દેવાને કદાચ

પોતાના ઉપર પણ જોખમ વ્હોરી લીધું હોત; પરન્તુ જે થવાનું હતું તે તો થઇ ગયું, તેમાં કોનો ઉપાય ચાલે ?

લતિકાએ તંબૂ પાસે પહોંચ્યા પછી એક વાર પાછું વાળીને જોયું અને પોતાના મનમાં જ બડબડી: " કાંઇ ફીકર નહિ ! છેવટે તો તે મારો જ છે ! મારો જ છે ! "

પ્રકરણ ૧૪ મું.

બે નવાં બળિદાન !

વાચક ! સરદાર બળવંતસિંહે પોતાના બન્ને સેવકો તેજસીંગ અને દાનસીંગને રાજકન્યાની શોધ કરવાની આજ્ઞા કરી હતી, તે તને સાંભરે છે કે ?

પોતાના માલેકની આજ્ઞા પ્રમાણે રાજકન્યાની શોધ કરવાનો તેમણે દઢ નિશ્ચય કર્યો, પરન્તુ તેઓમાંથી એકે પણ રાજકન્યાને જોઇ નહોતી, એટલું જ નહિ, પણ તેની તસબીર પણ તેમણે કદી જોએલી નહોતી. એ કારણથી એક વાર તેઓએ જ્યાં હોય ત્યાંથી રાજકન્યાની તસબીર જોવાનો નિશ્ચય કર્યો. ઘરધણીની સાથેની વાતચીત દર્મિયાન તેઓએ એટલું જાણી લીધું કે રાજદરબારમાં રાજકન્યાની એક મોટી તસબીર ટાંગેલી હતી. રાજદરબાર તો અત્યારે વીરોત્તમના તાબામાં હતો અને તેના ઉપર વીરોત્તમનાં તાળાં તથા તે ઉપર તેના સીક્કા લગાવેલા હતા. પરન્તુ એ સાહસિક યુવકો તેથી હિંમત હારી જાય તેવા નહોતા. એક વાર તેમણે બરાબર લાગ જોઇને એક બારી તોડી નાંખીને તે દ્વારા રાજમહા-

લયમાં પ્રવેશ કર્યો અને રાજકન્યાની તસબીરની શોધ કરવા માંડી.

રાજમહાલયના પ્રત્યેક દીવાનખાનામાં અનેક તસબીરો ટાંગવામાં આવેલી હતી. તે સઘળી જોઈને તેની નીચેનાં નામો પણ વાંચવાની તેમને જરૂર પડતી હતી. ઘણો વખત ગાળીને તેમણે અનેક તસબીરો જોઈ, પણ તેમાં રાજકન્યાની તસબીર તેમના જોવામાં આવી નહિ. તેઓએ રાજમહાલયના સઘળા ભાગોમાં શોધ ચલાવવાનો નિશ્ચય જ કર્યો હતો. છેવટે તેઓ એક નાની ઓરડી પાસે આવીને અટક્યા. તે ઓરડીને એક મજબૂત તાળું મારીને બંધ કરવામાં આવી હતી, પરન્તુ તેને નહિ ગણકારતાં તેઓએ તાળું તોડી નાંખીને ઓરડી ઉઘાડી તથા તેમાં પ્રવેશ કર્યો. તે ઓરડીમાં અનેક મૂલ્યવાન પરન્તુ વજનદાર વસ્તુઓ ભરવામાં આવી હતી, પરન્તુ તે તરફ દૃષ્ટિ નહિ કરતાં તેઓએ માત્ર તસબીરો જ જોતા માંડી. એક મોટી તસબીર પર તેમની નજર જતાં જ તેઓ એકદમ ચમકી ઉઠયા, કારણકે તે તસબીરમાંની સ્ત્રીને તેમણે પૂર્વે કોઇક સ્થળે જોઇ હતી, એમ તેમને લાગ્યું. એટલામાં તેમને સાંભર્યું કે, પેલી વૃદ્ધ સ્ત્રીની સાથે સ્વર્ગસુખનો અનુભવ લેવા જતાં જે વિશાળ વિલાસભુવનમાં તેઓ ગયા હતા અને ત્યાં તેજસીંગને જે સુંદર તરૂણી સાથેના વિલાસનો લાભ મળ્યો હતો, તે જ તે તસબીરમાંની સ્ત્રી હતી! તસબીર ઉપરનું નામ તેઓએ વાંચ્યું તો "ચંદ્રપ્રભા" એવા અક્ષરો તેમની નજરે પડયા અને તેઓ આશ્ચર્યપૂર્વક એક બીજાનાં મ્હોં સામે જોતા સ્તબ્ધ બનીને ઊભા!

આટલા વખતસુધી જે રાજકન્યા સંબંધે તેઓ કેવળ અજ્ઞાન જ હતા, તેનો હવે સ્પષ્ટ ખુલાસો થઇ ગયો. રાજકન્યા પણ શક્તિ મંડળમાં ભળેલી છે, એવું જાણીને તેમને બહુ દુઃખ લાગ્યું. તેઓએ

પોતાના મન સાથે ઠરાવ કર્યો કે, ગમે તેમ થાએ, ભલે જીવ ઉપર જોખમ આવી પડે, પરન્તુ રાજકન્યાને એક વાર ફરીથી મળીને તેને ત્યાંથી મુક્ત કર્યા વિના તો રહેવું જ નહિ !

પણ હવે તે પુનઃ મળી શકે કયે સ્થળે ? જે મહાલયમાં તેઓ પૂર્વે ગયા હતા, તેના જેવા તો અનેક મહાલયો સંગમપુરની આસપાસ આવી રહેલા હતા. વળી પોતે તે મહાલયમાં કઈ દિશાએ થઇને ગયા હતા, એ પણ તેમના ધ્યાનમાં નહોતું, કારણ કે તેમને તે સ્થળે લઇ જતા પેલી સ્ત્રીએ તેમનાં મ્હોં ઉપર બુરખા નાંખેલા હતા. તે વૃદ્ધ સ્ત્રીને પુનઃ મળવાને તેઓએ કેટલાક દિવસસુધી નગરની આસપાસ અને અંદરના પ્રત્યેક રસ્તે ફર્યા કર્યું. છેવટે અમાવાસ્યાને દિવસેજ દિવસે બળવંતસિંહ અને બ્રજમદેવની લડાઈ થવાની હતી તે દિવસે–સાંજે સંગમપુરના દક્ષિણ દિશાના દરવાજે થઇને તે બન્નેજણ શહેરની બહાર નીકળતા હતા, તે વખતે એક બુરખાવાળી સ્ત્રી તેમની નજરે પડી. તેની સાથેની વસ્ત્રાલંકારભૂષિત દાસીને જોતાં જ એ સ્ત્રી કોઈ મોટા માન–મર્તબાવાળી હશે એવો વિચાર તેમના મનમાં આવ્યો અને તે સ્ત્રીને રસ્તો આપવાને એ બન્ને જણા રસ્તાની બાજુએ અદબથી ઊભા થઇ રહ્યા. તે સ્ત્રી તેમની નજીક આવી પહોંચતાં જ તેણે તેમને ઓળખી કાઢયા અને પોતાના મુખ ઉપરનો બુરખો જરા બાજુએ કર્યો, કે તુરત જ તેજસીંગ અને દાનસીંગે તેને ઓળખી કાઢી. પૂર્વોક્ત વિલાસભુવનમાં સૌની અધિષ્ઠાત્રી જે એક પ્રૌઢ સ્ત્રી હતી તે જ એ હતી. તેજસીંગ અને દાનસીંગે અત્યંત નમ્રતાથી તેને પ્રણામ કર્યા. તેમના મનમાં તો એવું હતું કે તે સ્ત્રી એક વાર ફરીથી જો પોતાને આમંત્રણ આપીને એ વિલાસભુવનમાં તેડી જાય તો બહુ સારૂં. પછી થોડીએક પ્રાસ્તા-

વિક વાતચીત થયા બાદ એ સ્ત્રીએ આજની રાતે તેમની ઇચ્છા પૂર્ણ કરવાનું અભિવચન આપીને તેમને પોતાની સાથે આવવાનું કહ્યું. પછી તેઓ તેની સાથે પૂર્વોક્ત શ્મશાનમાં આવ્યા ત્યાં આવેલા દેવાલયસુધી પહોંચતાં જ બે ઘોડા તેમના જોવામાં આવ્યા. પહેલાંની પેઠે મ્હોંઢાંકણુ પહેરાવવામાં આવ્યા બાદ તેઓ ઘોડાપર બેઠા અને બે ઘડીસુધી પ્રવાસ કર્યા બાદ તેઓ તે વિલાસભુવનમાં જઇ પહોંચ્યા.

મધરાત થઇ ત્યાંસુધીનો તેમનો સમય તો સ્નાન, ભોજન, વગેરે કાર્યો પાછળ ગયો. પછી તેમણે ઉત્તમ પોષાક ધારણ કર્યો, એટલામાં રૂપાનો ઘંટ મોટા અવાજથી વાગવા લાગ્યો અને એક સેવક તેમને દિવાનખાનમાં તેડી ગયો. તે સ્થળે કેટલાંક સુંદર સ્ત્રીપુરૂષોનાં જોડાં આવીને બેઠાં હતાં અને કેટલાંક હજી આવતાં હતાં. છેવટે જે સ્ત્રીને શોધવાને તેઓ અહીં આવ્યા હતા, તે સ્ત્રી-મોરપીછના પંખાવાળી સ્વરૂપવતી રાજકન્યા ચંદ્રપ્રભા તેમની નજરે પડી ! તેને જોતાં જ પેલી તસબીરમાંની સ્ત્રી એ પોતે જ હતી એવી તેમની ખાત્રી થઈ. સૌની પાછળ પેલી અધિષ્ઠાત્રી પ્રૌઢ બાઇએ ત્યાં પ્રવેશ કર્યો, પણ આજે તે એકલી જ હતી. પહેલી વાર જે જુવાન પુરૂષ તેની સાથે હતો, તે આજ નહિ હોવાથી તે કિંચિત્ શોકાતુર જોવામાં આવતી હતી

તે બાઇએ તે બન્ને જણની પાસે આવીને તેજસીંગનો હાથ રાજકન્યાના હાથમાં આપ્યો અને દાનસીંગની યોજના એક બીજી સુંદરી સાથે કરવામાં આવી. રાજકન્યાનો લાભ પોતાને જ થયો તેથી તેજસીંગને બહુ આનંદ થયો.

રાજકન્યાની સાથે એક આસન ઉપર બેસતાં જ તેજસીંગ બોલ્યો "સુંદરી ! મને ! તું વિસરી ગઇ તો નથી ને ?"

"નહિ નહિ, સરદાર સાહેબ ! હું તમને કેવી રીતે વિસરી જઉં ?" ચંદ્રપ્રભા કટાક્ષ ફેંકતી બોલી: "પણ આપ આ સ્થળે બીજી વાર કેવી રીતે આવી શકયા ?"

તેજસીંગે એક વાર આજુબાજુએ નજર ફેરવીને તેને હળવેથી કહ્યું: "રાજકન્યા ! અમે અહીં કાંઇક હેતુપુરઃસર ફરીથી આવ્યા છીએ. હું હવે જે કાંઈ કહું તે ધ્યાન દઇને સાંભળી લે."

"ઘણું કરીને મારૂં કલ્યાણ કરવાને જ તમે અહીં આવ્યા હશો." ચંદ્રપ્રભા બોલી: "પણ મને પહેલાં કહો કે તમે કોણ છો ?"

"તું સરદાર બળવંતસિંહને ઓળખે છે કે ? જો ન ઓળખતી હોય તો તે કરતાં મોટું નામ તને જણાવું." તેજસીંગ બોલ્યો

તે બોલી: "ત્યારે મારૂં નામ હજી ગુજરાતને સાંભરે છે ખરૂં ! સરદાર બળવંતસિંહને હું ઓળખું છું. તે ત્રણેક અઠવાડીયાં પહેલાં મને એક વાર મળ્યા હતા, પરન્તુ તમે કોણ છો એ બરાબર સમજ્યા વિના હું તમારી પાસે મારૂં મન ખુલ્લું કરી શકતી નથી. વારૂ, પહેલાં મને જણાવો કે આ મારા બંધીખાનાનું—નહિ નહિ—ગુપ્ત વાસનું સ્થળ તમારા જાણવામાં કેવી રીતે આવ્યું ? તેવી જ રીતે હું રાજ્યકન્યા છું, એ પણ તમે કેવી રીતે જાણ્યું ?"

"પહેલાં અમે કોણ છીએ, તે હું કહું છું." તેજસીંગ બોલ્યો: "સરદાર બળવંતસિંહના અમે નમ્ર સેવકો છીએ."

"શું ? સરદાર બળવંતસિંહના સેવકો ?" ચંદ્રપ્રભા હળવેથી પણ આશ્ચર્યથી બોલી: "તે તો બહુજ માયાળુ પુરૂષ છે. તેમણે મારૂં દુઃખ જાણીને મને છોડાવવાનું અભિવચન આપ્યું હતું. વારૂ. પણ તમે શી ગોઠવણ કરી છે ? મારે હવે શું કરવું ?"

તેજસીંગ બોલ્યો: "તને અહીંથી છોડાવીને ગુજરાતીઓના રક્ષણ હેઠળ રાખવી, એવી અમે યોજના કરી છે."

" આ તમારા શબ્દો મને અમૃત જેવા મીઠા લાગે છે:પણ હુ અહીંથી મુક્ત થઇને બહાર નીકળી શકું એ કામ જ ઘણું મુશ્કેલી-ભરેલું છે," તે બોલી.

" તને અહીંથી છૂટી કરવાની કશી ખાસ યોજના અમે કરી શક્યા નથી. જેવો વખત આવે તે પ્રમાણે વર્તવું એવો અમે વિચાર કર્યો છે. અમારી આ તલવારો અમારા હાથમાં છે ત્યાંસુધી તું જે હુકમ કરીશ, તે માન્ય કરવાને અમારા માલેકની ખાતર અમે એક પગે તૈયાર છીએ, " દાનસીંગ તરફ જોતાંજોતાં તેજસીંગ બોલ્યો.

જેવી રીતે પીંજરામાં ગોંધાએલું પક્ષી ઉડી જવાને આતુર બની ગએલું હોય છે, તેવી રીતે આતુરતા દર્શાવતી ચંદ્રપ્રભા બોલી: " તો પછી હવે મોડું કરો નહિ. કારણકે માત્ર અધઘડીમાં જ આ દિવાનખાનાનાં દ્વાર બંધ થશે અને દેવીની પૂજાનો આરંભ થશે; એટલા માટે અત્યારે જ આપણે નીકળી જઇએ પૂજા પૂરી થાય ત્યાં-સુધી આપણે અહીંથી જતાં રહ્યાં છીએ એ વાત કોઇના ધ્યાનમાં આવશે નહિ. ચાલો ત્યારે, મારી પાછળ."

" રાજકન્યા ! એટલી બધી ઉતાવળી ન થા." તેજસીગ બોલ્યો: " તારા ચહેરા ઉપરથી જો કોઇ આપણો ઇરાદો જાણી જશે, તો મોટો અનર્થ થઈ જશે."

" એમ ડરી જાઓ નહિ, હું તમને એવે માર્ગેથી લઇ જઇશ કે તે માર્ગની કોઇને ખબર જ પડે નહિ. તમારો સોબતી પણ આપ-ણી સાથે જ આવશે ને?" ચંદ્રપ્રભાએ ઉત્સુકતાથી પૂછ્યું.

" હા જો, કાંઇક બ્હાનું કાઢીને તે પોતાની સખી પાસેથી ખસી ગયો; પણ તને રસ્તાની તો બરાબર ખબર છે ને?" તેજસીંગે પ્રશ્ન કર્યો.

"હા, હા. જમીનની અંદર એક ભોંયરૂં છે તે હું જાણું છું. તેમાં થઇને આપણે નીડરપણે ચાલ્યા જઈશું." ચંદ્રપ્રભા બોલી:"પણ જો કોઇએ હરકત કરી તો પછી—"

"તો પછી આ અમારી તલવારો તેની ખબર લેવાને તૈયારજ છે!" તેજસીંગ બોલ્યો.

પછી તે બન્ને જણાં દિવાનખાનામાંથી બહાર નીકળ્યાં. એ વખતે દિવાનખાનામાંનું સર્વ મંડળ પૂરા બહારમાં આવી રહ્યું હતું, દાનસીંગ પણ ધીમેથી આવીને તેમને મળ્યો અને તે ત્રણે જણાં એક દાદર વાટે ઉતરીને ભોંયતળીએ આવી પહોંચ્યાં.

"અહીંસુધી તો આપણે નીડરપણે આવ્યાં, એમાં કાંઇ નવાઇ નથી. ભય તો હજી આગળ રહેલો છે." ચંદ્રપ્રભા બોલી. પછી તેણે દાદર પાસેનું એક ગુપ્ત દ્વાર ઉઘાડયું, તો તેની અંદર એક નાનો ગુપ્ત દાદર જોવામાં આવ્યો. ત્રણે જણાં અંદર ઉતર્યાં. ત્યાં એક દીવો હતો, તે દાનસીંગે હાથમાં લીધો અને પછી ત્રણે જણાં દીવાના પ્રકાશમાં ભોંયરાની અંદર આગળ ચાલવા લાગ્યાં. તેઓ લગભગ પચાસેક ડગલાં આગળ વધ્યાં હશે, એટલામાં મોટી મશાલોનો પ્રકાશ તેમની દૃષ્ટિએ પડયો. તે પ્રકાશ તરફ તેમની દૃષ્ટિ ગઈ, તેજ ક્ષણે "તેમને ફકત કેદ કરો; ઠાર મારતા નહિ; કાલિકાને **તેમનું બળિદાન આપવાનું** છે!" એવા કાલિકાપ્રસાદના ભયંકર શબ્દો તેમને કાને પડયા અને મ્હોં ઉપર બુરખા પહેરેલા દશ-બાર હથિયારબંધ જુવાનો એકદમ તેમની ઉપર તૂટી પડયા!

પ્રિય વાંચક આ વારતાનો અધુરો ભાગ તેજસીંગ અને દાનસીંગ એ નામની ચોપડીમાં વાંચશો.

સમાપ્ત.

વૈદ્યકનાં પુસ્તકો.

વૈદ્યકનાં પુસ્તકો સંસ્કૃત સાથે ગુજરાતી ટીકા સહિત.

૧૫૦૮ અષ્ટાંગહૃદય—(વાગભટ્ટ) ઉતરાર્ધ ગુજરાથી ટીકા ૬) ૦–૮

૧૫૦૯ આયુર્વેદ સુધાકર—આમાંસોનું રૂપ, ત્રાંબુ અભ્રક, પારો ગંધક, લોહાદિ ધાતુ શોધન મારણના ઘણા ઉપાયો સિદ્ધ હોવાથી ઉપયોગી છે. ૨॥ ૦-૪

૧૫૧૦ કાળજ્ઞાન—શરીરનાં કેટલાંક ચિન્હ ઉપરથી મૃત્યુ-ગ્નાય ત્વરીત થાય છે આથી ૬ માસ અગાઉ મૃત્યુ જાણી શકાય છે. ૦ા= ૦-૧

૧૫૧૧ ચરકસંહિતા—[પુરવાર્ધ] મુળ સહિ ગુજરાતી ટિકામાં પાકું પુઠું. ૫) ૦-૧૨

૧૫૧૨ નપુષકાનંદમંદાર—અથવા કામકુતુહલ ભા. ૧ લો જન્મથી તેમજ કેટલાક રોગોથી અથવા કેટલીક શારીરિક કુટેવોથી હીનવીર્ય (નપુષક) પણું પ્રાપ્ત થાય છે, તેવા દરદોની સંપૂર્ણ ચિકીત્સા તથા તેના ઉત્તમ અસકારક તથા સહેજમાં બની શકે તેવા ઉપાયો આપવામાં આવ્યા છે, આના ઉપાયો હીન-વીર્યોને નવું જીવન આપી શરીરને પુષ્ટ રાખે છે. પ્રત્યેક માણસે આવા દોષોથી દુર રહેવા આ પુસ્તક એક વખત વાંચવાની ખાસ જરૂર છે. ૧) ૦–૨

૧૫૧૩ નપુંષકાનંદમંદાર અથવા કામકુતુહલ—[ભાગ ૨ જો] નપુંષકતા અને કમતાકાતને દુર કરવાના અકસીર ઇલાજરૂપ પૌષ્ટીકપાકનું બ્યાન આ બીજા

ભાગમાં લખવામાં આવેલું છે. તેમજ મદનાંકુશની (ઈંદ્રિની) શીથીલતા, હસ્તકર્મના દોશ નાશ કરવાના તથા મદનાંકુશની વૃદ્ધિ સ્થુલતા કરવાના અને પ્રદર-નાશક, વિર્યસ્તંભનાદિના અનેક અનુભવિ પ્રયોગો સેહેલ્જમાં બની શકે તેવા તે સાથે ચુનાની દવાઓ પણ દાખલ કરવામાં આવેલ છે. તિલ્લ—લેપ પટી વગેરે અનેક ઉપયોગી બાબતોથી ભરપૂર આ લઘુ પુસ્તક પ્રકટ થયું છે. ૧। ૦—૨

૧૫૧૪ **નાડી જ્ઞાન તરંગિણિ તથા અનુપાન તરંગિણિ અને કાલજ્ઞાન**—આમાં નાડી સંબંધી અપૂર્વ જ્ઞાન આપવામાં આવ્યું છે શિવાય નાક, જીભ, નેત્ર, મળમુત્રાદિ પરિક્ષા, ચાંદી સોનાદિ ઘણી ધાતુઓનાં શોધન, મારણ વિધિ તેના ગુણ દોશ સહિત તથા સર્વ પ્રકારના વિષ (ઝેર) ના ઉપાઓ અપૂર્વ છે. કાળજ્ઞાનનો વિષય ઉત્તમ છે, ૨) ૦—૩

૧૫૧૫ **નાડીજ્ઞાન**—એક નાનું ઉપયોગી પુસ્તક. ૦।= ૦—૨

૧૫૧૬ **બોપદેવશતક**—બનીશકે તેવા ઉત્તમજ્વરગુતી ઉપાયો. ૦॥ ૦-૨

૧૫૧૭ **બોપદેવશતક**—મુળ શ્લોક સંસ્કૃત ટિકા તથા ગુજરાતી ટીકા એમ બે ટીકાઓ આપવામાં આવી છે પાકું પુઠું. ૧॥ ૦—૩

૧૫૧૮ **ભાવપ્રકાશ**—[ત્રણે ખંડ] વૈદકશાસ્ત્રનો આ પ્રાચીન ગ્રંથ છે. આમાં ઔષધીઓના ગુણદોષ, નિદાન, ચિકીત્સાદિનું વર્ણન અપૂર્વ હોવાથી વૈદક-શાસ્ત્રમાં પરમોત્તમ છે. બે ભાગમાં બાંધેલું છે. (મળતી નથી.)

૧૫૧૯ ભાવપ્રકાશ-પ્રથમખંડ-ગુજરાતી ટીકા સહિત જુજ પ્રતો શીલકે છે, પાકું પુઠું. ૬) ૦-૧૨

૧૫૨૦ મદનપાલનિઘંટ—મુળસહિત ગુજરાતીમાં આમાં વનસ્પતિ, શાકધાન્ય,પાણી, ફળ, માંસ આદિ ૬૭૪ વસ્તુના ગુણ દોષ વીગેરેની માહિતી આપવામાં આવી છે; વૈદ્યો તેમજ વનસ્પતિના ગુણ દોષ જાણવા ઇચ્છનારને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી છે પાકુ પુઠું. ૩) ૦-૬

૧૫૨૧ માધવનિદાન-વૈદકીય મતથી માધવનિદાનમાં શ્રેષ્ઠછે-૨ા૦-૬

૧૫૨૨ યોગચિન્તામણી—આ ગ્રંથ વૈદ્યવર્ય શ્રી હર્ષ સુરીએ વૈદ્યકના પ્રાચીન ગ્રંથોનું દોહન કરી રચેલો છે. જેથી તેનાદરેક ઉપાયો રામબાણ અને અસંત લાભદાયક છે; આમાં નાડી, મૂત્રપરીક્ષા, કાળજ્ઞાન. પાક બનાવવાની રીત, ચૂર્ણ, ગુટીકા, કવાથ તથા તૈલાદિ વિષયો તથા ગંધક, પારો, ચાંદી, સોનું લોહ, તામ્રાદિ શોધન મરણના ઉપાય, લેપ, મલમ આસવ, ડામનાપ્રકાર, આદિ ઘણા અકસીર ઉપાયો આપવામાં આવેલા હોવાથી આ વૈદ્યકનો સર્વોત્કૃષ્ઠ ગ્રંથ છે. ૨ા ૦-૪

૧૫૨૩ રસરત્ન સમુચ્ચય—આ રસભસ્માદિ સિદ્ધનું અદ્વીતીય પુસ્તક છે. આમાં ચાંદી, સોનું તાંબુ, પારદ, સીસું, લોહાદિ પ્રત્યેક ધાતુની શોધનમારણ વિધિ તથા તેના યંત્રોની સમજ અપૂર્વ છે. છપાય છે

૧૫૨૪ વૈદ્યજીવન-લોલીંબરાજ કૃત આ પુસ્તક નાનું પણ અનુભવ સિદ્ધ છે. વૈદ્યકીય મતથી લોલીંબરાજ એક પ્રમાણ વૈદક ગણાય છે. ૦ાા ૦-૨

૧૫૨૫ **વૈદ્યવલ્લભ** તથા **વૈદ્યવતંસ**—આમાં અનુભવી તથા અકસીર ૨૦૦ સાદા ઉપાયો આપવામાં આવ્યા છે કે સાધારણ માણસ પણ તે આજમાવી શકે તે ઉપરાંત આ પુસ્તકમાં શાક દૂધ ધાન્યાદિના ગુણદોષો પણ વર્ણવેલા છે. ০।। ০–૧

૧૫૨૬ **વૈદ્યામૃત**–વૈદ્યક વિષયમા આ ખરેખર અમૃત તુલ્ય છે.০।।।০–૧

૧૫૨૭ **વંધ્યાચીકીત્સા**-(વંધ્યાકલ્પ) વંધ્યત્વના અષ્ટ દોષો શાન્ત થઈ સુસન્તતી થવાના ઉપાયો આપવામાં આવ્યા છે.

૧૫૨૮ **સારંગધર સંહિતા**—મુળ શ્લોક સાથે ગુજરાતી ભાષાન્તર આ એક વૈદ્યક વિદ્યાનો સપ્રમાણ અને વિશ્વાસપાત્ર ગ્રંથ હોવાથી કોઇને કશી વાતનો ખુલાસો પુછવાની જરૂર રહેતી નથી. આમાં તરેહતરેહના પૌષ્ટિક પાકો અને તની રીત અનુપમ છે. ધંધાદારી વૈદ્યોનેજ નહિ પણ સંસારી ગૃહસ્થોને પણ પોતાનું જીવન સુખી અને તંદુરસ્ત રાખવા આની એક નકલ રાખવાની ખાસ જરૂર છે.

૧૫૨૯ **સુશ્રૃતસંહિતા**—આ ગ્રંથની યોગ્યતા ભારતવર્ષમાં પ્રસિદ્ધજ છે. વૈદ્યક વિષયનો આ સર્વથી પ્રાચીન ગ્રંથ છે. " **શરીરેસુશ્રુત પ્રોકત**" શરીરે સુશ્રુતાજ શ્રેષ્ટ ગણાયેલો છે. આ ગુપ્ત ખજાનો અનુભવથીજ મળશે, મોટું પુસ્તક. ૧૫) ૨–০

૧૫૩০ **હારીતસંહિતા**—નિદાન તથા ચિકિત્સા આમા અપૂર્વ છે. ૫) ০–૧૨

૧૫૩૧ હિતોપદેશ-વૈદ્યક ગ્રંથ જૈન પંડિત વર્ય શ્રીકંઠસૂરિ વિરચિત નાડી પરીક્ષા વીગેરે ઘણી ઉત્તમ છે. ટુંકામાં આ પુસ્તક ઘણું સારૂ અને અનુભવ સિદ્ધ છે. ૩ાા ૦-૬

વૈદ્યકનાં કેવળ ગુજરાતીમાં પુસ્તકો.

૧૫૩૨ અકસ્માત વખતે મદદ અને ઈલાજ—નામથીજ સમજાય છે. ૧)= ૦-૨

૧૫૩૩ અકસ્માત અને તેના તાત્કાલિક ઉપાય— ૧ા ૦-૨

૧૫૩૪ અકસ્માતમાં પ્રાથમિક મદદ— ૧ા ૦-૨

૧૫૩૫ અકસ્માતની પ્રશ્નાવલિ— ૧) ૦-૨

૧૫૩૬ અભિનવ વૈદકશાસ્ત્ર-ડા. કુન્હેનાં ધી ન્યુસાયન્સ ઓફ હીયેલીંગનું ભાષાન્તર ઔષધ કિંવા શસ્ત્ર પ્રયોગ વગર ગમે તેવા અસાધ્ય રોગ મટાડવાનું શાસ્ત્ર ઘણુંજ સીદ્ધ છે. ૩ાા ૦-૮

૧૫૩૭ અનુભવિ વૈદ્યકંગ્રથ—(સત્ય વૈદ્યક) લગભગ સોળ વરસનો મારો ખાસ અનુભવ આ પુસ્તકમાં દર્શાવ્યો છે. રે. જૈન ગંગારામ. ૨ાા ૦-૪

૧૫૩૮ અગ્નિમાંદ્ય-ડિસ્પેપ્સિઆ વિષે સંપૂર્ણ ચિકીત્સા ૦ાા ૦-૧

૧૫૩૯ અનંગરંગ અથવા રસિક રંગવિલાસ-આ પુસ્તકની રચના કોકશાસ્ત્ર રતિવિલાસ અમે અનંઘરંગ જેવા પ્રાચીન પુસ્તકો ઉપરથી સ્ત્રી પુરૂષો વાંચી શકે તેવી સરળ છે. આ પુસ્તકમાં ઘણા પ્રયોગો છે અને તે બધા નીતીને માર્ગે દોરાવનારા લાંબુ આયુષ્ય આપનાર જીવનને વધારનારા યુવાન સ્ત્રી-પુરૂષોના શરીરિક ધર્મ પ્રધાન રાખી ચર્ચાવેલા છે. ૧ા ૦-૨

૧૫૪૦ **અબળા સજીવન**—આપણા દેશમાંની સ્ત્રીઓના અકાલિક મૃત્યુના કારણો અને તેના ઉપાય. ०॥ ०-१

૧૫૪૧ **અમૃતસાગર અથવા પ્રતાપસાગર**—(સુધારા વધારા સાથે આવૃત્તિ) ખરેજ આ અમૃતસાગર અમૃતના સાગર સમાન છે. જેમ સાગરમાં અનેક તરંગો હોય છે તેમ આ અમૃતસાગર પણ ૨૫ તરંગો સહિત છે, સાગરમાં અનેક રત્નો હોય છે. તેમ આ અમૃત સાગરમાં પણ વિવિધ ઓસડો છે. સાગરમાં સ્વચ્છતા, જગતત જીવનપણું અને પાપ પખાળવાદિ ગુણો છે, તેમ અમૃતસાગરમાં સ્વચ્છ ગ્રન્થોના પ્રમાણુસહ નિદાન તથા ચિકિત્સાઓ છે. જગતજનોના રોગો મટાડી જીવન આપનાર છે, જેમાં શરીર મળને પખાળવાદિ ઉત્તમ ગુણો વિદ્યમાન છે-વિશેષ શું કહીએ, પણ આ ગ્રંથ ખાસ ખરીદવા યોગ્ય છે. ગીલ્ટનું સોનેરી પુંઠું, મોટા કદના ૪૪૦ પૃષ્ટ છતા ૪ ०-१०

૧૫૪૨ **અશ્વવૈદક**-એટલે ઘોડાનું વૈદુ—આ પુસ્તક જુદા જુદા સંસ્કૃત, મરાઠી, ફારસી અને ઇંગ્રેજી ગ્રંથો તેમજ અશ્વવિદ્યા પારંગત અનુભવિ ફ્રાયમેનોની સલાહથી લખવામાં આવ્યું છે. અશ્વવૈદક ઘણીજ સરળતાથી સમજાવ્યું છે, ગુજરાતી ભાષામાં ઘોડા ઉપયોગી આવું એક પુસ્તક નથી અક્ષર બાળબોધ છે. ૩) ०-८

૧૫૪૩ **અશ્વપરિક્ષા**—ઘોડાની પરચુરણ પરીક્ષા વીગેરે. ૧) ०-२

૧૫૪૪ **આયુષ્ય વધારવાનો ખરો કીમીયો**—ઉપયોગી સૂચના સંગ્રહ. ૧। ०-३

૧૫૪૫ **આંખ અને ચસ્મા**—નેત્ર જતન કેમ કરવું ? . ૧ા ૦-૧

૧૫૪૬ **આરોગ્યની કુંચી**-અથવા શારિરીક બાર ઔષધો હોમીયોપેથી (બાયો કેમીસ્ટ્રી) ના બાર ઔષધો અને તેના ઉપયોગ બરાબર બતાવવામાં આવ્યો છે. ૧ા ૦-૪

૧૫૪૭ **આર્ય ઔષધ**—ડાટકર વીરજી જીણા એલ, એમ! એન્ડ. એસ. કૃત. દેશી વિલાયતી વિષયો અપૂર્વ લખ્યા છે. (મળતી નથી)

૧૫૪૮ **આર્યભિષેક**—એટલે હિન્દુસ્તાનનો વૈદ્યરાજ વનસ્પતિના ગુણદોષનું પુસ્તક ૪) ૦-૧૨

૧૫૪૯ **આર્યાનાર્ય ઔષધ**—વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગો. વિંદજી કૃત. ૩) ૦-૬

૧૫૫૦ **આરોગ્યતા અને સ્વચ્છતા**—ઉપયોગી સુચનાઓનો સંગ્રહ. ૦ાા ૦-૨

૧૫૫૧ **આરોગ્યતાના મુળતત્વો**-આરોગ્યથી શું ફાયદો થશે.૦)৶૦-૧

૧૫૫૨ **આયુર્વેદાદિત્ય**—વૈદક સબંધી અસંખ્ય ઉપયોગી કવિતારૂપે. ૩ાા ૦-૮

૧૫૫૩ **ઇંદ્રિયવિજ્ઞાને શાસ્ત્રનાં મુળતત્વો**—મળતી નથી.

૧૫૫૪ **ઉષ્માનાં મુળતત્વો**—ગરમી અને તેના સિદ્ધાન્તો મળતી નથી.

૧૫૫૫ **ઉસ્માશાસ્ત્ર** ,, ,, ,,

૧૫૫૬ **ઔષધકોષ**-આમાં ઔષધિઓનાં ગુજરાતી, મરાઠી, હિન્દી; સંસ્કૃત, ઇંગ્રેજી, લેટીન, વિગેરે જુદી જુદી બાર ભાષાઓનાં નામ તેના ગુણદોષ, ઉપચાર, વર્ગ, જોગ રીમાર્ક તથા જુદી જુદી ભાષાની જુદી જુદી અનુક્રમણીકા આપવામાં આવી છે; જેથી કોઈપણ

ભાષા જાણનાર માણસ ગમે તે શબ્દ સહેલાઇથી શોધી શકે છે, (છપાય છે)

૧૫૫૭ અંગકસરત–શારિરીક વ્યાયામની માહેતી (મળતી નથી)

૧૫૫૮ કોલેરા— ૦)= ૦–૧

૧૫૫૯ ખાનપાન–ખાવાનાખોરાકનાગુણદોષઅનેચિકિત્સા. ૨॥ ૦–૫

૧૫૬૦ ખોરાક—ખાવાના ખોરાકના ગુણદોષ મળતી (નથી)

૧૫૬૧ ગરીબોનો વૈદ્ય—ગરીબો સારૂ સાદા ઔષધો. ૨॥ ૦–૫

૧૫૬૨ ગર્ભપોષણ અને સુવાવડ ૦॥= ૦–૨

૧૫૬૩ ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા–તંદુરસ્તી જાળવવા માટે. ૦॥ ૦–૨

૧૫૬૪ ગુપ્ત મનશક્તિની મહાન શોધો—ખરા બનેલા દાખલા સહિત. ૧) ૦–૨

૧૫૩૫ ઘરનો હકીમ અથવા વૈદક સંગ્રહ (મળતી નથી)

૧૫૬૬ ઘરનાં વપરાતી ચીજોનું રસાયન ૦|= ૦–૧

૧૫૬૭ ઘરવૈદુ—(ફેમિલી મેડિસીન) વૈદ્ય જટાશંકર લીલાધર કૃત વૈદ્યકનું સર્વમાન્ય પુસ્તક ઘણા ઉપયોગી વિષયોથી ભરપુર સચિત્ર પુસ્તક. ૬) ૦–૧૨

૧૫૬૮ ઘરનો છાલોપાલો—દુ:ખનો તરત વેળાનો ઉપાય. અકસ્માતસુસાફરીઅનેગેરહાજરીના વખતના ઇલાજોનું.૧) ૦–૨

૧૫૬૯ ઘરગથ્થુવૈદુ—પરચુરણ સર્વ વિષયનાં ૨૨૫ નુસખાં ૦। ૦–૨

૧૫૭૦ ઘરનો વૈદ—યાને ફેમીલી ડૉકટર. ૧। ૦–૩

૧૫૭૧ ચિકિત્સાબ્ધિ—વૈદ્ય શાસ્ત્રી મણીશંકર કૃત, ૪) ૦–૮

૧૫૭૨ છાલોપાલો અને મરીમસાલો—ફકીરી ટુચકા, હકીમી નુકશા, ઘરગતુ સસ્તા સારા સહેલા સુતરા દેશી ઉપાયોનો મોટો સંગ્રહ છે. (આવૃત્તિ ૪ થી) ૪) ૦–૮

૧૫૭૩ છોકરાનીઆરોગ્યતા-બચપણનીબરદાસ,દરદવિગેરે.૦ાા ૦–૧

૧૫૭૪ જુપાસંસારી દુઃખ હરદે—સ્ત્રી પુરૂષના જાતીના ભાગોની રચના કાર્ય તથા ભેદભરમોનો સાયન્ટીફીક ખુલાસો. ૪ાા ૦–૧૨

૧૫૬૫ જલોપચાર શાસ્ત્ર—ડા કુન્હેના પાણીથી મટાડવાના ઉપાય (મળતી નથી)

૧૫૭૬ જવરસાગર અથવા તાવસાગર વૈદક ગ્રંથ—આમાં સાદા ૪૦૦ ઉપચારો આપવા ઉપરાન્ત બીજી પણ માહિતી આપવામાં આવેલી હોવાથી ઘણું ઉપયોગી છે. ૧ા ૦–૨

૧૫૭૭ જીવનશાસ્ત્ર—શરીરની રચના, શરીરનું ઢાંકણ, આદિ વિષય. ૧ાા ૦–૩

૧૫૭૮ જીવનશાસ્ત્રના ગુપ્તભેદ—દા. પટેલ કૃત, ૪) ૦–૬

૧૫૭૯ જીવન રસાયન શાસ્ત્ર—અથવા વ્યાધિ હજાર પણ. ઔષધ બાર બાયો કેમીસ્ટ્રી (હોમીઓ પેથી) ૧ાા ૦–૩

૧૫૮૦ જંગલની જડીબુટ્ટી—ભા. ૧–૨–૩–૨–૪ જંગલની કેટલીક નજીવી ચીજોના ચમત્કારીક રામબાણ ઉપાયોજગરીબોના બેલી છે. આમાં તેવીજ સર્વ ઉપયોગી બુટીયો છે. ૩) ૦–૦

૧૫૮૧ જંગલની જડીબુટ્ટી—ભા. ૫ મો. ૧) ૦–૨

૧૫૮૨ ઝેરી ડંખથી થતા દુઃખના ઉપાય—(મળતી નથી)

૧૫૮૩ તનદુરસ્તી—અને તે સાચવવાનાં સાધનો . ડા. ધનજી કૃત. ૧ા ૦–૪

૧૫૮૪ **ત્વકદોષ નિરૂપણ**—ભયંકર રોગોનાં મલમપટાનાં ખાસ અનુભવેલા ઉપાયો આપવામાં આવ્યા છે. ચામડીના ગડગુમડાદી દરદો માટે આ ખાસ ઉપયોગી છે. ૩) ૦–૪

૧૫૮૫ **દર્દીની સારવાર**—ડાકટર ધનજીભાઇ કૃત, ૧) ૦–૩

૧૫૮૬ **દરેક માણસ જાતે વૈદ**—(હોમીયોપેથીની) ૧) ૦–૪

૧૫૮૭ **દૃષ્ટિસંરક્ષણ**—એટલે નેત્ર દૃષ્ટિ તેની રચના તથા તેનું સંરક્ષણ. ૦ll ૦–૧

૧૫૮૮ **દારૂ અને તેની તન મન ધન ઉપર અસર**—૦lll ૦–૩

૧૫૮૯ **દાયણ**—મેન્યુઅલ ઓફ મીડ વાયફરી ઉપરથી ૧) ૦–૩

૧૫૯૦ **દીર્ઘાયુષ અથવા લાંબીજીંદગીયે કેમપહોંચવું**—૧) ૦–૩

૧૫૯૧ **દીર્ઘાયુષ શો રીતે થવાય**—શીખામણનું ઉપયોગી પુસ્તક. ૨) ૦–૫

૧૫૯૨ **દંપતીસુત્ર**—અથવા વર વધુને ખાનગી સલાહ(મળતી નથી)

૧૫૯૩ **ધાત્રીશીક્ષા**—(મીડ વાઇફરી) ગર્ભીણી, સુવાવડી, અને બાળકની માવજત વિષેમાહિતી ઘણીજ સરળ છે. ૩) ૦–૯

૧૫૯૪ **નવીનવૈધવિદ્યા**—અથવા ઔષધ કિંવા શસ્ત્રપયોગ વિના રોગ મટાડનાર શાસ્ત્ર કુન્હે કૃત ગુજરાતીમાં આમાં બાફ, પાણી અને સૂર્યના તાપથી તમામ રોગ સાધ્ય તેમજ અસાધ્ય મટાડવાની ક્રિયા લખવામાં આવી છે. આમાં જણાવેલા નીયમ પ્રમાણે વર્તનાર હમેશાં તન્દુરસ્ત રહી શકે છે. ૫) ૦–૮

૧૫૯૫ **ન્યાયવૈદક**— ૩) ૦–૮

૧૫૯૬ **નુતન જીવશાસ્ત્ર**—ભા. ૧–૨ ૩) ૦–૬

૧૫૯૭ **નિઘંટ સંગ્રહ**—કતાભટ વિરચિત (મળતી નથી)

૧૫૯૮ **નિર્બળતા**—નિર્બળતાની ચિકિત્સા. ૦॥ ૦–૨

૧૫૯૯ **પકવાનપોથી**—વેજીટેબલ કુકરી શાકપાક પકવાનના વિષય. ૨॥ ૦–૨

૧૬૦૦ **પશુચિકિત્સા**—અથવા ગાયો, ભેંસો, ઘોડા, ગધેડાં, ઘેટાં, બકરાં વિગેરે પશુઓને થતા રોગો થવાનાં કારણો, છે. ગ્લેજ કાગળ પાકું પુંઠું હોવા છતાં. ૨॥ ૦–૪

૧૬૦૧ **પશુ વૈદકશાસ્ત્ર**—ડા હરખચંદકૃત. (મળતી નથી)

૧૫૦૨ **પશુઓના ઔષધોનું શાસ્ત્ર**— ૧) ૦–૨

૧૬૦૩ **પદાર્થ વિજ્ઞાન**—ભૌકતીક વિદ્યાના મુળતત્વો. ૦।≈ ૦–૧

૧૬૦૪ **પ્રાથમિક મદદ કરનારને શિક્ષણ**— ૧। ૦–૩

૧૬૦૫ **પુરૂષશાસ્ત્ર**—ડા. પટેલ કૃત. ૪) ૦–૮

૧૬૦૬ **પુરૂપ અને સ્ત્રીમાં નપુંસકપણું**— ૨) ૦–૩

૧૬૦૭ **પ્લેગ અથવા મરકી**—અને તેનાં કારણો તથા અનુભવ સિદ્ધ ઊપાયો. ૦॥ ૦–૧

૧૬૦૮ **પ્રેકટિસ ઓફ મેડીસીન** અથવા ઔષધોનો અનુભવ કર્તા ગુજરાતી મેટિરિયા મેડિકાના લેખક, કવિ ર. મ. ચાલુ સમયના વૈદવીદ્યા પારગંત વિદ્વાનોએ લાંબી શોધના અંતે એવું સિદ્ધ કર્યું છે કે " જ્યારે કેટલાક દરદો ટાળવાને અનાર્ય (અંગ્રેજી) ઔષધો અપૂર્વ છે ત્યારે વળી કેટલાક દરદો માટે આર્ય (સ્વદેશી) ઔષધો બીનહરીફ છે અને તેથી જેઓ વૈદકીય ધંધામાં પૂર્ણ કુશળતા ધરાવવાને ઈચ્છતા હોય તેમણે દેશીવિદેશી બન્ને પુર્ણપણે જાણવાની ખાસ અગત્ય છે. "
કદ રોયલ આઠ પેજી ૧૧૦૦ પૃષ્ટ. ૯) ૧ ૦

૧૬૦૯ પોકેટ પ્રીસ્ક્રાઇબર—આમાં તમામ દરદો ઉપર અંગ્રેજી અનુભવિક ઉપચારો તૈયાર આપેલા છે. ભા૧-૨૫)૦-૧૨

૧૬૧૦ પોતાનું પોતેજવૈદ—અનુભવેલા ઇલાજોનો સંગ્રહ ૦II ૦-૨

૧૬૧૧ બ્રહ્મચર્ય-તેનું પાલણ અને ઉપયોગીતા. ૦I ૦-૧

૧૬૧૨ બાળમરણ— ૦) =II ૦-૧

૧૬૧૩ બાળવ્યાધિ-અને તેના ઉપચારો ઇંગ્રેજી ઉપચારો ના તૈયાર ડમઝ આપેલા છે, ૪) ૦-૬

૧૬૧૪ બાળરક્ષણ— ૨II ૦-૫

૧૬૧૫ બાળકની માવજત અને કેળવણી—ઘણા ઉપયોગી વિષયોથી ભરપુર ખાસ રાખવા યોગ્ય છે. ૨) ૦-૫

૧૬૧૬ બાળકોનોવૈદ-બાળરોગ તેની ચિકીત્સા અને ઉપાય. ૨II ૦-૫

૧૬૧૭ બાળલગ્ન—એક નિબંધ. ૦) ▪ ૦-૧

૧૬૧૮ બંધકોષ અને તે ટાળવાના સહેલા ઉપાય—(કબજીયત) ૦I= ૦-૧

૧૬૧૯ મરજી પ્રમાણે બાળક—એક મહાન શોધ. ૨) ૦-૫

૧૬૨૦ મળાવરોધ—(કબજીત સંપૂર્ણ માહીતી અને ઇ. ૦II ૦-૧

૧૬૨૧ મરકીવિષે ભાષણ— ૦)= ૦-૧

૧૬૨૨ મરણોતર પરિક્ષા— ૧III ૦-૩

૧૬૨૩ માંદાની માવજત વૈદકીય ઉપયોગીતાનું પુસ્તક. ૦)≡ ૦-૧

૧૬૨૪ માને શિખામણ—બચ્ચું ઉછેરવા સબંધી. ૦II ૦-૧